# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
વિક્કી, તૃપ્તિ અને એમીની ત્રિપુટી બેડ ન્યૂઝ ફિલ્મમાં જોવા મળશે





પેજ-09
'હું હંમેશા RCBમાં રહીશ', IPL 2024 પહેલા વિરાટ કોહલીનું ભાવુક નિવેદન


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 21.00 |
| વડોદરા | 37.00 | 21.00 |
| સુરત | 37.00 | 23.00 |




પેજ 5 — સોનાની કીંમતોમાં તેજી, ચાંદીમાં ઘટાડો, 24 કેરેટ ગોલ્ડનો લેટેસ્ટ...


21 MARCH-2024 THURSDAY




પુટિનની જીત પર લોકો ચિંતિત:પુટિન ફરી રાષ્ટ્રપતિ બન્યા પછી યુક્રેનમાં... — પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 72101.69 | ▲ | 089.64 |
| નિફ્ટી | 21839.10 | ▲ | 021.65 |
| સોનું | 65,724.00 | ▲ | 141.00 |
| ચાંદી | 75,311.00 | ▲ | 024.00 |


વર્ષ-13 । અંક-126 । વિક્રમ સંવત-2080 । ફાગણ સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




દેશમાં આજે સવા લાખ સ્ટાર્ટઅપ, આ ક્ષેત્રનું ભાવિ યુવાનોના હાથમાં

### મોદીએ ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભનું કર્યું ઉદ્ઘાટન

# આખી દુનિયા ભારતની યુવા શક્તિની ક્ષમતા જોઈ રહી છે: વડાપ્રધાન મોદી

**નવી દિલ્હી, તા. 20**


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સ્ટાર્ટઅપ મહાકુંભનું ઉદ્ઘાટન કર્યું છે. આ દરમિયાન તેમણે કાર્યક્રમને સંબોધિત પણ કર્યો હતો. સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે, "સ્ટાર્ટઅપ મહાકુંભનું એવા સમયે ઘણું મહત્વ છે જ્યારે આપણે 2047ના વિકસિત ભારતના રોડમેપ પર કામ કરી રહ્યા છીએ. આજે સમગ્ર વિશ્વ ભારતની યુવા શક્તિની ક્ષમતા જોઈ રહ્યું છે. ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિનું નેતૃત્વ યુવાનોના હાથમાં છે. આ સંભવિતતા પર આધાર રાખીને, દેશે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બનાવવાની દિશામાં ઘણા પગલાં લીધાં છે. ભારતમાં આજે 1.25 લાખ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ છે.

#### દેશ પાસે 110 યુનિકોર્ન છે : મોદી

PMએ કહ્યું કે, 'આજે ભારત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. ભારતમાં આજે 1.25 લાખ નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ છે. લગભગ 12 લાખ યુવાનો તેમની સાથે સીધા જોડાયેલા છે. અમારી પાસે 110 યુનિકોર્ન છે. સ્ટાર્ટઅપે 12000 પેટન્ટ ફાઈલ કરી છે.

#### હું AIની મદદ લઉં છું: મોદી

PM મોદીએ સ્ટાર્ટઅપ મહાકુંભમાં કહ્યું કે, 'હવે આપણે AI ટેક્નોલોજી સાથે જોડાયેલા નવા યુગમાં છીએ. હું AIની ઘણી મદદ લઉં છું, જ્યારે ચૂંટણી પ્રચારમાં ભાષાનો અવરોધ આવે છે, ત્યારે હું દરેક ભાષામાં મારો સંદેશ લોકો સુધી પહોંચાડવા માટે AIની મદદ લઉં છું.



## સાંસદ દાનિશ અલીએ કોંગ્રેસનો હાથ પકડ્યો

પટણા : લોકસભા ચૂંટણી પહેલા પાર્ટીઓમાં ઊથલપાથલ ચાલી રહી છે. અમરોહાના લોકસભા સાંસદ દાનિશ અલી કોંગ્રેસમાં જોડાયા છે. દાનિશ અલી એક સમયે બહુજન સમાજ પાર્ટીનો મહત્વનો ભાગ હતા. ડિસેમ્બર 2023 માં, BSP વડા માયાવતીએ દાનિશ અલીને પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓને કારણે પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા. દાનિશ અલી માયાવતીની પાર્ટીના અગ્રણી નેતાઓમાંના એક હતા. અગાઉ, કોંગ્રેસ સાથે તેમની વધતી જતી નિકટતાને તેમની હકાલપટ્ટીનું કારણ માનવામાં આવતું હતું.



## પપ્પુ યાદવની પાર્ટીનું કોંગ્રેસમાં વિલય

પટણા : : લોકસભા ચૂંટણી પહેલા બિહારના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. પપ્પુ યાદવની જન અધિકારી પાર્ટી કોંગ્રેસમાં ભળી ગઈ છે. બિહાર કોંગ્રેસના અધ્યક્ષ અખિલેશ સિંહ આ રાજકીય ઘટનાક્રમથી નારાજ હોવાનું કહેવાય છે. બિહાર પ્રભારી મોહન પ્રકાશે તેમના ગુસ્સાને દૂર કરવા માટે બેઠક બોલાવી છે. કહેવામાં આવી રહ્યું છે કે અખિલેશ પ્રસાદ સિંહને ખબર ન હતી કે પપ્પુ યાદવ કોંગ્રેસમાં જોડાઈ રહ્યા છે. તેમણે અગાઉ પણ આનો વિરોધ કર્યો હતો. કોંગ્રેસના નેતા પવન ખેડાએ કહ્યું કે 'જન અધિકાર પાર્ટી' અને પપ્પુ યાદવને કોઈ પરિચયની જરૂર નથી.



## કર્ણાટકના ઈશ્વરપ્પાનો ભાજપ સામે બળવો

બેંગલુરુ : કર્ણાટકના પૂર્વ ડેપ્યુટી સીએમ ઈશ્વરપ્પાએ પૂર્વ સીએમ યેદિયુરપ્પા પર પરિવારવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. 13 માર્ચે ભાજપે કર્ણાટકમાં લોકસભા ચૂંટણી માટે તેની બીજી યાદીમાં 20 ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી, જેના પછી પાર્ટીમાં વિરોધના અવાજો ઉઠવા લાગ્યા છે. પૂર્વ ડેપ્યુટી સીએમ કેએસ ઈશ્વરપ્પા હાવેરી લોકસભા સીટ પરથી તેમના પુત્ર કેઈ કંટેશ માટે ટિકિટ માંગી રહ્યા હતા, પરંતુ પાર્ટીએ પૂર્વ સીએમ બસવરાજ બોમાઈને ઉમેદવાર બનાવ્યા.

# ચૂંટણી કમિશનરની નિમણૂકમાં જજ જરૂરી નથી, ચૂંટણી પંચ સ્વતંત્ર સંસ્થા

### કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું પેનલમાં જજ હોય ત્યારે જ કમિશન સ્વતંત્ર હોય તે જરૂરી નથી

**નવી દિલ્હી, તા. 20**

કેન્દ્ર સરકારે બુધવારે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને અન્ય ચૂંટણી કમિશનરો (EC)ની નિમણૂક કરવાના નવા કાયદા અંગે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્ર સરકારે કહ્યું- આ દલીલ ખોટી છે કે જ્યારે જજને પસંદગી પેનલમાં સામેલ કરવામાં આવશે ત્યારે જ પંચને સ્વતંત્રતા મળશે. ચૂંટણી પંચ એક સ્વતંત્ર સંસ્થા છે. અરજીનો હેતુ માત્ર રાજકીય વિવાદ ઉભો કરવાનો છે. સુપ્રીમે નવા કાયદાને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી છે. આ અરજી કોંગ્રેસ કાર્યકર જયા ઠાકુરે દાખલ કરી છે. 12 જાન્યુઆરીએ આ અરજી પર સુનાવણી કરતી વખતે બેન્ચે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો હતો.



**વિપક્ષે નવા કાયદા સામે વાંધો ઉઠાવ્યો હતો :** વિરોધ પક્ષોએ કહ્યું કે સરકાર બંધારણીય બેંચના આદેશ વિરુદ્ધ બિલ લાવીને સુપ્રીમ કોર્ટને નબળી બનાવી રહી છે. અગાઉ, સુપ્રીમ કોર્ટે માર્ચ 2023માં એક આદેશમાં કહ્યું હતું કે CECની નિમણૂક વડાપ્રધાન, ભારતના મુખ્ય ન્યાયાધીશ અને વિપક્ષના નેતાની સલાહ પર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે.

**નવો કાયદો સુપ્રીમના નિર્ણયનું ઉલ્લંઘન કરે છે :** જયા ઠાકુરે અરજીમાં આરોપ લગાવ્યો છે કે કલમ 7 અને 8 મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીના સિદ્ધાંતનું ઉલ્લંઘન છે કારણ કે ચૂંટણી પંચના સભ્યોની નિમણૂક માટે સ્વતંત્ર મિકેનિઝમની જોગવાઈ કરતી નથી. કાયદો સુપ્રીમના માર્ચ 2023ના નિર્ણયને ઉથલાવી નાખવા માટે બનાવાયો હતો.

## લોકસભા ચૂંટણીને કારણે સ્થગિત થઇ UPSC પરીક્ષા


**નવી દિલ્હી, તા. 20**

લોકસભા ચૂંટણી 2024ને કારણે, યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સર્વિસસની પ્રિલિમિનરી પરીક્ષા સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. લોકસભા ચૂંટણીના શેડ્યૂલ જાહેર થયા પછી, UPSCએ upsc.gov.in પર એક નોટિસ જારી કરી છે. ચૂંટણી પંચે ગયા શુક્રવારે લોકસભા ચૂંટણી 2024નું શેડ્યૂલ જાહેર કર્યું હતું. લોકસભાની ચૂંટણી 19 એપ્રિલથી 1 જૂન સુધી સાત તબક્કામાં યોજાશે. 4 જૂને મતગણતરી થશે. જ્યારે યુપીએસસીની પરીક્ષા 26 મેથી શરૂ થવાની હતી. યુપીએસસીએ આ દરમિયાન લેવાનારી પરીક્ષાને સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

## સદગુરુ જગ્ગી વાસુદેવની મગજની જટિલ સર્જરી કરાઈ : હોસ્પિટલમાં દાખલ

**નવી દિલ્હી, તા. 20**

ઈશા ફાઉન્ડેશનના સ્થાપક અને આધ્યાત્મિક ગુરુ સદગુરુ જગ્ગી વાસુદેવની મગજની સર્જરી થઈ છે. સદગુરુ છેલ્લા ચાર અઠવાડિયાથી માથાના દુઃખાવાથી પીડાઈ રહ્યા હતા. પીડાની તીવ્રતા હોવા છતાં, તેમણે તેમના સામાન્ય દૈનિક સમયપત્રક અને સામાજિક પ્રવૃત્તિઓ ચાલુ રાખી અને 8 માર્ચ 2024 ના રોજ મહા શિવરાત્રીની ઉજવણી પણ કરી. સદગુરુએ મગજની સર્જરી પછી એક વીડિયો સંદેશ જાહેર કર્યો અને કહ્યું કે મગજની સર્જરી પછી તેમની સ્થિતિ સારી છે. 15 માર્ચે જ્યારે તેમની સ્થિતિ વધુ ખરાબ થઈ ત્યારે તેમણે દિલ્હીની ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલના સિનિયર કન્સલ્ટન્ટ ન્યુરોલોજિસ્ટ ડૉ. વિનીત સૂરીનો બપોરે 3:45 વાગ્યે ટેલિફોન પર સંપર્ક કર્યો. ડૉ. સુરીએ તરત જ સબ-ડ્યુરલ હેમેટોમાની શંકા કરી અને તાત્કાલિક એમઆરઆઈ કરવાનો આદેશ આપ્યો.








### વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કર્યો

## પ્રતાડિત હિન્દુઓને ભારતીય નાગરિકતા આપવાનો વિરોધ



**નવી દિલ્હી, તા. 20**

સુપ્રીમ કોર્ટ સમક્ષ નાગરિકતા સંશોધન અધિનિયમ, 2019ની માન્યતાને પડકારતી અરજીઓની તાજેતરની સુનાવણી દરમિયાન, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કાયદા અને તેની સંબંધિત નાગરિકતા હેઠળ બલૂચિસ્તાનના હિંદુઓને નાગરિકતા આપવા અંગે આશંકા વ્યક્ત કરી હતી. જયસિંહ નાગરિકતા આપવાની સંભવિત અસરોની ખાસ કરીને મતદાનના અધિકારોને લઈ ચિંતિત જણાય હતા. બલૂચિસ્તાન હિન્દુ પંચાયતનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ રણજિત કુમારે જયસિંહની દલીલોનો વિરોધ કરતા કહ્યું કે, ડિસેમ્બર 2014 પહેલા ભારતમાં પ્રવેશેલા બલૂચિસ્તાનના પ્રતાડિત હિંદુઓને નાગરિકતા આપવાથી અન્યના અધિકારોનું ઉલ્લંઘન ન થવું જોઈએ. આ કેસમાં અરજદારોમાંના એકનું પ્રતિનિધિત્વ કરતા શ્રીમતી જયસિંહે તેમની દલીલ ચાલુ રાખતા કહ્યું, "તેમને મત આપવાનો અધિકાર મળશે. જયસિંહે કોર્ટને વિનંતી કરી કે જ્યાં સુધી કેસનો અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી નાગરિકતા આપવા પર રોક લગાવવામાં આવે અથવા આપવામાં આવેલી નાગરિકતા કોર્ટમાં નિયમોને પડકારતી ચાલી રહેલી અરજીઓના નિર્ણયને આધીન રહે.

### કેજરીવાલને કોર્ટનો સવાલ

## સમન્સ છતાં પૂછપરછ માટે હાજર કેમ નથી થતા?



**નવી દિલ્હી, તા. 20**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દારૂ કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને અત્યાર સુધી 9 સમન્સ મોકલ્યા છે, પરંતુ સીએમ ED સમક્ષ હાજર થયા નથી. કેજરીવાલે EDના સમન્સને ગેરકાયદે ગણાવીને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો છે. કેજરીવાલની અરજી પર બુધવારે કોર્ટમાં સુનાવણી થઈ હતી. જો કે અરવિંદ કેજરીવાલને કોર્ટમાંથી રાહત મળી નથી. હાઈકોર્ટે પૂછ્યું કે, કેજરીવાલ સમન્સ પાઠવ્યા છતાંય કેમ હાજર નથી રહેતા? તમને ED સમક્ષ હાજર થવાથી શું રોકી રહ્યું છે? કોર્ટમાં અરવિંદ કેજરીવાલ વતી એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ દલીલો કરી હતી. દિલ્હી હાઈકોર્ટે પૂછ્યું કે તમે સમન્સ પર કેમ હાજર ન થયા. આ અંગે કેજરીવાલના વકીલ સિંઘવીએ કહ્યું કે આ કેસમાં 9 સમન્સ જારી કરાયા છે. અમે બધાના જવાબો દાખલ કર્યા. અમે કહ્યું છે કે અમે વર્ચ્યુઅલ રીતે જવાબ આપવા માટે તૈયાર છીએ. સિંઘવીએ વધુમાં કહ્યું કે, હાજર થવામાં અમને કોઈ સમસ્યા નથી, પરંતુ થોડી સુરક્ષાની જરૂર છે. સિંઘવીએ એજન્સીને પૂછ્યું કે શું દિલ્હીના સીએમને સાક્ષી તરીકે બોલાવવામાં આવી રહ્યા છે કે આરોપી તરીકે.

### સુપ્રીમ કોર્ટે સુનાવણી માટે એક પીઆઈએલ લિસ્ટેડ કરવા પર સહમતિ આપી

# મફતની રેવડી ઓફર કરતાં પક્ષો પર હવે સકંજો...

## સુપ્રીમ સુનાવણી માટે તૈયાર

**નવી દિલ્હી, તા. 20**

સુપ્રીમ કોર્ટે ગુરુવારે સુનાવણી માટે એક પીઆઈએલ લિસ્ટેડ કરવા પર સહમતિ આપી દીધી છે. આ પીઆઈએલ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી દરમિયાન મફતની રેવડી એટલે કે મફત ભેટ કે યોજનાઓનો લાભ આપવાનો વાયદો કરવાની પ્રથા વિરુદ્ધ દાખલ થઈ હતી. ઉલ્લેખનીય છે કે 19 એપ્રિલથી લોકસભા ચૂંટણી શરૂ થવાની છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે બુધવારે કહ્યું કે આ જરૂરી છે અને અમે આ મામલે કાલે સુનાવણી ચાલુ



રાખીશું. પીઆઈએલ દાખલ કરનાર અશ્વિની ઉપાધ્યાય વતી હાજર વરિષ્ઠ વકીલ વિજય હંસારીયાએ દલીલ કરી કે અરજી પર લોકસભા ચૂંટણી પહેલા સુનાવણી જરૂરી છે. તેના પર ટોચની કોર્ટે તૈયારી બતાવી હતી.

### PILમાં શું માગ કરાઈ

અરજીમાં રાજકીય પક્ષોના મફતની રેવડી સંબંધિત નિર્ણયોને બંધારણની કલમ 14, 162, 266 (3) અને 282 નું ઉલ્લંઘન ગણાવાયા છે. અરજીમાં ચૂંટણી પંચને આવા રાજકીય પક્ષોના ચૂંટણી ચિહ્ન જપ્ત કરવા અને રજિસ્ટ્રેશન કરવાનો નિર્દેશ આપવાની માગ કરાઈ છે. અરજીમાં દાવો કરાયો છે કે રાજકીય પક્ષો ખોટા લાભ લેવા માટે બેફામ રીતે કે પછી તર્કહીન વાયદાઓ કરે છે અને મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરે છે જે લાંચ અને અયોગ્ય પ્રભાવ સમાન બાબત છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે રાષ્ટ્રીય રક્ષા મહાવિધાલયના અધિકારીઓ

**ભારતીય સેનાની ત્રણેય પાંખના ઉચ્ચ અધિકારીઓ, સિવિલ સર્વિસીસના ઉચ્ચ અધિકારીઓ તથા મિત્ર દેશોની સેનાના અધિકારીઓ આ મહાવિધાલયમાં તાલીમ મેળવે છે. ગુજરાતની સ્ટડી ટુર પર આવેલા નેશનલ ડિફેન્સ કોલેજના તાલીમાર્થીઓમાં જાપાન, શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશના અધિકારીઓ પણ હતા**

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગુજરાતની સ્ટડી ટુર પર આવેલા રાષ્ટ્રીય રક્ષા મહાવિદ્યાલય - નેશનલ ડિફેન્સ કોલેજના અધિકારીઓએ આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી હતી. વિશેષતઃ કૃષિ અને સહકાર ક્ષેત્રના અભ્યાસ અર્થે આવેલા ત્રણેય સેનાના ઉચ્ચ અધિકારીઓની ટીમ સાથે રાજ્યપાલ આચાર્ય દેવ્રતએ ભારતની કૃષિ પદ્ધતિથી લઈને પ્રાકૃતિક કૃષિ સંદર્ભે વિસ્તૃત વાત કરી હતી. ભારતીય સેનાના મેજર જનરલ એસ. નાગરના નેતૃત્વમાં આવેલા નેશનલ ડિફેન્સ કોલેજના અધિકારીઓને સંબોધતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું હતું કે, કૃષિમાં આત્મનિર્ભર થવા ભારતમાં હરિત ક્રાંતિ થઈ, તે વખતે કૃષિ વૈજ્ઞાનિકોએ એક હેક્ટરમાં 13 કિલો રાસાયણિક ખાતર નાખવાની ભલામણ કરી હતી. આજે એક એકરમાં 13 ગુણી રાસાયણિક ખાતર નાખવું પડે છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના અંધાધુંધ ઉપયોગથી ધરતી વેરાન થઈ ગઈ છે. ભારતે રાસાયણિક ખેતી છોડીને પુન પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવી પડશે તો જ ધરતીની ફળદ્રુપતા પાછી આવશે અને ખેત ઉત્પાદનો પૌષ્ટિક-સ્વાસ્થ્યપ્રદ બનશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની વૈજ્ઞાનિક માહિતી આપતું સ્વાલિખિત પુસ્તક સૌ અધિકારીઓને ભેટ આપ્યું હતું અને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિની વિગતવાર જાણકારી આપી હતી. રાષ્ટ્રીય રક્ષા મહાવિદ્યાલય રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં સલાહ આપે છે અને સંશોધનો કરે છે. ભારતીય સેનાની ત્રણેય પાંખના ઉચ્ચ અધિકારીઓ, સિવિલ સર્વિસીસના ઉચ્ચ અધિકારીઓ તથા મિત્ર દેશોની સેનાના અધિકારીઓ આ મહાવિદ્યાલયમાં તાલીમ મેળવે છે. ગુજરાતની સ્ટડી ટુર પર આવેલા નેશનલ ડિફેન્સ કોલેજના તાલીમાર્થીઓમાં જાપાન, શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશના અધિકારીઓ પણ હતા. તમામ અધિકારીઓ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના કૃષિ ક્ષેત્રના અભ્યાસ પૂર્ણ માર્ગદર્શનથી અત્યંત પ્રભાવિત થયા હતા.

### લોકસભા સામાન્ય ચૂંટણી-2024

# ચૂંટણી ખર્ચ દેખરેખ-નિયંત્રણ માટે ફ્લાઈંગ સ્કવોડ્સ દ્વારા રાજ્યમાંથી કુલ રૂ.5.92 કરોડની વસ્તુઓ જપ્ત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

લોકસભાની સામાન્ય ચૂંટણી-2024 તથા વિધાનસભાની પેટાચૂંટણી સંદર્ભે ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના નેતૃત્વમાં રાજ્યભરમાં સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ આદર્શ આચારસંહિતાની ચુસ્ત અમલવારી, ચૂંટણી ખર્ચ નિરિક્ષણ તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા વિવિધ ટીમો કાર્યરત થઈ ગઈ છે. લોકસભાની 26 બેઠકો માટેની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્દેશિત તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે અને પ્રતિબિંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઈંગ સ્કવોર્ડ કાર્યરત છે. આ ટીમો દ્વારા અત્યાર સુધીમાં રૂ.1.35 કરોડની કિંમતનો 39,584 લીટર દારૂ, રૂ.2.28 કરોડની કિંમતનું 3.41 કિલો સોનું અને ચાંદી તથા મોટરકાર, મોટર સાઈકલ અને અખાદ્ય ગોળ સહિતની રૂ.2.27 કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ.5.92 કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે. રાજ્યનો કોઈપણ નાગરિક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી C-Vigil (સી-વીજીલ) મોબાઈલ ઍપ પર તા.16/03/2024થી તા.20/03/2024 સુધી કુલ 218 ફરિયાદો મળી છે. ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર આ તમામ ફરિયાદોનો તાત્કાલિક અસરથી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે. National Grievance Services Portal પર તા.16/03/2024થી આજદિન સુધી મતદાર ઓળખપત્ર (EPIC) અંગેની 942, મતદાર યાદી સંબંધી 68, મતદાર કાપલી સંબંધી 20 તથા અન્ય 321 મળી કુલ 1,351 ફરિયાદો મળી છે. આ ઉપરાંત, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે કાર્યરત કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર ઉપર તા.16/03/2024થી આજદિન સુધીમાં કુલ 08 ફરિયાદો મળી છે.

## ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ત્રણ વિધાનસભા મત વિભાગના નિયત થયેલ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લેતાં જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવે



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ત્રણ વિધાનસભા મત વિભાગોની મુલાકાત ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ લીધી હતી. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કરવા માટે તંત્ર સક્રિય બની ગયું છે. આજે ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દવેએ ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ૫૫ સાબરમતી, ૪૫- નારણપુરા તથા ૪૧ ઘાટલોડિયા વિધાનસભા મતવિભાગોના નિયત થયેલ સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી અને અહીં સુનિશ્ચિત થયેલ વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમજ આ સંદર્ભે યોગ્ય માર્ગદર્શન અધિકારી- કર્મચારીઓને આપ્યું હતું. આ મુલાકાત સમયે ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પાર્થ કોટડિયા અને ચૂંટણી મામલતદાર ડૉ. આર.કે.પટેલ સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લીમખેડા હસ્તેશ્વર હડપ નદીના કિનારે આવેલ મહાદેવ મંદિરે આમલી અગિયારસ નો જબરદસ્ત મેળો ભરાયો

**આમલી અગિયારસના મેળાની સાથે જ લીમખેડા પંથકમાં હોળીના તહેવારની શરૂઆત થાય છે ફાગણ સુદ અગિયારસના દિવસે લીમખેડા ના મોટા હાથીદરા સ્થિત હસ્તેશ્વર મહાદેવ મંદિરના પ્રાગણમાં પ્રતિ વર્ષ આમળી અગિયારસનો મેળો યોજાય છે**

દિપક રાવલ - લીમખેડા દાહોદ



લીમખેડાના હસ્તેશ્વર મહાદેવ મંદીરના મેદાનમાં ભરાયેલા પરંપરાગત મેળામાં હજારોની સંખ્યામા લોકો ઉમટ્યાં લીમખેડા ખાતે આવેલા પૌરાણિક હસ્તેશ્વર મહાદેવ મંદિરના મેદાનમાં આમલી અગિયારસનો મેળો ભરાયો હતો, વર્ષોથી ભરાતા પરંપરાગત મેળામા હજારોની સંખ્યામાં લોકો મેળા ઉમટી પડ્યા હતા, મેળા રસિકોએ વિવિધ પ્રકારના ચકડોળોમાં બેસી તથા જાદુગરના ખેલ જોઈ ભારે મોજ માણી હતી. કલાકો સુધી મેળામાં ફરી શેરડી ખરીદી મેળા રસિકો પરત ફર્યા હતા. દાહોદ જીલ્લાના આદિવાસી સમાજના મુખ્ય ગણાતા હોળીના તહેવારની શરૂઆત લીમખેડા ખાતે ભરાતા આમલી અગિયારસના મેળાથી થાય છે. ફાગણસુદ અગિયારસના દિવસે લીમખેડાના મોટા હાથીધરા સ્થિત હસ્તેશ્વર મહાદેવ મંદિરના મેદાનમા પરંપરાગત રીતે પ્રતિવર્ષ આમળી અગીયારસનો મેળો યોજાય છે.

આજે યોજાયેલા આ મેળામાં લીમખેડા તાલુકા સહિત પંચમહાલ-દાહોદ જિલ્લામાંથી ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હજારો મેળા રસિકો ઉમટી પડ્યા હતા. મેળામાં લગાવેલી વિવિધ ચકડોળો, ઝુલા, ડાન્સીંગ ચકડોળ, ડ્રેગનવાનમાં બેસી મેળા રસિકોએ ભારે મઝા લૂંટી હતી. જાદુગરની કલા જોઇ હજારો લોકો મંત્ર મુગ્ધ બન્યા હતા. મેળાનાં મેદાનમાં આદિવાસી સંસ્કૃતિ મુજબ ઢોલ-ત્રાસના તાલે નવયુવાનો ઝુમી મેળાનો આનંદ માણતા હતા. શેરડીના વિશેષ મહત્વ મુજબ મેળામાં આવનાર દરેક વ્યક્તિ શેરડી ખરીદી પરત ઘરે ફરે છે. મેળા રસિકોએ લીમખેડાના રાજમાર્ગો પર લગાવેલી તથા ગામની અનેક દુકાનો પરથી વિવિધ ચીજવસ્તુઓની ખરીદી કરતાં વેપારીઓમાં પણ ધંધા-વેપારનો ઉત્સાહ છવાયો હતો. લીમખેડામાં ભરાતા આમલી અગિયારસના મેળાની વિશેષતા ની જ વાત કરવામાં આવે તો આદિવાસી સમાજમાં એક વર્ષ દરમિયાન લગ્ન કરેલા નવદંપતીઓ આ મેળામાં આવે છે અને હસ્તેશ્વર મહાદેવ મંદિરે અલગ અલગ પ્રકારના સાત જાતના અનાજ લઈને મંદિરની પ્રદક્ષિણા કરી માનતા પૂરી કરતા હોય છે તેવી માન્યતા છે કે, જે લોકોના લગ્નમા વિલંબ થતો હોય તે લોકો હસ્તેશ્વર મહાદેવ મંદિર બાધા રાખવાથી લગ્ન મા આવતી અડચણો દુર થાય છે અને યુવક અને યુવતીના લગ્ન જલ્દી થી થઈ જતા હોય છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને ગોમતી નગર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ | તા.20

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવારને અનુલક્ષીને યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી અને ગોમતી નગર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેનની બે ટ્રિપ વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે : ટ્રેન નંબર 09405/09406 સાબરમતી-ગોમતી નગર-સાબરમતી સ્પેશિયલ (બે ટ્રિપ) ટ્રેન નંબર 09405 સાબરમતી-ગોમતીનગર સ્પેશિયલ 22 માર્ચ 2024 શુક્રવારના રોજ સાબરમતીથી રાત્રે 22.00 કલાકે ઉપડીને બીજા દિવસે રાત્રે 22:30 કલાકે ગોમતીનગર પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર 09406 ગોમતીનગર-સાબરમતી સ્પેશિયલ ટ્રેન 24 માર્ચ 2024 રવિવારના રોજ ગોમતીનગરથી સવારે 06.00 કલાકે ઉપડીને બીજા દિવસે સવારે 07:00 કલાકે સાબરમતી પહોંચશે. માર્ગમાં આ ટ્રેન બંને દિશાઓમાં મહેસાણા, પાલનપુર, આબૂ રોડ, અજમેર, ફુલેરા, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, મથુરા, હાથરસ, કાસગંજ, ફર્રૂખાબાદ, કન્નોજ, કાનપુર, અનવરગંજ, કાનપુર સેન્ટ્રલ અને એશબાગ સ્ટેશનો ઉપર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસીનો એક કોચ, થર્ડ એસીના 3 કોચ, સ્લીપર શ્રેણીના 15 કોચ અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર 09405 નું બુકિંગ 21 માર્ચ 2024 થી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ ઉપર શરૂ થશે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ, અને સંરચનાને લગતી વિસ્તૃત માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# કલોલ પૂર્વ વિસ્તારમાં ટાઇફોઇડ કેસના અનુસંધાને જિલ્લા કલેકટર મેહુલ દવેના તુરંત તપાસના આદેશ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કલોલ પૂર્વ વિસ્તારમાં મળેલાં ટાઈફોઈડના કેસ અનુસંધાને જિલ્લા કલેકટર મેહુલ દવેએ તપાસના આદેશ આપતાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવી છે. આ તપાસ દરમ્યાન ખાનગી હોસ્પિટલમાં ટાઈફોઈડનો માત્ર એક કેસ હોવાનું જાણવા મળ્યું છે. તેમજ શહેરની અન્ય ખાનગી હોસ્પિટલમાં તપાસ કરતાં ટાઈફોઈડનો કેસ ન હોવાનું જણાવવા મળ્યું છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે કે, કલોલ પૂર્વ વિસ્તારમાં ટાઈફોઈડમાં બાળકો સપડાયા તેવા સમાચાર મળતાં જ ગાંધીનગર જિલ્લા કલેકટર મેહુલ દવેના આદેશ અનુસાર તાત્કલિક ટીમની રચના કરવામાં આવી હતી. તાલુકા આરોગ્ય અધિકારી, મામલતદાર અને તાલુકા સુપરવાઈઝરની ટીમ દ્વારા સમગ્ર કલોલ શહેરની ખાનગી હોસ્પિટલમાં બાળકોના ટાઈફોઈડના કેસની તપાસ શરૂ કરી હતી. કલોલ શહેરી વિસ્તારમાં આવેલ હોસ્પિટલોમાં તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, કલરવ હોસ્પિટલમાં કલોલની ૩૬, આનંદવિહાર સોસાયટીમાં રહેતા ૧૧ વર્ષીય તરૂણને છેલ્લા ૨ દિવસથી તાવની ફરીયાદ હોવાથી તા.૧૯.૩.૨૪ ના રોજ દાખલ થયેલ હોવાનું માલૂમ પડયું છે. જેનો ટાઈફોઈડ અંગે કરાવેલ ટેસ્ટ પોઝીટીવ આવ્યો હતો. આ બાળકની તબિયત સુધારા પર છે. તથા દર્દીના ઘરનાં વ્યક્તિ સાથે આ અંગે વાતચીત કરતાં જાણવા મળ્યું છે કે, તેમના ઘરે આર.ઓ. સીસ્ટમ દ્વારા આવતું પાણી પીવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. શહેરની અન્ય ખાનગી હોસ્પિટલોમાં તથા સી.એચ.સી. કલોલ ખાતે તપાસ કરતા આવા ટાઈફોઈડને લગતા કોઈ કેસ દાખલ થયા નથી, તેમ પણ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ ઉમેર્યું છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે કે, રેલ્વે પૂર્વ વિસ્તાર તેમજ આરસોડીયા ગામની સોસાયટી વિસ્તારમાં આરોગ્યની કુલ ૩૦ ટીમો દ્વારા સઘન હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## અમદાવાદમાં સાહિત્યોત્સવ જશ્ન-એ-અદબ સાંસ્કૃતિક કારવાં વિરાસત યોજાશે

અમદાવાદ | તા.20

હિંદુસ્તાની કલા, સંસ્કૃતિ અને સાહિત્યનો સૌથી મોટો સાંસ્કૃતિક કાર્યક્રમ સાહિત્યોત્સવ જશ્ન-એ-અદબ સાંસ્કૃતિક કારવાં વિરાસત પ્રથમવાર અમદાવાદમાં આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. 22 અને 23 માર્ચ, 2024 (શુક્રવાર અને શનિવાર)ના રોજ બપોરે 2 વાગ્યાથી શામિયાણા, રિવેરા સરોવર પોર્ટિકો, અમદાવાદ, ગુજરાત ખાતે કરવામાં આવ્યું છે. સંસ્કૃતિ મંત્રાલય (GoI) અને પ્રવાસન મંત્રાલય (GoI)ના સહયોગથી આ સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. દેશના વિવિધ ભાગોમાંથી કુશળ હિન્દુસ્તાની કલાકારો આ સીમાચિહ્ન સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેશે અને પર્ફોમન્સ કરશે.

# જગદગુરુ શંકરાચાર્ય વ્યાખ્યાન માલાનું આયોજન સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતમાં કરવામાં આવ્યું : પ્રો. રમાશંકર દુબે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



આદિ ગુરુ શંકરાચાર્યે સનાતન ધર્મની સ્થાપના અને સંરક્ષણ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું. સનાતન સંસ્કૃતિના મૂલ્યોની સ્થાપના અને પ્રચાર માટે ભારતની પેઢીઓ તેમને યાદ કરશે. આવું કહે છે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત (CUG)ના વાઈસ ચાન્સેલર પ્રો. રમાશંકર દુબે. તેઓ આદિ ગુરુ શંકરાચાર્યની વ્યાખ્યાન શ્રેણીની અધ્યક્ષતા કરી રહ્યા હતા. ભારતીય ભાષા સમિતિ (શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર) અને CUG ના સંયુક્ત નેજા હેઠળ આયોજિત વ્યાખ્યાન શ્રેણીમાં, તેમણે કહ્યું કે આદિ શંકરાચાર્ય ભારતીય સાહિત્યના મહાન ચિંતક છે. તેમણે ભારતની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક એકતા અને અખંડિતતાને મજબૂત કરવા માટે કામ કર્યું છે. તેમણે કહ્યું કે, લોકકલ્યાણ માટે જે કાર્ય થાય છે તે જ ધર્મ છે. ધર્મના કર્તવ્ય સાથે જોડવામાં આવ્યું છે. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ આત્મવિદ્યા તીર્થ આણંદના સંત શ્રી અખિલ આનંદ સરસ્વતીએ જણાવ્યું હતું કે ભારતની એકતા અને એકતામાં આદિ શંકરાચાર્યનું મહત્વનું યોગદાન છે. તેમનું ચિંતન ભારતની સંસ્કૃતિ અને સભ્યતાને અકબંધ રાખવામાં પ્રભાવશાળી રહ્યું છે. તેમણે ભારતભરમાં બે વખત પ્રવાસ કર્યો અને એકીકરણનું કાર્ય કર્યું. તેમણે ભગવાનના ભૌતિક અને નિરાકાર વિશેની માહિતીને પણ સમૃદ્ધ કરી. તેમનું માનવું હતું કે જો ભગવાન સાકાર છે તો તે દરેક જગ્યાએ ન હોઈ શકે, જો ભગવાન મૂર્તિ છે તો આપણા દેશમાં કરોડો લોકો આ માને છે. પણ મંદિરની બહાર બેઠેલા ભિખારીમા પણ ભગવાન હોય છે, આ વેદનું દિવ્ય દર્શન છે. તેમણે ભારતની તપસ્વી પરંપરાને ગોઠવવાનું કામ કર્યું છે. આચાર્ય મંડન મિશ્રને ચર્ચામાં હરાવ્યા અને મુક્તિનો સાચો અર્થ સમજાવ્યો. તેમણે સૌપ્રથમ કહ્યું હતું કે મુક્તિ ફક્ત પોતાને જાણવામાં જ છે.

કાર્યક્રમના મુખ્ય વક્તા, ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના રાષ્ટ્રીય સભ્ય ડો. ગિરીશ ઠાકરે આદિ શંકરાચાર્યના આગમન પહેલા ભારતમાં વિવિધ ધર્મો અને સંપ્રદાયોની સ્થિતિ વિશે ચર્ચા કરી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ભારતીય ભાષા સમિતિના અધ્યક્ષ શ્રી ચમુ કૃષ્ણ શાસ્ત્રીનો વિડિયો સંદેશ બતાવવામાં આવ્યો હતો. કાર્યક્રમના સંયોજક ડૉ.બલદેવભાઈ પ્રજાપતિએ કાર્યક્રમની ભૂમિકા અને રૂપરેખા રજૂ કરતાં જણાવ્યું હતું કે, આદિ ગુરુ શંકરાચાર્યના વિચારો રાષ્ટ્રના તમામ લોકો સુધી પહોંચાડવાના હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીઓ/ કર્મચારીઓને કાર્યપાલક મેજિસ્ટ્રેટની સત્તાઓ સોંપાઇ

વડોદરા | તા.20

લોકસભા સામાન્ય સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને ૧૩૬-વાઘોડીયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને વડોદરા શહેર-જિલ્લાના તમામ વિધાનસભા મતદાર વિભાગો માટે જેમને ચૂંટણી વિષયક કામગીરી સોંપવામાં આવેલ હોય અને તે પૈકી જે અધિકારીઓ/ કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેવા અધિકારીઓ/ કર્મચારીઓને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪,૧૦૩, ૧૦૪, ૧૨૯ અને ૧૪૪ ના અધિકારો મળવાપાત્ર થાય છે. જે અંગે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એ. શાહ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ કર્મચારીઓ એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટના અધિકારો હોદ્દાની રૂએ ધરાવતા નથી. જેથી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને ૧૩૬-વાઘોડીયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી-૨૦૨૪માં સમાવિષ્ટ તમામ મત વિસ્તારો અથવા તેના ભાગમાં સમાવિષ્ટ મતદાર વિભાગોમા નિયુકત થયેલ ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી/ ઝોનલ ઓફિસરશ્રી/ફ્લાઈંગ સ્કવોડ/ સ્ટેટીક સર્વેલન્સ ટીમ/ વિવિધ કામગીરી માટે નિયુક્ત કરાયેલા તમામ નોડલ અધિકારીશ્રીઓ તથા તમામ એફ.એસ.ટી અને એસ.એસ.ટીની ટીમના વડા, જે વિધાનસભા મતદાર વિભાગમાં નિયુક્ત થયેલ હોય તે વિસ્તારના કાર્યક્ષેત્રમાં તા. ૧૯/૦૩/૨૦૨૪ થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતા સુધીના સમયગાળા માટે ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના સરકારશ્રીએ આપેલ અધિકારો ભોગવવા અધિકૃત કરવામાં આવે છે.

### લોકસભાની ચૂંટણીને લઇને બેંકોમાં શંકાસ્પદ આર્થિક વ્યવહારો ઉપર વોચ રખાશે

# કલેક્ટર શ્રી બિજલ શાહ દ્વારા સિઝર મેનેજમેન્ટ સિસ્ટમ અંગે રાજ્ય અને કેન્દ્રની એજન્સીઓ સાથે બેઠક

વડોદરા | તા.20



લોકસભાની સામાન્ય ચૂંટણી દરમિયાન મતદારોને પ્રભાવિત કરવાના હેતુથી થતી નાણાંકીય હેરફેરને નશ્યત કરવા માટે ઈલેક્શન કમિશન દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાઓને પગલે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી બિજલ શાહે આજે નવી કલેક્ટર ઓફિસ ખાતે રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ એજન્સીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન કલેક્ટરશ્રીએ વેપારીઓ, નાગરિકોને કોઈ તકલીફ ના પડે એ રીતે કામગીરી કરવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. ઈલેક્શન કમિશન દ્વારા આ વખતે સિઝર મેનેજમેન્ટ સિસ્ટમ નામક એક ખાસ એપ્લિકેશન વિકસાવવામાં આવી છે. જેમાં ઈન્કમ ટેક્સ, જીએસટી, એક્સાઈઝ, પોસ્ટ, બેંક સહિતની કેન્દ્રીય એજન્સીઓને આવરી લઈ કાર્યરીતિ નિયત કરવામાં આવી છે. તે અંગેની માહિતી કલેક્ટર શ્રી શાહ દ્વારા બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓને આપવામાં આવી હતી. આ બેઠકમાં એવી જાણકારી આપવામાં આવી હતી કે, વડોદરા શહેર અને જિલ્લામાં ૪૧ જેટલી રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકોની ૭૬૮ જેટલી શાખાઓ કાર્યરત છે અને તે તમામને ચૂંટણીના ઉમેદવારને ખાતા ખોલી આપવાની સરળતા કરી આપવાની જાણ કરવાની રહેશે.

આ ઉપરાંત એટીએમના ભરણા સહિતમાં રોકડ રકમ માટે ચૂંટણી પંચ દ્વારા નિયત કાર્યરીતિને અનુસરવાનું રહેશે. આ ઉપરાંત બેંકોમાં શંકાસ્પદ નાણાંકીય વ્યવહારની માહિતી આપવાની રહેશે. આ બેઠકમાં ફ્લાઈંગ સ્ક્વોર્ડ, સ્ટેસ્ટિક સર્વેલન્સ ટીમ દ્વારા જ્યારે રૂ. ૧૦ લાખથી વધુના શંકાસ્પદ રોકડ નાણા પકડવામાં આવે ત્યારે કરવાની થતી કાર્યવાહી અંગે સૂચના આપવામાં આવી હતી. એરપોર્ટ, હેલીપેડ ખાતે દેખરેખ રાખવાની સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં પોલીસ કમિશનર શ્રી અનુપમસિંઘ ગેહલોત દ્વારા પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિક પોલીસ કમિશનર શ્રી મનોજ નિનામા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, પોલીસ અધિક્ષક શ્રી રોહન આનંદ, નિવાસી અધિક કલેક્ટર ડો. બી. એસ. પ્રજાપતિ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિવેક ટાંક સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## 02 એપ્રિલ સુધી સાબરમતી-દોલતપુર ચોક એક્સપ્રેસ સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના સિદ્ધપુર સ્ટેશન પર પ્લેટફોર્મ ની ઊંચાઈ અને લંબાઈ વધારવા અંગેની ટેકનિકલ કામગીરીને કારણે સાબરમતી-દોલતપુર ચોક એક્સપ્રેસ ટ્રેન સિદ્ધપુર સ્ટેશન પર ઉભી રહેશે નહીં. જેની વિગતો નીચે મુજબ છે.: ટ્રેન નંબર 19411/19412 સાબરમતી-દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન તાત્કાલિક અસરથી 02 એપ્રિલ 2024 સુધી સિદ્ધપુર સ્ટેશન પર રોકાશે નહીં.

## આચારસંહિતાના અમલીકરણના ત્રણ દિવસમાં જ જિલ્લાની જાહેર અને ખાનગી મિલકતો પરથી 5798 જેટલી પ્રચારાત્મક સામગ્રી દૂર કરાઈ

આણંદ | ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની તારીખો જાહેર થતાં જ સમગ્ર દેશમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. લોકસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ આણંદ જિલ્લામાં પણ આચારસહિતનો ચુસ્તપણે અમલ થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આણંદ જિલ્લામાં આચારસંહિતાના અમલની સાથે જ જિલ્લાની જાહેર અને ખાનગી મિલકતો પરની પ્રચારાત્મક સામગ્રીઓ હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ૯૩૦ પોસ્ટર, ૬૫૬ બેનર અને અન્ય ૭૨૦ પ્રચારાત્મક સામગ્રીઓ મળી કુલ ૧૭૪૭ પ્રચારાત્મક સામગ્રીઓ તથા ખાનગી મિલકતો પરથી ૩૫૨ પોસ્ટર, ૨૪૦ બેનર અને અન્ય ૨૪૯ મળી કુલ ૯૦૪ પ્રચારાત્મક લખાણો - રેખાંકનોને દૂર કરવામાં આવ્યા હોવાનું એમ.સી.સી. ના નોડલ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.વી.દેસાઈની એક યાદીમાં જણાવાયુ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# મોદી તુજસે વેર નહીં, રંજન તેરી ખેર નહી...

## વડોદરામાં નારાજગી ચરમસીમાએ, MLAના વિસ્તારમાં હોર્ડિંગ્સ લાગ્યાં, 'સત્તાના નશામાં ચૂર ભાજપા શું કોઈને પણ ઠોકી બેસાડશે?'

વડોદરા | વડોદરા લોકસભા બેઠક પર ભાજપ દ્વારા સતત ત્રીજી વખત સાંસદ રંજનબહેન ભટ્ટને રિપીટ કરવામાં આવતાં BJPમાં ભારે નારાજગી છે. ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલાં રાષ્ટ્રીય મહિલા મોરચાનાં ઉપાધ્યક્ષ રંજનબહેન ભટ્ટ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે જાહેરમાં તેમનો વિરોધ કર્યા બાદ હવે ચારેકોરથી તેમનો વિરોધ થઈ રહ્યો છે. મોડીરાત્રે શહેર વિધાનસભાના ધારાસભ્યના વિસ્તારમાં ભાજપના ઉમેદવાર સામે નારાજગી વ્યક્ત કરતાં બેનરો લાગતાં ચકચાર મચી ગઈ છે.

સંગમ સોસાયટી પાસે લાગેલા બેનરમાં લખ્યું છે કે 'સત્તાના નશામાં ચૂર 'ભાજપા' શું કોઈને પણ ઠોકી બેસાડશે? વડોદરાની જનતા નિઃસહાય, કેમ કે જનતા મોદી પ્રિય'. જ્યારે શ્રી વલ્લભ પાર્ક સોસાયટી પાસે એક બેનર લગાવાયું છે, જેમાં લખ્યું છે કે 'વડોદરાનો વિકાસ ક્યાં ગયો? કોના ઘરમાં કે ગજવામા? જનતા માગે છે તપાસ'. તો ઝવેરનગર સોસાયટી પાસે લાગેલા એક બેનરમાં 'મોદી તુજસે વેર નહીં, રંજન તેરી ખેર નહીં...' જેવાં વિવિધ લખાણોવાળાં બેનરો લાગ્યાં છે.




### મારા વિરુદ્ધ એક જ વ્યક્તિ કામ કરી રહી છે: રંજનબેન ભટ્ટ

વડોદરા લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર રંજનબેન ભટ્ટે સંગમ ચાર રસ્તા વિસ્તારમાં લાગેલાં બેનરો અંગે દિવ્ય ભાસ્કર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે મારા વિરુદ્ધ એક જ વ્યક્તિ કામ કરી રહી છે. જે વ્યક્તિ ભાજપા કાર્યકર પણ નથી, પરંતુ જ્યારથી મારા નામની ઉમેદવાર તરીકે જાહેરાત થઈ છે ત્યારથી મારા ભાજપના તમામ કાર્યકરો ખુશ છે અને કામે લાગી ગયા છે. વિધાનસભા મત વિસ્તારોમાં સંમેલન પણ શરૂ કરી દીધાં છે. તમામ સાત વિધાનસભાના ધારાસભ્યો પણ કામે લાગી ગયા છે.

### કોઈક વ્યક્તિ મને અને ભાજપાને બદનામ કરી રહ્યો છે

વિરુદ્ધમાં કામ કરી રહેલી વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ કરી છે કે કરવાનાં છો? એવા સવાલના જવાબમાં રંજનબેન ભટ્ટે જણાવ્યું કે ફરિયાદ કરી નથી, પરંતુ સંગમ ચાર રસ્તા વિસ્તારમાં લગાવેલાં બેનરો અંગે સ્થાનિક વિસ્તારમાં લગાવાયેલા સીસીટીવી ફૂટેજ મેળવીશું. ફૂટેજ આવ્યા બાદ જે વ્યક્તિ જણાઇ આવશે તેની સામે કાર્યવાહી કરીશું. જે વ્યક્તિ મારા વિરુદ્ધ કામ કરી રહી છે તે મને અને ભાજપાને બદનામ કરી રહી છે.

### વિરોધ વાવાઝોડાંની જેમ આગળ વધ્યો

વડોદરા લોકસભા બેઠક પર ભાજપ દ્વારા મોટા ભાગના ભાજપ હોદ્દેદારો-કાર્યકરોના વિરોધ વચ્ચે સાંસદ રંજનબહેન ભટ્ટને આશ્ચર્યજનક રીતે ત્રીજી વખત રિપીટ કરાતાં જ ભાજપમાં નારાજગી વાવાઝોડું ફૂંકાવાની શરૂઆત થઈ ગઈ હતી. એમાં સૌથી પહેલા ભાજપનાં રાષ્ટ્રીય મહિલા મોરચનાં ઉપાધ્યક્ષ અને પૂર્વ મેયર ડો. જ્યોતિબહેન પંડ્યાએ ગાંધીનગર ગૃહના ઓટલેથી રંજનબહેન ભટ્ટ વિરુદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે વિરોધનું રણશિંગું ફૂંક્યું હતું. જોકે કહેવાતી અને બેધારી નીતિ અપનાવવામાં ભાજપ દ્વારા તેમને ગણતરીના કલાકોમાં ભાજપમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતાં.

---

## વડોદરામાં 5 દિવસથી RTOનું સર્વર ઠપ: ક્યારે શરૂ થશે?

# ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોવાનો મેસેજ ન મળતા અરજદારોને ધક્કા

વડોદરા | વડોદરામાં RTO વિભાગના પાકા લાયસન્સ માટેનો ટ્રેક સર્વર છેલ્લા 5 દિવસથી બંધ છે. હાલમાં 500થી વધુ અરજદારને ટેસ્ટથી વંચિત હોવાની માહિતી સામે આવી છે. પહેલેથી આ સર્વરમાં ધાંધિયા હોવાથી અરજદારો મહામહેનતે અપોઈન્ટમેન્ટ બુક કર્યા બાદ સર્વર ઠપ હોવાથી ભારે હાલાકી જોવા મળી રહી છે. અરજદારોની એપોઈન્ટમેન્ટ રીશીડ્યુલ ન થતાં તેમજ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક બંધ હોવાનો મેસેજ ન મળતા લોકો ધક્કા ખાઈ રહ્યા છે. જોકે, આવનાર દિવસોમાં આ ટ્રેક શરૂ થશે, ત્યારે વધુ અરાજદારોનો ઘસારો જોવા મળશે. હાલ તો આ ટ્રેક છેલ્લા 5 દિવસથી બંધ હોવાથી RTOમાં સુમસામ જોવા મળી રહ્યું છે. RTOના અધિકારી જે.કે. પટેલે જણાવ્યું હતું કે, આ સિસ્ટમ શુક્રવારથી બંધ છે. આ અંગે ઉચ્ચ લેવલે વાતચીત ચાલી રહી છે. સર્વર બંધ થતાં અરજદારોને મુશ્કેલીઓ ન પડે તે માટે જે કોઈ અપોઇનમેન્ટ લેવાઈ છે, તેઓને રિશ્યુડ કરી મેસેજ કરવામાં આવે છે. આ સર્વર ક્યારે શરૂ થશે તે કહી શકાય નહીં, પરંતુ અરજદારોને કોઈ મુશ્કેલીઓ ન પડે તે માટે અમે અપોઇનમેન્ટ રીશીડ્યુલ અને મેસેજ આપીએ છીએ જેથી RTO કચેરીમાં ધક્કો ન પડે.

વડોદરા RTOમાં ટેસ્ટ ડ્રાઈવ આપવા આવેલા પાદરાના એક અરજદારે નામ ન લખવાની શરતે જણાવ્યું હતું કે, અમને આજની એપોઈન્ટમેન્ટ આપવામાં આવી છે. આ બાબતે અમને કોઈપણ મેસેજ મળ્યો નહોતો. અહીંયા આવીને જાણ થઈ કે ટ્રેક બંધ છે અને અપોઇનમેન્ટ રીશીડ્યુલ કરવામાં આવી છે ત્યારે અમારે આજે ધક્કો પડ્યો છે. અન્ય તારીખે અમારે પાછું અહીં આવું પડશે.



શહેરના છેવાડે ગોત્રી વિસ્તારમાંથી આવેલા અન્ય એક અરજદારે જણાવ્યું હતું કે, મને પણ મેસેજ નથી મળ્યો જેના કારણે હું RTO કચેરી ખાતે ટેસ્ટ લાઈવ આપવા માટે આવી પહોંચ્યો છું. અહીંયા હાલમાં સેવા બંધ હોવાથી મારે આજે પરત ફરવું પડે છે.

---

# ખંભાળિયામાં યુવાનને દારૂની ડિલિવરી આપવાના બદલે કરાયું અપહરણ

જામ ખંભાળિયા | કલ્યાણપુર તાલુકાના રહીશ એક શખ્સ દ્વારા ખંભાળિયાના યુવાનને સાથે રાખીને પાર્ટનરશીપમાં વિદેશી દારૂ મંગાવતા આ પ્રકરણમાં વિવિધ વળાંકો આવ્યા હતા. સુરતથી કારમાં આવેલા બે શખ્સો દ્વારા દારૂ આપવાના બદલે તેની રકમ લઈ જઈ અને એની સાથે ખંભાળિયાના યુવાનનું અપહરણ કરાયું હતું. ત્યાર બાદ તેનો છુટકારો કરી દેવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં એલસીબી પોલીસે પણ હરકતમાં આવી, ખંભાળિયા પોલીસ મથકમાં આ સમગ્ર બાબતના બે અલગ અલગ ગુનાઓ નોંધાયા છે.

આ ચકચારી પ્રકરણની શરૂઆત થોડા દિવસો પૂર્વે થઈ હતી. જેમાં કલ્યાણપુર તાલુકાના વીરપર - મેવાસા ગામે રહેતા રાહુલ ઉર્ફે ઘુઘો ચાવડા નામના શખ્સ દ્વારા તેમના મિત્ર એવા ખંભાળિયા તાલુકાના હંસ્થળ ગામે રહેતા દિલીપ ઉર્ફે દીલો ગોગન દેથરીયા (ઉ.વ. ૩૧) સાથે થયેલી વાતમાં રાહુલે દિલીપને જણાવ્યું હતું કે મારી પાસે ઈંગ્લિશ દારૂની લાઈન છે. જો તું મારી સાથે ભાગમાં રહે તો તે લોકો દારૂ આપી જશે. તેમ કહેતા ગત તારીખ ૧૫ માર્ચના રોજ નક્કી થયા મુજબ દિલીપ દેથરીયાએ પોતાના ભાગના ૩.૧૦ લાખ રૂપિયા રાખી અને ખંભાળિયા નજીક એક હોટલમાં પોતાની કારમાં પહોંચ્યા હતા. ત્યાંકાળા કલરની એક્સ.યુ.વી. કાર આવેલ હતી. દિવ્યેશ અરવિંદ સોની (ઉ.વ. ૩૧) અને માંગરોળ સુરતના ખાનદાન ફળિયુ ખાતે રહેતા ગોહેલ અબ્દુલ હમીદ મકરાણી (ઉ.વ. ૩૦) નામના બે શખ્સો આવ્યા હતા.

---

## અવાવરુ સ્થળે લઇ જઇ દુષ્કર્મ આચરી બાળકીને ફેંકી દીધી'તી

# દુષ્કર્મ આચરી બાળકીને ફેંકી દીધી'તી બાળકી પર દુષ્કર્મ કરનાર ઝડપાયો...

રાજકોટ | રાજકોટના શાપર-વેરાવળમાં ચાર દિવસ પૂર્વે ચાર વર્ષની બાળકી પર એક નરાધમે દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં બાળકીને હાઈવે નજીક ફેંકી દીધી હતી, હેવાનિયત આચરનાર શખ્સને ઝડપી લેવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને અંતે બિહાર નજીકથી તેને ઝડપી લેવામાં સફળતાં મળી હતી. શાપરમાં હાઈવે નજીક કસુંબા બેરિંગ ગેટની સામેથી શનિવારે ચાર વર્ષની બાળકી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. બાળકીને ચહેરા પર તેમજ ગુપ્તાંગમાં ગંભીર ઈજા હતી. સામાજિક કાર્યકર પાર્થ રાઠોડે 108ને જાણ કરતાં 108 મારફત બાળકીને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

બાળકી પર દુષ્કર્મ આચરવામાં આવ્યાનું તબીબી નિદાનમાં સ્પષ્ટ થતાં શાપર પોલીસની ટીમ સક્રિય બની હતી. બાળકી શાપરમાં ગંગા ફોર્જિંગના ગેટની અંદર ઝૂંપડપટ્ટીમાં રહેતી હતી. પોલીસે તેના ઘરથી બાળકી જ્યાં લોહીલુહાણ હાલતમાં મળી આવી તે વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં એક શખ્સ બાળકીને તેના ઘર નજીકથી ઉઠાવીને જતો દેખાયો હતો. પોલીસે તે શખ્સની ભાળ મેળવવાની કવાયત શરૂ કરી હતી અને અંતે બિહાર નજીકથી તેને ઝડપી લેવામાં સફળતા મળી હતી. રાજકોટ જિલ્લા પોલીસની ટીમ આરોપીને બિહારથી લઈને રાજકોટ આવવા નીકળી ગઈ હતી.

આમ રાજકોટ લોકલ ક્રાઈમ બ્રાંચના પોલીસ ઈન્સ્પેક્ટર વિજય ઓડેદરા અને શાપરના પીએસઆઇ આર.કે. ગોહિલ અને તેની ટીમને ગેરમાર્ગે દોરવા આરોપી સૌ પ્રથમ બસ સ્ટેન્ડ ગયો હતો અને ત્યાંથી અન્ય રીક્ષામાં બેસી રેલવે સ્ટેશન જઈ બિહાર પોતાના વતન ભાગી જવાની વેતરણમાં હતો જોકે તે પોતાને ઘેર પહોંચે તે પહેલા પોલીસની ટીમે ઝડપી લીધો હતો.

સીસીટીવી ફૂટેજ ચેક કરતાં બાળકીને ઉઠાવી જનાર શખ્સ ઘટના બાદ શાપરથી એક રિક્ષામાં બેસીને જતો દેખાયો હતો. પોલીસે તે રિક્ષાચાલકને શોધી કાઢ્યો હતો અને પૂછપરછ કરતાં તે શખ્સને શાપરથી રિક્ષામાં બેસાડી રાજકોટ બસ સ્ટેશને ઉતાર્યાનું ખુલ્યું હતું. ત્યારબાદ આ શખ્સ અન્ય રીક્ષામાં રેલવે સ્ટેશન ગયાનું પણ સ્પષ્ટ થયું હતું. આથી આ વ્યક્તિ કઈ ટ્રેનમાં બેસીને ક્યાં ગયો તે અંગેની જાણકારી મેળવતાં આરોપી બિહાર તેના વતનમાં જઈ રહ્યાની ચોક્કસ હકીકત મળતાં એક ટીમ બિહાર યુપીની બોર્ડર નજીકના સ્ટેશને પહોંચી ગઈ હતી.

---

# ઓલપાડના અટોદરા ગામે બે બંધ ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યા

ઓલપાડ | ઓલપાડ તાલુકામાં સક્રીય થયેલી ચડ્ડી બનીયાન ધારી ટોળકી કે જે બંધ ઘરોને નિશાન બનાવે છે. રવિવારની રાત્રે ફરીવાર અટોદરા ગામની એક સોસાયટી બે બંધ ઘરોને નિશાનો બનાવી રોકડ સહીત કિંમતી દાગીના લઈ જઈ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો.

ઓલપાડ તાલુકાના જુદા જુદા ગામોમાં બનેલી નવી સોસાયટીઓમાં દિવસનાં બંધ ઘરોની રેકી કર્યા બાદ રાત્રે આવી ચડ્ડી બનીયાન ગેંગ ચોરીની ઘટનાને અંજામ આપતી આવી હોય. ફરીવાર રવિવારની મોડી રાત્રે અટોદરા ગામે આવેલી શિવ બંગલોઝ નામની સોસાયટીમાં આવેલી ચડ્ડી બનીયાન ધારી ટોળકીએ બે બંધ ઘરને નિશાન બનાવ્યા હતા.

બે ઘરે પૈકી એક ઘરમાં તસ્કરો એ રોકડ રકમ સહીત કીમતી દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ત્યારે બંધ ઘરનાં તાળા તોડી તસ્કરો એ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાની જાણ સોસાયટીનાં રહીશોને થતા તેઓએ તુરત સીસીટીવી ફૂટેજ ચેક કરતા પાંચ જેટલા તસ્કરો ચોરી કરવાની ફીરાકમાં સોસાયટીનાં બંધ ઘરો ચકાસતાં જોવા મળ્યા. આ ચોરીની ઘટનાને અંજામ ચડ્ડી બનીયાન ધારી ગેંગ એ આપી હોવાનું માલુમ પડ્યું હતું.

હાલ સમગ્ર ઘટનાની જાણ સાયણ પોલીસને કરવામાં આવતા સાયણ પોલીસે ચોરીની ઘટનાં બન્યાનાં બે દિવસે પણ ફરીયાદ નોંધવાની ફુરસદ નથી મળી. બંધ ઘરોને નિશાનો બનાવતી સક્રીય થયેલી ચડ્ડી બનીયાન ધારી ગેંગ ઉપરા છાપરી ચોરીની ઘટનાને અંજામ આપવા છતાં પોલીસ બિન્દાસ છે.

---

## હોટલમાં ઉત્તેજક ગોળી પીવડાવી દેહવ્યાપારમાં ધકેલી...

# વિધર્મી મહિલા હિન્દુ નામ ધારણ કરી તરુણીને સુરતથી રાજસ્થાન લઈ ગઈ

સુરત | સુરતના અમરોલી વિસ્તારમાંથી 14 વર્ષની તરુણી ગુમ થયા બાદ તેની પાસે દેહ વ્યાપાર કરાવવામાં આવતો હોવાનો પર્દાફાશ થયો હતો. આ આખા કેસમાં એક વિધર્મી મહિલાએ હિન્દુ નામ ધારણ કરી સગીરાને ભેળવી હોવાનું સામે આવ્યું હતું. ત્યાર બાદ આ આખી ગેંગના પાંચ જેટલા આરોપીને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ આખો કેસ કેવી રીતે ઉકેલાયો? જેમાં ચોકાવનારી ઈનસાઈડ સ્ટોરી સામે આવી હતી. આ તરુણીને રાજસ્થાનની હોટલમાં લઈ ગયા બાદ તેને ઉત્તેજના થાય તે માટે ગોળીઓ પીવડાવવામાં આવતી હતી. ત્યાર બાદ હોટલના રૂમમાં ગ્રાહકોને મોકલવામાં આવતા હતા. જે પૈકી એક ગ્રાહકને તરુણીએ પોતાની કહાની જણાવી હતી. ત્યાર બાદ ગ્રાહકે માનવતા દાખવીને પોતાનો ફોન તરુણીને આપતા તેણે તેના ભાઈને કોલ કર્યો હતો. બાદમાં પોલીસ મોબાઈલ નંબરના આધારે રાજસ્થાનની હોટલ સુધી પહોંચી હતી. આ આખી ઘટનાની શરૂઆત 14 વર્ષની તરુણી જ્યારે વડોદરાથી માતા-પિતા સાથે સુરત આવી ત્યારે થઈ હતી. તરુણી અને તેના માતા-પિતા વડોદરાથી ટ્રેનમાં સુરત આવી રહ્યા હતા. દરમિયાન એક જ્યોતિ નામની મહિલા તરુણી અને તેના માતા-પિતાના સંપર્કમાં આવી હતી. ત્યાર બાદ નંબરની આપ લે કરવામાં આવી હતી. જ્યોતિ સતત તરુણી અને તેના પરિવારના સંપર્કમાં રહેતી હતી.

એસીપી આર.પી. ઝાલાના જણાવ્યા પ્રમાણે, છ મહિના પહેલા 26 વર્ષીય જ્યોતિ નામની મહિલા જેનું સાચું નામ મોનીરાખાતુન સાકીલ હલદરના સંપર્કમાં આવી હતી. ત્યાર બાદ તેની 25 વર્ષીય મોહીમા મોલ્લા ઉર્ફે રીયા સૈદુલ મોલ્લા મુનાબ્બારની સાથે મુલાકાત કરાવવામાં આવી હતી. જેણે બ્યુટી પાર્લરના કામમાં 25 થી 30 હજારની કમાણી કરાવવાની લાલચ આપવામાં આવી હતી. મૂળ ઉત્તર પ્રદેશની શ્રમજીવી પરિવારની 14 વર્ષની તરુણી અમરોલી વિસ્તારમાં પરિવાર સાથે રહેતી હતી. એમ્બ્રોડરીના ખાતામાં ધાગા કટીંગ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. ગત આઠ માર્ચના રોજ તરુણી ત્યાં પહોંચી ન હતી. પરિવારને જાણ થતા શોધખોળ હાથ ધરી હતી. જોકે કોઈ અતોપતો લાગ્યો ન હતો. તેથી અમરોલી પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

14 વર્ષની કિશોરી હોવાના કારણે પોલીસે પણ આ આખા કેસને ગંભીરતાથી લીધો હતો. જોકે કોઈ કડી મળી ન હતી. દરમિયાન તરુણીનો ભાઈ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને તેની બહેને સંપર્ક કર્યો હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ તાત્કાલિક સતર્ક થઈ ગઈ હતી અને ઈન્ટેલિજન્ટ અને હ્યુમન રિસોર્સ દ્વારા તરુણીને બચાવવામાં લાગી ગયા હતા.

---

# જામનગરમાં માસુમ બાળકીને છરીના ઘા ઝીંકી સંબંધી વૃધ્ધ દ્વારા હત્યા

જામનગર | જામનગરમાં એડવોકેટની સરાજાહેર હત્યા થયાની ઘટના બાદ સપ્તાહના માં જ બીજી હત્યાની ઘટના બનતાં ભારે ચકચાર જાગી છે. અને કાયદો અને વ્યવસ્થા ની પરિસ્થિતિ અંગેના સવાલો ઉઠયા છે. જામનગરના રાજપાર્ક વિસ્તારમાં રહેતી બાર વર્ષની બાળકી પર તેના પાડોશમાં જ રહેતા એક ટ્રક ચાલકે છરી વડે હુમલો કરી હત્યા નિપજયાની ઘટના સામે આવતાં ભારે અરેરાટી પ્રસરી છે. જિલ્લા પોલીસવડા સહિતનો પોલીસ કાફલો દોડતો થયો છે, અને ભાગી છૂટેલા આરોપીને પકડી લેવા દોડધામ શરૂ કરી છે. દ્રષ્ટિ કારાવદરા નામની બાર વર્ષીય બાળકી કે જે તેના પાડોશમાં જ રહેતા લાલજી કૈલાશભાઈ પંડયા નામના ૬૦ વર્ષના ટ્રક ચાલક વૃદ્ધને ટિફિન દેવા ગઈ હતી, દરમિયાન ટ્રકચાલકે કોઈ કારણસર બાળકી પર છરી વડે હુમલો કરી દઈ હત્યા નીપજાવ્યાનું સામે આવતાં ભારે અરેરાટી પ્રસરી છે. શરૂ સેક્શન રોડ પર પોતાના મકાનના સરકારી કામ સબબ ગયેલા બાળકીના માતા-પિતા બનાવની જાણ થતાં પરત દોડી આવ્યા હતા, અને પોતાની પુત્રીને લોહીથી લથબથ માં જોઈને અવાચક બની ગયા હતા, અને ભારે હૈયાફાટ રુદન કર્યું હતું. ૧૦૮ ની ટુકડી બાળકીને લઈને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચી હતી, પરંતુ ત્યાં તેણીનો માત્ર મૃતદેહ જ પહોંચ્યો હતો, અને ફરજ પરના તબીબે બાળકીને મૃત્યુ પામેલી જાહેર કરી હતી, જેથી બનાવ હત્યામાં પલટાયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં એસ.પી. પ્રેમસુખ ડેલુ, ડી. વાય.એસ.પી. જે.એન. ઝાલા, પોલીસ ઈન્સ્પેક્ટર એન. કે. ચાવડા સહિતના અધિકારીઓ તથા પોલીસ સ્ટાફ વગેરે બનાવના સ્થળે અને જી.જી. હોસ્પિટલે દોડી ગયા હતા.

---

## ચૂંટણી ટાણે મોરબીમાંથી દારૂનું ગોડાઉન ઝડપાયું...

# સ્ટેટ મોનિટરિંગ સેલે ફ્રૂટ્સ અને મીઠાનાં બોક્સમાંથી 61,000 દારૂની બોટલ ઝડપી, 2.18 કરોડનો માલ જપ્ત

મોરબી | લોકસભા ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે મોરબીમાં મોડીરાત્રે ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી મોરબી તાલુકાના લાલપર ગામ નજીક વિદેશી દારૂનું ગોડાઉન ઝડપી પાડ્યું છે. SMCએ ફ્રૂટ્સ અને મીઠાનાં બોક્સમાંથી દારૂની 3210 પેટી કબ્જે કરી છે. સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડામાં દારૂની 61 હજાર બોટલ સાથે રૂપિયા 2.18 કરોડનું મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યું છે. મોરબીથી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપાયો હોય દારૂની બોટલોની ગણતરી કરવામાં પોલીસને આખી રાત લાગી હતી. આ સાથે 10 આરોપીઓની પણ ધરપકડ કરી છે. સુત્રોમાંથી મળતી વિગતો મુજબ મોરબી-વાંકાનેર હાઈવે ઉપર લાલપર ગામ નજીક આવેલ લાલપર એસ્ટેટ તરીકે ઓળખાતી જગ્યામાં આવેલ શ્રીરામ ગોડાઉનમાં ગત મોડીરાત્રે ગાંધીનગરથી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી દારૂનો મોટો જથ્થો પકડી પાડી ગોડાઉનમાં હાજર રહેલા શખ્સોને અટકાયત કરી હતી. વિદેશી દારૂનો મોટો જથ્થો પકડી પાડતા ચકચાર મચી જવા પામી છે. SMCના Dy.sp કે.ટી.કામરિયાએ જણાવ્યું હતું કે, અમદાવાદના જીમિત શંકરલાલ પટેલ નામના શખ્સે લાલપરના ભવાનીસિંગ પાસેથી પાંચ મહિના પહેલા ગોડાઉન ભાડે રાખી દારૂનું મોટા પ્રમાણમાં કટિંગ કરવાનું શરૂ કર્યું હોવાની બાતમી SMCને મળતા ગોડાઉન ખાતે દરોડો પાડવામાં આવ્યું હતું. જેમાં 61 હજાર જેટલી દારૂની બોટલો રહેલી હતી. જેની કિંમત 1.51 કરોડ જેટલી થાય છે. આ ઉપરાંત 7 જેટલા વાહનો સ્થળ પરથી મળી આવ્યા છે. જેની કિંમત 66.55 લાખ થાય છે. તેમજ 10 મોબાઈલ સહિત કુલ રૂપિયા 2.18 કરોડનું મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યું છે. મોરબીથી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપાયો હોય એસએમસીની ટીમેને રાતભર ગણતરી કરવી પડી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદના જીમિત પટેલ નામના આરોપી દ્વારા રાજસ્થાનના ભરત મારવાડી અને રાજા રામ મારવાડી પાસેથી દારૂ મંગાવી બાદમાં અહીં મોરબી, વાંકાનેર, હળવદ, થાન અને ચોટીલા સહિતના વિસ્તારમાં દારૂનું વેચાણ કરવામાં આવતો હોવાની કબૂલાત પકડાયેલ આરોપીઓએ આપી હતી. સાથે જ આરોપી જીમિતે કચ્છના રમેશ પુંજા પટ્ટણી નામના શખ્સને દારૂના ધંધામાં કેશિયર તરીકે નોકરીએ રાખ્યો હોવાનું અને બધો જ વહીવટ રમેશ કરતો હોવાનું તપાસમાં ખુલ્યું છે.

**દારૂનો ધંધો કરનાર મુખ્ય સૂત્રધાર ફરાર:** પૂછતાછ કરતા અઠવડીયામાં બે ગાડીનું કટિંગ કરવાં આવતું હોવાની કબૂલાત આપી હોવાનું ડીવાયએસપી કામરીયાએ જણાવ્યું હતું. જો કે, આટલા મોટા પાયે દારૂનું કટિંગ થતું હોવા છતાં સ્થાનિક પોલીસ કેમ અંધારામાં રહી તે તપાસનો વિષય બન્યો છે. હાલ તો એસએમસીએ મોરબી તાલુકા પોલીસ મથકમાં 10 આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધાવવા તજવીજ શરૂ કરી છે. જો કે ગોડાઉન ભાડે રાખી દારૂનો ધંધો કરનાર જીમિત પટેલ અને રાજસ્થાનના બે શખ્સ હજુ હાથ લાગ્યા ન હોય ત્રણેયને ફરાર દર્શાવવામાં આવ્યા છે.

---

## ચોરીનો અંજામ આપનારા દયાપરના બે યુવકોને સોમવારે ઝડપી પાડ્યા હતા

# માતાનામઢ GMDCમાં લોકર ચોરીનો ભેદ ઉકેલાયો, બે તસ્કર ઝડપાયા...

કચ્છ (ભુજ) | લખપત તાલુકાના માતાનામઢ નજીક આવેલ જીએમડીસી લિગ્નાઈટ ખાણના કેમ્પસમાં આવેલી મહાલક્ષ્મી પી. સી.પટેલ કન્સોલીટીયમની ઓફિસના કિચનની રૂમની બારી ખોલી રોકડ રૂપિયા 1.80 લાખ રાખેલ લોકરની થયેલ તસ્કરીનો ભેદ દયાપર પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી લીધો હતો ચોરીનો અંજામ આપનારા દયાપરના બે યુવકોને સોમવારે ઝડપી પાડ્યા હતા.

પોલીસ મથકના પી.એસઆઈ કે એ જાડેજાએ જણાવ્યું હતું કે કંપનીમાં કેશીયર તરીકે ફરજ બજાવતા આશિષ નટવરલાલ ભગતે ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે જીએમડીસી લિગ્નાઈટ ખાણના કેમ્પસમાં આવેલી પોતાની ઓફિસના કિચનની બારી ખોલી લોકરમાં ગત 12 માર્ચના રોકડા રૂ.1.80 લાખની રકમ રાખેલી હતી શનિવારે ચુકવણું કરવા માટે રૂપિયાની જરૂરત પડતાં ફરિયાદીએ ઓફિસમાં જઈને જોતા આખું લોકર ગાયબ હતું. જેની તપાસ કર્યા બાદ લોકર ન મળતા અજાણ્યા શખ્સ વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ તપાસમાં કંપનીની ઓફિસમાં લગાવવામાં આવેલા સીસી કેમેરા અને હ્યુમન ઈન્ટેલિજનના આધારે બે બુકાનીધારી યુવકો લોકરની ઉઠાંતરી કરતા નજરે



પડ્યા હતા. શંકાના આધારે પોલીસે દયાપર ગામના નાસીર તાલબ નોતીયાર ઉ.વ.22 તેમજ હબીબ સલેમાન નોતીયાર ઉ. વ. 27 ની અટકાયત કરીને તેઓની આકરી પૂછપરછ કરતા બંને જણે ગુનો કબૂલી લીધો હતો. આરોપીઓને નખત્રાણા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ કામગીરીમાં સ્ટાફના જીતુભાઈ પરમાર, ભરત રાણા તેમજ માધુસિંહ ચૌહાણ જોડાયા હતા.

### ખેડા જિલ્લા આરોગ્ય શાખા દ્વારા વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવાશે

# ડાકોરમાં ફાગણી પુનમના મહા મેળા માટે 10 આરોગ્ય કેન્દ્ર ઉભા કરાશે

આણંદ | ડાકોર ફાગણી પુનમ મેળા પદયાત્રી રૂટ ઉપર કુલ-૧૦ પ્રાથમિક સારવાર કેન્દ્રો ઉભા કરી પદયાત્રીઓને આરોગ્ય અને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવશે. જેમાં રણછોડજીના મંદિર માટે કનીજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ઈશ્વર ફાર્મ, આમસરણ માટે ઘોડાસર, ખાત્રજ ચોકડી માટે મોદજ, સિંહુજ ચોકડી માટે સિહુંજ, મહુધા ચોકડી માટે સિંઘાલી, નાની ખડોલ બસ સ્ટેન્ડ પાસે નાનીખડોલ, જશુબા આશ્રમ મોટીખડોલ, અલીણા ચોકડી અને જશુબા આશ્રમ મોટીખડોલ માટે અલીણા, કૃષ્ણધામ બોરડી અને વનકુટીર માટે ચેતરસુંબા પ્રાથમિક આરોગ્ય દ્વારા પદયાત્રીઓને આરોગ્ય વિષયક સેવાઓ પુરી પાડવામાં આવશે.

પદયાત્રી રૂટ પર કુલ-૫ પ્રાથમિક સારવાર કેન્દ્રો આયુર્વેદિક/હોમીયોપેથીક સારવાર મળી રહે તે માટે સારવાર કેન્દ્રો પર આયુર્વેદક/હોમીયોપેથીક તબીબોને ફરજ સોપવામાં આવેલ છે. પીવાના પાણીનું વોટર કવોલીટી મોનીટરીંગ આર.સી.ટેસ્ટ દ્વારા રાસ્કાથી ખાત્રજ ચોકડી, ખાત્રજથી મહુધા ચોકડી અને મહુધાથી વનકુટિર સુધી કુલ-૩ મોબાઈલ ટીમ દ્વારા મોનીટરીંગ કરવામાં આવશે.

ડાકોર શહેરી વિસ્તારમાં ૩ મોબાઈલ ટીમો દ્વારા પીવાના પાણીની ટાંકી, ટેન્કરોનું કલોરીનેશન હાથ ધરવામાં આવશે અને આર.સી. ટેસ્ટની ચકાસણી હાથ ધરવામાં આવશે. ડાકોર શહેરી વિસ્તારમાં-૭ આરોગ્ય કર્મચારીઓની ટીમો દ્વારા ધર્મશાળાઓ, હોટલો, લારી-ગલ્લા તથા આશ્રય સ્થાનોમાં કલોરીનેશન, સેનીટેશન અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

ડાકોર પદયાત્રી રૂટ તેમજ શહેરી વિસ્તારમાં ફૂડ સેનીટેશનની કામગીરી માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવા જણાવવામાં આવેલ છે. ડાકોર શહેરી વિસ્તારમાં કલોરીનેશન સેનીટેશન તેમજ સ્વચ્છતા જળવાય તે માટે ડાકોર નગરપાલિકાના ચીફ ઓફીસરને જણાવાયું છે.

પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પદયાત્રી રૂટમાં ટેન્કર દ્વારા પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવે છે.

### દોઢ વર્ષથી મંજૂર થઈ ગયેલા રોડનું કામ હજુ શરૂ થયું નથી

# રાજુલા ડુંગર રોડ નવો બનાવવામાં કોન્ટ્રાકટરના ઠાગાઠૈયાથી લોકો ત્રસ્ત



રાજુલા | રાજુલા ડુંગર રોડના નવિનીકરણ માટે છેલ્લા દોઢ વર્ષથી મંજુરીની મહોર લાગી ચુકી હોવા છતાં કોન્ટ્રાકટર મનમાની હાથ ધરી રોડનું કામ હાથ પર નહીં લેતા રાહદારીઓ ભારે મુશ્કેલી વેઠી રહ્યાં છે. રાજુલા શહેરમાં આવેલો રાજુલા ડુંગર રોડ ચંદા ગેસ્ટ હાઉસ પાસેથી પસાર થાય છે આ રોડ ચેલ્લા ઘણા સમયથી હાલતમાં છે અવારનવાર રજુઆતો કરવા છતાં આ માર્ગ બનાવવામાં આવ્યો નથી ત્યારે વહેીલ તકે આ માર્ગ મંજુર થઈ ગયો હોવા છતાં કેમ બનાવવામાં આવતો આ રોડના બને તેની પાછળ ક્યાં પરિબળો કામ કરે છે તે સમજાતું નથી જેથી વહેલી તકે આ રસ્તો બનાવવામાં આવે તેવી માંગણી આ વિસ્તારના રહીશોમાં અને શહેરીજનોમાં ઉઠવા પામી છે.જાણવા મળતી વિગત મુજબ રાજુલા ડુંગર રોડ ચંદા ગેસ્ટ હાઉસથી જવાય છે જ્યાં દેવકા વિદ્યાપીઠ સહિત વિવિધ શાળાઓનાં બાળકો વહેલી સવારે જતા હોય છે અને કાયમીના ૨૦ ગામના લોકો અહીંથી અવર જવર કરતા હોય છે અને બર્બ તણા રેલવે સ્ટેશનએ જવા માટે પણ આ જ રસ્તાનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ ચંદા ગેસ્ટ હાઉસથી લઈ અને મહુવા જગાતનાકા સુધી છેલ્લા ઘણા સમયથી રસ્તો છે અવારનવાર રજુઆતો કરવા છતાં હજુ પણ આ રસ્તાનું કામ શરૂ કરવામાં આવ્યું નથી પરિણામે ભારે રોષ વ્યાપી જવા પામ્યો છે આ રસ્તો મંજુર પણ થઈ ગયો છે પરંતુ અમુક પરિબળોના લીધે બનતો નથી તેવું લોકમુખે ચર્ચાય રહ્યું છે ત્યારે વહેલી તકે આ રસ્તો બનાવવામાં આવે તેવી આ વિસ્તારના લોકોમાં અને શહેરીજનોમાં આંગણે ઉઠવા પામી છે.

આ માર્ગ ૨૦૨૨ પછી મંજુર કરી દેવામાં આવ્યો છે પરંતુ દોઢ વર્ષ થવા આવ્યું તેમ છતાં હજુ આ માર્ગ બનાવવામાં આવ્યો નથી અને જે કોન્ટ્રાક્ટરને કામ આપવામાં આવ્યું છે તે કોન્ટ્રાક્ટરના અંગતહિતના કારણે પેટા કોન્ટ્રાક્ટની માથાકુટમાં આ રસ્તો બનાવતા નથી પરિણામે આ પ્રજા હેરાન પરેશાન થઈ રહી છે ત્યારે આવા લે ભાગુ કોન્ટ્રાકટર જે રાજુલા શહેરનું હિત ઈચ્છતા હોય તેવા કોન્ટ્રાક્ટરને બ્લેક લિસ્ટ કરી અને તેની એજન્સી રદ કરી અને કામ તેની પાસેથી લઈ અન્ય કોઈ એજન્સીને આપવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

### અકસ્માત સર્જી ટ્રકનો ચાલક ફરાર થતાં પોલીસ મથકે ગુનો દાખલ

# હાઇવે પર પૂરઝડપે આવતી ટ્રકે 3 વ્યક્તિઓને અડફેટે લેતાં મોત




અંકલેશ્વર | અંકલેશ્વર નેશનલ હાઈવે પર વર્ષા હોટલ યુ ટર્ન પાસે બ્રેક ડાઉન થયેલા ટ્રક પાસે ઉભેલી ત્રણ વ્યક્તિને અન્ય ટ્રકના ચાલકે અડફેટે લેતા મોત નિપજ્યા હતા. અંકલેશ્વરથી સુરત તરફ જતા ટ્રેક પર ત્રણ વ્યક્તિ ઉભી રહી વાતચીત કરતી હતી.તે દરમિયાન પાછળથી આવતી ટ્રકે ત્રણેયને અડફેટે લીધા હતા.સુરતના માંગરોળ તાલુકાના ધામરોડ ગામ ખાતે આવેલા મહાદેવ હોટલ પાછળ રહેતા બાથાભાઈ સોહલા પોતાના કાકાના દીકરા સુરેશ ભાઈ સોહલા અને તેના ભાઈ મોહન ભાઈ સોહલા સાથે અંકલેશ્વરની વર્ષા હોટલ પાસે તેમના ટ્રાન્સપોર્ટની ટ્રક બ્રેકડાઉન થઈ હોવાથી જોવા માટે કાર લઈ નીકળ્યા હતા.તેવો વર્ષા હોટલ યુ ટર્ન પાસે પહોંચી જોતા ટ્રક રોડ વચ્ચે બ્રેક ડાઉન થઈ ઉભી હતી.આ દરમિયાન બાથાભાઈ સોહલા લઘુશંકાને લઈ રોડ સાઈડ પર ગયા હતા.તે દરમિયાન સુરેશ ભાઈ સોહલા અને તેના ભાઈ મોહન ભાઈ સોહલા અને બ્રેક ડાઉન થયેલ ટ્રકના ચાલક શૈતાન લક્ષ્મણ વડખીયા (રહે રાજસ્થાન, પીપલી પાડા) સાથે ટ્રક પાછળ જઈ ટ્રક જોઈને વાતચીત કરી રહ્યા હતા. આ વેળા સુરત તરફ જતી એક ટ્રકના ચાલક અચાનક તેમના તરફ ધસી આવ્યો હતો અને ૩ ઈસમોને અડફેટે લઈ બ્રેક ડાઉન થયેલા ટ્રકમાં ભટકાઈ ગયો હતો.અકસ્માતને પગલે લોકો દોડી આવતા ટ્રક ચાલક ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો.સ્થળ પર ગંભીર ઈજાના પગલે મોહનભાઈ સોહલા અને બ્રેકડાઉન ટ્રકના ચાલક શૈતાન લક્ષ્મણ વડખીયા સ્થળ પર જ મોત નીપજ્યુ હતુ,

### કીડીને મણ અને હાથીને પણ મણ ભાવનગર જિલ્લામાં ચાલતું અનોખું સેવાકાર્ય

# સેવાયજ્ઞા : ત્રંબક ગામ ખાતે કીડીઓ માટે 310 મણ કીડીયારું તૈયાર કરાયું



ભાવનગર | આપણાં શાસ્ત્રોમાં કીડીયારું પુરવાનો અનેરો મહિમા રહેલો છે. ભાવનગર જિલ્લામાં છેલ્લા ૧૫ વર્ષથી કોઈ પણ સ્વાર્થ વગર નાના જીવ માટે અનોખો સેવાયજ્ઞા ચાલી રહ્યો છે. કીડીઓ ખાઈ શકે તે માટે માળનાથ નજીક આવેલા ત્રંબક ગામ ખાતે ગામની બહેનો દ્વારા છેલ્લા ૧૫ દિવસમાં ૩૧૦ મણ કીડીયારું તૈયાર કરાયું છે. આ ૩૧૦ મણ કીડીયારું આગામી દિવસોમાં માળનાથના ડુંગરો પર પુરવામાં આવશે.

કીડીને કણ અને હાથીને મણ કહેવતથી વિપરિત કીડીને મણ અને હાથીને પણ મણ તેવો સેવાયજ્ઞા ભાવનગર જિલ્લામાં છેલ્લા ૧૫ વર્ષથી ચાલી રહ્યો છે. મુળ તરપાળાના અને હાલ ભાવનગરમાં સ્થાયી થયેલા વિનુભાઈ ભીમાણી તેમના માતાની કીડીયારું પુરવાની નિયમિતતાથી પ્રેરાઈને છેલ્લા ૧૫ વર્ષથી કીડીઓ ખાઈ શકે તે માટે કીડીયારું બનાવી અને કીડીયારું પુરવાનો સેવાયજ્ઞા ચલાવી રહ્યાં છે. શરુઆત ૧૦ મણ કીડીયારુંથી કરી હતી પરંતુ આજે ભાવનગર ડાયમંડ માર્કેટના સહયોગથી ૩૧૦ મણ કીડીયારું તૈયાર કરાયું છે. શરૂઆતમાં અલગ-અલગ જગ્યાએ તેમના દ્વારા કીડીયારું પુરવાની પ્રવૃત્તિ ચાલતી હતી. પરંતુ છેલ્લા ૭ વર્ષથી ઘોઘા તાલુકાના માળનાથના ડુંગર નજીક આવેલા ત્રંબક ગામમાં આવેલી બાપા સીતારામની મઢુલી ખાતે ગામમાં સારી ગુણવત્તાના ઘઉં, ગોળ અને દેશી ઘી જેવી સામગ્રી એકઠી કરી કીડીયારું બનાવવામાં આવે છે. ગયા વર્ષે ૨૬૨ મણ કીડીયારું તૈયાર કરાયું હતું. આ વર્ષે ૪૭ મણ વધારે એટલે કે ૩૧૦ મણ કીડીયારું તૈયાર કરાયું છે. જેના માટે ૨૦૦ મણ ઘઉં, ૧૦૦ મણ ગોળ અને ૨૦૦ કિલો ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ કિડીયારું બનાવવામાં સૌથી મોટો સહયોગ ત્રંબક ગામની બહેનોનો રહ્યો છે. જેમણે છેલ્લા ૧૫ દિવસમાં આ કિડીયારું તૈયાર કર્યું છે. આ કીડીયારું માળનાથના ડુંગરોમાં પુરવામાં આવશે અને બાકીનું કીડીયારું ૫ હજાર નંગ શ્રીફળમાં ભરીને માળનાથના ડુંગરોમાં મુકવામાં આવશે.

# નખત્રાણાના દેશલપર ફાટક પાસે કારની ટકકરે બાઇક સવાર બે યુવાનના મોત

**અઠવાડીયા પૂર્વેની ઘટના બાદ મૃતકના મામાએ નખત્રાણા પોલીસ મથકે નોંધાવી ફરિયાદ**

ભુજ | નખત્રાણા તાલુકાના દેશલપર ગુંતલી આગળ પેટ્રોલ પંપ પાસે ગત ૧૧ માર્ચના સાંજે કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતના બનાવમાં ભુજમાં મુજો ગામડો નામના ધાબામાં નોકરી કરતા બે પરપ્રાંતિય યુવકનું સારવાર દરમિયાન મોત થતાં કાર ચાલક વિરૂધ નખત્રાણા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ હતી. મુળ નેપાળના હાલ ભુજ હોસ્પિટલ રોડ પર રહી કલર કામ કરતા રામસિંહ જહરસિંહ ભંડારીની ફરિયાદને ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, અકસ્માતનો બનાવ ગત ૧૧ માર્ચના સાડા ચાર વાગ્યાના અરસામાં દેશલપર ફાટકથી આગળ ઈન્ડિયન પેટ્રોલ પંપ પાસે બન્યો હતો. ફરિયાદીના ભાણેજ રોશન માનબહાદુર કુંવર તથા તેમની સાથે કામ કરતા નાનારામ ગુલરામ અંગારી બન્ને જણાઓ મોટર સાયકલથી દેશલપરથી આગળ જઈ રહ્યા હતા. ત્યારે પેટ્રોલ પંપ પાસે સામેથી આવતી કારના ચાલકે બાઈકને અડફેટે લેતાં બાઈક સવાર બન્ને યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર માટે ભુજ બાદ અમદાવાદ રીફર કરાયા હતા. જ્યાં સારવાર દરમિયાન એક યુવાનનું ૧૨ માર્ચના તેમજ બીજા યુવાનનું ૧૪ માર્ચના મૃત્યુ થયું હતું. હતભાગીઓની અંતિમ વિધિ પૂર્ણ કર્યા બાદ કાર ચાલક વિરૂધ ફરિયાદ નોંધાવી હતી. નખત્રાણા પોલીસે બનાવની નોંધ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

### સામાન્ય ખર્ચાની રાહે 10 થી 15 વાહનો બિનઉપયોગી પડયા છે

# સિહોર : લોકોની સુખાકારી માટે ઉપયોગમાં લેવાતા વાહનો બંધ હાલતમાં



સિહોર | સિહોર નગરપાલિકામાં સામાન્ય ખર્ચો નહી થઈ શકવાના કારણે લોકોની સુખાકારી માટે ઉપયોગમાં લેવાતા ૧૦ થી ૧૫ વાહનો બિનઉપયોગી હાલતમાં પડયા છે. આ વાહનોમાં ટેમ્પલ બેલ, સ્ટ્રીટલાઈટ મેઈન્ટેનન્સના વાહનો છે અને આ વાહનો બંધ રહેવાના કારણે શહેરમાં સ્વચ્છતાનો અભાવ અમુક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાની સ્થિતિ નિર્માણ પામી છે.

સિહોર નગરપાલિકાને સરકાર તરફથી મળેલા વાહનો બિસ્માર સ્થિતિમાં છે. નગરપાલિકાના જુદાં-જુદાં વોર્ડમાં સ્ટ્રીટ લાઈટના મેઈન્ટેનન્સ માટેના લાઈટિંગ વિભાગના ટાવર લોડર ખખડધજ હાલતમાં છે. તેવી જ રીતે સેનેટરી વિભાગમાં ડોર ટુ ડોર કચરો એકઠો કરતા વાહનો પણ ખખડધજ અને બંધ હાલતમાં છે. આવા વાહનો બંધ હોવાથી શહેરમાં ઠેર-ઠેર કચરાના ઢગલાં જામી રહ્યાં છે તથા કેટલાંક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેવાના કારણે રાતના સમયે અંધારપટ જેવી સ્થિતિ નિર્માણ પામી રહી છે. આના કારણે નાગરિકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે. પ્રાથમિક સુવિધાના વાહનોનું સમયાંતરે સમારકામ થતું રહેવું જરૂરી છે પરંતુ બીલ ચૂકવણીની જટિલ પ્રક્રિયાના કારણે આ કામમાં વિલંબ થઈ રહ્યો છે જેના કારણે સામાન્ય નાગરિકોને અસુવિધા થઈ રહી હોવાથી લોકોમાં રોષ પણ જોવા મળી રહ્યો છે.

# ઘરેલું હિંસાથી ત્રસ્ત 165 મહિલાઓએ મહિલા હેલ્પલાઇનમાં મદદ માંગી

આણંદ | મહિલાઓમાં વધુ વિશ્વસનીય બનતી અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈનને આણંદ જિલ્લામાંથી ફેબ્રુઆરી માસ દરમ્યાન ૪૧૫ કોલ મળ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. જે પૈકી સૌથી વધુ ઘરેલુ હિંસાના ૧૬૫ કોલનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે મહિલા અભયમની ટીમ દ્વારા કોલ આવતા જે-તે સ્થળે પહોંચી જઈ લાગતા-વળગતા વ્યક્તિઓનું કાઉન્સેલીંગ કરી સુખદ સમાધાન કરાવ્યું હતું.મહિલાઓ ઉપર થતા શારીરિક, માનસિક કે જાતીય અત્યાચાર તેમજ ઘરેલુ હિંસા સહિતના અન્ય પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ, સલાહ કે માર્ગદર્શન મળી રહે તે માટે ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ ગૃહ વિભાગ અને ઈ.આર. ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈન વર્ષ ૨૦૧૫થી સમગ્ર રાજ્યમાં કાર્યરત કરવામાં આવી છે. આણંદ જિલ્લામાં મહિલા પોલીસ મથકમાં કાર્યરત મહિલા અભયમને ફેબ્રુઆરી માસ દરમ્યાન કુલ ૪૧૫ કોલ મળ્યા હતા.

# ભુજના છઠ્ઠી બારી વિસ્તારમાં ભરબજારે ધોળા દહાડે મોબાઇલની ચોરી

ભુજ | ભુજના છઠ્ઠીબારી વિસ્તારમાં ધોળા દહાડે ભરચક વિસતારમાં આવેલી સબીના ઇલેટ્રોનિકની દુકાનમાં ભીડનો લાભ લઇ ખરીદી માટે આવેલા મુંદરાના ગ્રાહકની નજર ચુકવીને ગઠીયો કડા કરી ખીસ્સામાંથી મોબાઇલ સેરવી રફુચકર થઇ જતાં ચકચાર મચી જવા પામી છે. ભોગબનારે ભુજ એ ડિવિઝન પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી હતી. પ્રાપ્ત વિગતો મુજબ બનાવ સવારે અગ્યાર વાગ્યાના અરસામાં બન્યો હતો. છઠ્ઠીબારી હાટકેશ કોમ્પલેક્ષમાં આવેલી સબીના ઇલેકટ્રોનિકની આઇટમ વેચતી દુકાનમાં મુંદરા ખાતે ડીશ કેબલનો વ્યવસાય કરતા મોહમદ અમીનભાઇ ખત્રી દુકાનના અગાઉના હિસાબના રૂપિયા આપવા અને અન્ય ચીજ વસ્તુ ખરીદી કરી રહ્યા હતા. અને તેમનો મોબાઇલ શર્ટના ઉપરના ખીસ્સામાં રાખ્યો હતો. દરમિયાન ગ્રાહકોની ભીડમાં પાછળથી એક શખ્સ આવ્યો હતો. અને અમીનભાઇના મોબાઇલ ચોરવા માટે નજર રાખી રહ્યો હતો.

### ભાંડો ફૂટતા પોલીસ ફરિયાદ | 13 થી 15 વર્ષ પૂર્વે બંધ થયેલા ખાતા ફરી બંધ કરી લાખો રૂપિયા ઘરભેગા કર્યા

# પાલિતાણામાં સબ પોસ્ટ માસ્ટરે રૂપિયા 13 લાખની ઉચાપત કરી




ભાવનગર | પાલિતાણા સબ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા ભેજાબાજ સબ પોસ્ટ માસ્ટરે ૧૩થી ૧૫ વર્ષ પૂર્વે બંધ કરી દેવાયેલા ખાતાને ફરી બંધ કરી ખાતાદારોની જાણ બહાર બીજા એકાઉન્ટ ખોલી તેમાંથી ૧૩.૨૨ લાખથી વધુની સરકારી રકમની ઉચાપત કરી હતી. સબ પોસ્ટર માસ્તરનું પાપ છાપરે ચડીને પોકાર્યું હોય તેમ નાણાંકીય ઉચાપતની ગંધ આવતા થયેલી ઈન્કવાયરીમાં ભાંડો ફૂટતા તેની સામે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર પાલિતાણા સબ પોસ્ટ ઓફિસમાં વર્ષ ૨૦૨૧માં પોસ્ટલ આસિસ્ટન્ટ અને વર્ષ ૨૨થી સબ પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતો અનિલ એચ. ત્રિવેદી (ઉ.વ.૫૧, રહે, એમ.-૫૦૧, સ્વસ્તિક આર્કેડ, લીલા સર્કલ, ભાવનગર)એ ચાર ખાતેદારના આર.ડી. ખાતા નંબર કે જે વર્ષ ૨૦૦૮ અને ૨૦૧૧માં હેડ ઓફિસ દ્વારા બંધ કરી ખાતાદારોને તેમના નાણાં ચુકવી આપવામાં આવ્યા હતા. તેમ છતાં સબ પોસ્ટ માસ્ટર એ.એ. ત્રિવેદીએ આ ચારેય આર.ડી. ખાતાને તા.૨૧-૧-૨૦૨૩, તા.૬-૨-૨૦૨૩, તા.૭-૨-૨૦૨૩ અને તા.૧૮-૧૦-૨૦૨૨ના રોજ ખાતેદારોની જાણ બહાર તેમની રૂબરૂ ઉપસ્થિતિમાં બનાવટી સહી કરી ખાતું બંધ કરવાના ફોર્મમાં પોસ્ટ માસ્તર તરીકે સહી-સિક્કા કરી પેમેન્ટ ઓર્ડસ પાસ કરી અગાઉ બંધ થયેલા ખાતાને ફરી બંધ કરી તેની અલગ-અલગ રકમ કે જેમાં રૂા.૯,૬૮,૪૬૧, ૧,૪૫,૮૭૭, ૧,૧૯,૪૪૨ અને ૩,૫૮,૫૧૬ મળી કુલ રૂા.૧૩,૨૨,૨૯૬ની રકમ તે જ ખાતાદારોના બીજા બચત ખાતા ખોલી તેમાં જમા કરી તે જ દિવસે ઉપાડી લઈ સરકારી નાણાંની છેતરપિંડી અને ઉચાપત કરી ખાતાકીય ઈન્કવાયરીના કામે અવર્ગીકૃત પ્રાતિ (અનક્લાસીફાઈડ રિસીપ્ટ)માં જમા કરાવ્યા હતા.

સબ પોસ્ટ માસ્ટરની નાણાંની ઉચાપતનું કૌભાંડ સામે આવતા પોસ્ટ વિભાગ તરફથી ખાતેદારોના નિવેદનો લેવામાં આવ્યા હતા. જેમાં તેમણે આવી કોઈ કાર્યવાહી કરી જ ન હોવાનું ધ્યાન પર આવતા આખરે અનિલ એચ. ત્રિવેદીની પૂછતાછ આદરવામાં આવી હતી. જેમાં શખ્સે પણ પોતે સરકારી નાણાંની ઉચાપત કર્યાની કબૂલાત આપતા આ મામલે આજે બુધવારે પાલિતાણા સબ ડિવિઝનના ઈન્સ્પેક્ટર ઓફ પોસ્ટ ઓફિસીસ દિવ્યેશભાઈ દિલીપભાઈ વાઘેલાએ સસ્પેન્ડેડ સબ પોસ્ટ માસ્ટર અનિલ ત્રિવેદી સામે પાલિતાણા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે આઈપીસી ૪૦૬, ૪૦૭, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯, ૪૭૧ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પાલિતાણા પોસ્ટ ઓફિસના સબ પોસ્ટર માસ્ટર અનિલ એચ. ત્રિવેદીનું કારસ્તાન બહાર આવતા ભાવનગર હેડ પોસ્ટ ઓફિસ અને રાજકોટ સ્થિત રિજીયન કચેરી દ્વારા તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો હતો. ખાતાકીય તપાસમાં ખૂદ સબ પોસ્ટ માસ્ટરે સરકારી નાણાંની ઉચાપત કર્યાની કબૂલાત આપતા તેના અને જે ખાતેદારોના નામે લાખો રૂપિયા ચાઉં કર્યા હતા. તેમના નિવેદનો નોંધવામાં આવ્યા હતા અને ત્યારબાદ પ્રથમ તો એ.એચ. ત્રિવેદીને સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ-ભાવનગર ડિવિઝન દ્વારા મેમો ફટકારી તાત્કાલિક અસરથી ફરજ મૌકૂફ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ હવે તેની સામે કાયદાનો ગાળિયો કસવા પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે.

### અલિન્દ્રા અને પલાણા પીએચસી ઈન્ચાર્જના હવાલે

# વસો તાલુકાના બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મેડિકલ ઓફિસર જ નથી

નડિયાદ | વસો તાલુકાના ૨૨ જેટલા ગામોની પ્રજાની આરોગ્ય સુખાકારી માટે ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી અલીન્દ્રા તેમજ પલાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસરની જગ્યા ખાલી હોવાથી આરોગ્ય સેવાઓ પર માઠી અસર થઈ રહી છે. ત્યારે સત્તાધીશો દ્વારા તાકીદે બંને આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસરની નિમણૂક કરવા લાગણી અને માંગણી વ્યાપી છે.વસો તાલુકામાં પીજ, પલાણા, અલીન્દ્રા તેમજ ખાંધલી ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે. આરોગ્ય કેન્દ્રમાંથી પીજ તેમજ ખાંધલી આરોગ્ય કેન્દ્રમાં પૂર્ણ સમયના મેડિકલ ઓફિસર ફરજ બજાવી રહ્યા છે. જ્યારે અલીન્દ્રા તેમજ પલાણા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ઘણા સમયથી મેડિકલ ઓફિસરની જગ્યાઓ ખાલી છે. હાલમાં અન્ય આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ઈન્ચાર્જ તરીકે સેવા આપી રહ્યા છે. આ મેડિકલ ઓફિસરને બબ્બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવવા ઉપરાંત મીટીંગો તેમજ સરકારી કાર્યક્રમોમાં પણ જવાનું હોય છે. જેથી આરોગ્ય કેન્દ્રમાં પૂરતો સમય આપી ન શકતા હોવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને સારવાર માટે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. તેમાં પલાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ચાલુ નોકરીએ ગાંધીનગર પિડિયાટ્રિકનો અભ્યાસ કરી રહ્યા છે. જેથી ઘણા સમયથી આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસરની જગ્યા ખાલી છે. તેમના અભ્યાસ પૂર્ણ થયા બાદ તેઓની વર્ગ-૧ બાળ રોગ નિષ્ણાત તરીકે નિમણૂક થવાથી આ જગ્યા ખાલી જ રહેવાની સંભાવના છે. ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા વહેલી તકે અલીન્દ્રા તેમજ પલાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડિકલ ઓફિસરની નિમણૂક કરવા પ્રબળ લાગણી અને માંગણી ઉઠી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
ધનની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો! આજે તમે તમારા પરિવારમાં શાંતિદૂતનું કામ કરશો.

**વૃષભ (બ,વ,ઉ)**
વધુ પડતું ભોજન લેવાનું ટાળો અને તમારા વજન પર નજર રાખો. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.

**મિથુન (ક,છ,ઘ)**
તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**કર્ક (ડ,હ)**
કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજના દિવસે લાભ થવાની શક્યતા છે. દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો.

**સિંહ (મ,ટ)**
શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ)**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. આ રાશિના વેપારીઓને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.

**તુલા (ર,ત)**
તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર તાણ બિનજરૂરી રીતે આવી શકે છે.

**વૃશ્ચિક (ન,ય)**
પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર ધ્યાન આપો.

**ધન (ભ,ધ,ફ)**
જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી.

**મકર (ખ,જ)**
આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે.

**કુંભ (ગ,શ,સ)**
તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે.

# ભારત અને પેરુની FTAના અટવાયેલા મુદ્દાઓ ઉકેલવા તરફ આગેકુચ



નવી દિલ્હી | ભારત અને પેરુ પ્રસ્તાવિત ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (ખ્છ) ના માળખામાં મુખ્ય બાકી મુદ્દાઓ ઉકેલવાની નજીક છે. જાણકાર સુત્રોએ કહ્યું હતું કે બંને દેશો આ મુદ્દાઓને ઉકેલવા પર નજર રાખી રહ્યા છે. બંને દેશો નવી દિલ્હીમાં ૮ એપ્રિલથી સાતમા રાઉન્ડની બેઠક શરૂ કરવા જઈ રહ્યા છે. આ પહેલા બંને દેશો સેવાઓ અને માલસામાન પર છૂટની યાદી શેર કરવા પર વિચાર કરી રહ્યા છે.ભારત-પેરુ વેપાર કરાર માટે વાટાઘાટો ૨૦૧૭ માં શરૂ થઈ હતી અને તેનો પાંચમો રાઉન્ડ ઓગસ્ટ ૨૦૧૯માં પૂર્ણ થયો હતો. જો કે, કોરોનાને કારણે વાટાઘાટો અટકાવી દેવામાં આવી હતી. બંને દેશો વચ્ચે આ વર્ષે ફેબ્રુઆરીમાં ફરી વાતચીત શરૂ થઈ હતી અને છઠ્ઠો રાઉન્ડ ગયા મહિને પેરુના લિમામાં પૂર્ણ થયો હતો. ગયા મહિને જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, 'આ વેપાર કરાર આ દેશોના નાગરિકો અને ઉદ્યોગસાહસિકો માટે વધુ વેપારની તકો ઉભી કરશે.' આ ઉપરાંત આર્થિક અને વ્યાપારી સંબંધો પણ મજબૂત થશે. પેરુ વાસ્તવમાં ભારતનો ૪૩મો સૌથી મોટો વેપારી ભાગીદાર છે અને તે બ્રાઝિલ અને ચિલી પછી લેટિન અમેરિકા અને કેરેબિયન ક્ષેત્રમાં ભારતનું ત્રીજું સૌથી મોટું નિકાસ સ્થળ છે.અગાઉ ભારતે ચિલી અને મર્કોસુર દેશો સાથે મર્યાદિત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. મર્કોસુર દેશોમાં આર્જેન્ટિના, બ્રાઝિલ, ઉરુગ્વે અને પેરાગ્વેનો સમાવેશ થાય છે. પેરુ ઉપરાંત, ભારત હાલમાં ઓમાન, બ્રિટન અને યુરોપિયન યુનિયન સાથે વેપાર કરારની વાટાઘાટો કરી રહ્યું છે. ભારતે ગયા અઠવાડિયે જ ચાર સભ્યોના યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન દેશો સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

# કેનેડામાં જાન્યુઆરીમાં 800 કંપનીઓએ નાદારી નોંધાવી

## 2023માં કેનેડામાં નાદારી નોંધાવવામાં લગભગ 40 ટકાનો વધારો, જાન્યુઆરીમાં આ આંકડો 13 વર્ષમાં સૌથી વધુ

## ધીમે ધીમે કેનેડાનું પણ મંદી તરફ પ્રયાણ : જસ્ટિન ટ્રુડોની સરકારમાં અર્થતંત્રની હાલત કફોડી

અમદાવાદ | બ્રિટન સહિત વિશ્વના ઘણા દેશો હાલમાં મંદીની ઝપેટમાં છે અને હવે કેનેડા મંદીના ભમરામાં ફસાઈ જવાના ભય હેઠળ છે. ભારતે સામે આંખો ઉંચી કરનાર કેનેડાની આર્થિક સ્થિતિ જ ખસ્તા હાલતમાં છે. ૨૦૨૩ના કેલેન્ડર વર્ષમાં દેશમાં નાદારી માટે અરજી કરનાર કંપનીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયા બાદ નવા વર્ષે તો નાદારી અરજી કરનાર કંપનીઓની સંખ્યા રોકેટ ગતિએ વધી હતી. માત્ર જાન્યુઆરીમાં જ ૮૦૦થી વધુ કંપનીઓએ કેનેડામાં નાદારી નોંધાવી છે. અગાઉ ૨૦૨૩માં દેશમાં નાદારી નોંધાવવામાં લગભગ ૪૦ ટકાનો વધારો થયો હતો. હાલમાં નાદારી માટે અરજી કરતી કંપનીઓની સંખ્યા ૧૩ વર્ષમાં સૌથી વધુ છે. કોરોના સમયગાળા દરમિયાન, કંપનીઓને ૪૫,૦૦૦ ડોલરની વ્યાજમુક્ત લોન આપવામાં આવી હતી, જેની



ચૂકવણીની અંતિમ તારીખ જાન્યુઆરીમાં સમાપ્ત થઈ હતી. નાની કંપનીઓ કેનેડાના જીડીપીમાં લગભગ ૩૩ ટકા હિસ્સો ધરાવે છે. આ જોઈને આશંકા સેવાઈ રહી છે કે કેનેડા મંદી તરફ આગળ વધી રહ્યું છે.

કેનેડા સરકારના આંકડાઓ અનુસાર દેશનું અર્થતંત્ર મજબૂત છે પરંતુ નાની કંપનીઓ અને અનેક ગ્રાહકો સંઘર્ષ કરી રહ્યા છે. કેનેડાની અર્થવ્યવસ્થા ડિસેમ્બરમાં ૦.૩ ટકા વધવાની ધારણા છે. ત્રીજા ક્વાર્ટરમાં દેશના જીડીપીમાં ૧.૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. સતત બે ક્વાર્ટરમાં અર્થતંત્રમાં ઘટાડાને મંદી કહેવામાં આવે છે. આ રીતે જોવામાં આવે તો કેનેડા હાલમાં મંદીના મારથી બચી ગયું છે પરંતુ જાન્યુઆરીના ખરાબ આર્થિક આંકડા ફરી મંદીનો ભય ઉભો કરી રહ્યાં છે.હાલમાં બ્રિટન સહિત વિશ્વના ૮ દેશો મંદીમાં ફસાયા છે. બ્રિટન ઉપરાંત ડેનમાર્ક, એસ્ટોનિયા, ફિનલેન્ડ, લક્ઝમબર્ગ, મોલ્ડોવા, પેરુ અને આયર્લેન્ડનો સમાવેશ થાય છે.

રસપ્રદ વાત એ છે કે આમાંથી છ દેશો યુરોપના છે. આ યાદીમાં આફ્રિકા અને ઉત્તર અમેરિકાનો કોઈ દેશ નથી. જાપાન મંદીમાંથી બચ્યું છે. અન્ય ઘણા દેશોમાં પણ મંદીનું જોખમ છે જેમાં જર્મની અને કેનેડા પણ સામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેનેડાના રાષ્ટ્રપતિ જસ્ટિન ટ્રુડોએ ગત વર્ષે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણી હોવાનો આરોપ લગાવ્યો હતો. આ પછી બંને દેશો વચ્ચે તણાવ ઘણો વધ્યો છે. બંને દેશોએ એકબીજાના ટોચના રાજદ્વારીઓને હાંકી કાઢયા હતા.

# 17 વર્ષ બાદ બેંક ઓફ જાપાને વ્યાજ દરમાં કરેલો 0.1 ટકાનો વધારો



ટોકયો : આઠ વર્ષના ગાળા બાદ બેન્ક ઓફ જાપાનેગેટિવ વ્યાજ દરના યુગને ખતમ કરીને વ્યાજ દરમાં ૨૦૦૭ બાદ પહેલી વખત વધારો કર્યો છે. બેન્ક ઓફ જાપાનના ગવર્નર કાઝુ ઉએડાએ હળવી નાણાં નીતિનો મંગળવારે અંત આણી વ્યાજ દરને શૂન્યની નજીક લાવી દીધો છે.દેશની ધૂંધળી આર્થિક રિકવરી બેન્ક ઓફ જાપાનને વ્યાજ દરમાં વધારો કરવામાં ધીમી ગતિએ આગળ વધવા ફરજ પાડી રહી છે. દેશના ધૂંધળા અર્થતંત્રને ટેકો પૂરો પાડવા બેન્ક ઓફ જાપાન છેલ્લા કેટલાક વર્ષોથી નેગેટિવ વ્યાજ દરની નીતિ ધરાવતી હતી. અર્થતંત્રને ટેકો પૂરો પાડવા જાપાને સસ્તા દરની બિનપરંપરાગત એવી નાણાં નીતિ અપનાવી હતી.નેગેટિવ વ્યાજ દરની નીતિમાં નાણાં સંસ્થાઓ વતિ બેન્ક ઓફ જાપાન પાસે જમા રહેતી નિશ્ચિત મર્યાદાથી વધુ રકમ પર તે ૦.૧૦ ટકા ચાર્જ વસૂલતી હતી. જાપાનમાં નવો વ્યાજ દર ૦-૦.૧ ટકા વચ્ચે નિશ્ચિત કરાયો છે. ૧૭ વર્ષના ગાળા બાદ વ્યાજ દરમાં પહેલી વખત વધારો કરાયો છે. વ્યાજ દરમાં વધારાથી અર્થતંત્ર પર એકદમ જ સામાન્ય અસલર જોવા મળશે એમ બોફા સિક્યુરિટીઝના એક અર્થશાસ્ત્રીએ જણાવ્યું હતું. ફન્ડિગ કોસ્ટ તથા હાઉસહોલ્ડ મોરગેજ દરમાં ખાસ વધારો થવાની અમે અપેક્ષા રાખતા નથી એમ તેમણે ઉમેર્યું હતું.

જાપાનમાં ફુગાવો ટાર્ગેટના બે ટકાથી વધુ રહેતા નેગેટિવ વ્યાજ દરની સ્થિતિનો અંત આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. બેન્ક ઓફ જાપાનના આજના નિર્ણયને પરિણામે વૈશ્વિક નાણાંકીય બજારને મોટો ધક્કો લાગ્યો છે કારણ કે જાપાનના રોકાણકારો જેઓ વળતર મેળવવા વિદેશમાં નાણાં રોકતા હતા તે ફરી જાપાનમાં ઈન્વેસ્ટ કરવાનું ચાલુ કરી દેશે એમ અન્ય એક વિશ્લેષકે જણાવ્યું હતું.

## સોના-ચાંદીના ભાવમાં સ્થાનિક, વૈશ્વિક કારણો જવાબદાર

# સોનાની કીંમતોમાં તેજી, ચાંદીમાં ઘટાડો, 24 કેરેટ ગોલ્ડનો Latest ભાવ



નવી દિલ્હી | બુધવારે સોનાના સ્થાનિક વાયદાના ભાવમાં થોડો વધારો જોવા મળ્યો હતો. MCX એક્સચેન્જ પર, 5 એપ્રિલ, 2024ના રોજ ડિલિવરી માટેનું સોનું બુધવારે સવારે 0.14 ટકા અથવા રૂ. 90ના વધારા સાથે રૂ. 65,673 પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ થતું જોવા મળ્યું હતું. મંગળવારે રાજધાની દિલ્હીના બુલિયન માર્કેટમાં 24 કેરેટ સોનાનો ભાવ 66,250 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર બંધ થયો હતો. વૈશ્વિક બજારની વાત કરીએ તો બુધવારે સવારે સોના અને ચાંદીના ભાવમાં વધારા સાથે કારોબાર થતો જોવા મળ્યો હતો.બુધવારે સવારે સોના ઉપરાંત ચાંદીના વાયદાના ભાવમાં ઘટાડો થયો છે. બુધવારે સવારે, MCX એક્સચેન્જ પર, 3 મે, 2024 ના રોજ ડિલિવરી માટે ચાંદી 0.07 ટકા અથવા રૂ. 51 ઘટીને રૂ. 75,236 પ્રતિ કિલોના સ્તરે ટ્રેડ થતી જોવા મળી હતી. તે જ સમયે, રાજધાની દિલ્હીમાં મંગળવારે ચાંદીની હાજર કિંમત 500 રૂપિયા ઘટીને 76,500 રૂપિયા પ્રતિ કિલો પર બંધ થઈ હતી. વૈશ્વિક સ્તરે સોનાના વાયદાના ભાવમાં બુધવારે સવારે વધારો જોવા મળ્યો છે. કોમેક્સ પર સોનાની વૈશ્વિક કિંમત 0.11 ટકા અથવા 2.30 ડોલરના વધારા સાથે 2183.50 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી. તે જ સમયે, સોનાની વૈશ્વિક હાજર કિંમત 0.03 ટકા અથવા 0.59 ડોલરના વધારા સાથે 2158.18 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી.

બુધવારે સવારે સોનાની સાથે ચાંદીના વૈશ્વિક ભાવમાં પણ વધારો જોવા મળ્યો હતો. કોમેક્સ પર ચાંદીની વૈશ્વિક કિંમત 0.04 ટકા અથવા 0.01 ડોલરના વધારા સાથે 25.15 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી. તે જ સમયે, ચાંદીની હાજર કિંમત 0.11 ટકા અથવા 0.03 ડોલરના વધારા સાથે 24.94 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થતી જોવા મળી હતી.

# રિયલમી રૂ. 18,999 થી શરૂ થતા રિયલમી નાર્ઝો 70 પ્રો 5G સાથે લો લાઇટ ફોટોગ્રાફી સ્ટાન્ડર્ડને ફરીથી વ્યાખ્યાયિત કરે છે



નવી દિલ્હી : રિયલમી, ભારતમાં સૌથી વિશ્વસનીય સ્માર્ટફોન સેવા પ્રદાતાએ, રિયલમી લાઇન-અપ દ્વારા તેમના સુપર સફળ નાર્ઝોમાં સૌથી નવા ઉમેરાનું અનાવરણ કર્યું - નાર્ઝો 70 પ્રો 5G. રિયલમીનો નાર્ઝો એ સ્માર્ટફોનની સ્ટાઈલિશ લાઈન છે જે વ્યાપક વપરાશકર્તા અનુભવ પ્રદાન કરે છે. ભારતમાં 16 મિલિયનથી વધુના ઝડપથી વિકસતા વપરાશકર્તા આધાર સાથે, રિયલમીનો નાર્ઝો સ્માર્ટફોનની આગામી પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઉપકરણોને અદ્યતન ટેક્નોલોજી અને પ્રીમિયમ સુવિધાઓ સાથે ડિઝાઈન કરવામાં આવ્યા છે જેથી વપરાશકર્તાઓને કર્વથી આગળ રહેવા અને તેમની વ્યક્તિત્વને વ્યક્ત કરવામાં મદદ મળે. નવા રિયલમી NARZO 70 Pro 5G નો હેતુ લો-લાઈટ ફોટોગ્રાફી માટે ઉદ્યોગના ધોરણોને ફરીથી વ્યાખ્યાયિત કરવાનો છે, જે નવીનતા અને શ્રેષ્ઠતા માટે રિયલમીની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. રિયલમી અને એમેઝોન વ્યૂહાત્મક રીતે રિયલમીનો નાર્ઝો લાઇન-અપ લાવવા અને ગ્રાહકોને ઉન્નત શોપિંગ અનુભવ પ્રદાન કરવા માટે રોકાયેલા છે. રિયલમીનો નાર્ઝો ખાસ કરીને Amazon.in પર ઉપલબ્ધ છે અને તેના વપરાશકર્તાઓ માટે અદ્યતન ટેકનોલોજી લાવવા માટે પ્રતિબદ્ધ છે.

## ઓનલાઇન છેતરપિંડીનો થશે પર્દાફાશ..!

# SIM Cardના નિયમમાં TRAIએ કર્યો મોટો ફેરફાર,1 જુલાઈથી સમગ્ર દેશમાં થશે લાગૂ



નવી દિલ્હી | મોબાઈલ સિમ કાર્ડ માટે નવા નિયમોમાં મોટા ફેરફાર થયા છે. TRAI દ્વારા 15 માર્ચ, 2024ના રોજ નવા નિયમો જારી કરવામાં આવ્યા છે. જે 1 જુલાઈ 2024થી દેશભરમાં લાગુ કરવામાં આવશે. ટ્રાઈનું કહેવું છે કે નિયમોમાં ફેરફાર કરીને છેતરપિંડીની ઘટનાઓને રોકી શકાય છે. જો કે આના કારણે સામાન્ય યુઝર્સને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. નવા નિયમો હેઠળ, જો મોબાઈલ વપરાશકર્તાઓએ તાજેતરમાં તેમનું સિમ કાર્ડ સ્વેપ કર્યું છે, તો તેઓ તેમના મોબાઈલ નંબરને પોર્ટ કરી શકશે નહીં. સિમ કાર્ડના નવા નિયમથી ઓનલાઈન છેતરપિંડીની ઝડપથી વધી રહેલી ઘટનાઓને રોકવામાં પણ મદદ મળશે કેમ કે TRAI દ્વારા સિમ સ્વેપને લઈને સૌથી મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જો તમે તમારું સિમ સ્વેપ કર્યું છે, તો તમારે હવે ધ્યાન રાખવું પડશે કેમ કે સિમ સ્વેપ કરાવ્યાના તુરંત બાદ તમે સિમ પોર્ટ નહીં કરાવી શકો.ઉલ્લેખનીય છે કે, જ્યારે સિમ કાર્ડ ખોવાઈ જાય અથવા તૂટી જાય ત્યારે સિમ સ્વેપિંગ થાય છે. સિમ ખોવાવા પર અથવા તૂટવા પર તમારા ટેલિકોમ ઓપરેટર નવુ સિમ આપે તેને સ્વેપિંગ કહેવાય છે.તમને જણાવી દઈએ કે સિમના એક્સચેન્જને સિમ સ્વેપિંગ કહેવામાં આવે છે. જ્યારે સિમ કાર્ડ ખોવાઈ જાય અથવા તૂટી જાય ત્યારે સિમ સ્વેપિંગ થાય છે. જ્યારે આવું થાય, ત્યારે તમે તમારા ટેલિકોમ ઓપરેટરને તમારા જૂના સિમને નવા સિમ સાથે બદલવા માટે કહો.

આજના યુગમાં સિમ સ્વેપિંગની છેતરપિંડી વધી છે. આમાં, છેતરપિંડી કરનારાઓ તમારા પાન કાર્ડ અને આધારના ફોટા સરળતાથી મેળવી લે છે. આ પછી, તમારા નંબર પર પ્રાપ્ત OTP છેતરપિંડી કરનારાઓ સુધી પહોંચે છે.

# એક્સિસ બેન્કે કલા,શિલ્પ અને સાહિત્ય માટે યોજાયેલી સ્પર્ધાના વિજેતાઓની કરી જાહેરાત

નવી દિલ્હી | ભારતમાં ખાનગી સેક્ટરની સૌથી મોટી બેંકો પૈકીની એક અગ્રણી એક્સિસ બેન્કએ 7-14 વર્ષની વયજૂથમાં બાળકો માટે કલા, શિલ્પ તથા સાહિત અંગે એક વાર્ષિક પેન-ઈન્ડિયા કોમ્પિટિશન સ્પ્લેશ(SPLASH)ના છ રાષ્ટ્રીય વિજેતાઓની જાહેરાત કરી છે. આ તમામ છ ફાઈનલિસ્ટ દરેકને રૂપિયા 1 લાખની સ્કોલરશીપથી સન્માનિત કરવામાં આવશે. હેમલેજ, ફેબર કેસલ, અમેરિકન ટુરિસ્ટર તથા બોટ જેવા સહભાગીઓ તરફથી આકર્ષક ઈલેક્ટ્રિક ગેજેટ્સ તથા દરેક રનર્સ-અપને રૂપિયા 50 હજાર આપવામાં આવશે.

એક નવા સીમાચીન્હને દર્શાવતા આ કોમ્પિટીશનમાં સમગ્ર દેશમાંથી 6.8 લાખથી વધારે સહભાગીઓએ ભાગ લીધો હતો,જેમાં વાર્ષિક ધોરણે 36 ટકાનો વધારો થયો છે. આ સ્પર્ધા મારફતે બેંકે ફિઝીટલી (ફિઝીકલી અને ડિજીટલી બન્ને) સ્વરૂપમાં સ્પર્ધાનું આયોજન કરીને આશરે 50 મિલિયનથી વધારે સંકલિત પહોંચ બનાવી છે, જે એ બાબતને સુનિશ્ચિત કરે છે કે દરેક બાળકને પોતાની પ્રતિભાને રજૂ કરવા માટે યોગ્ય તક મળે છે.

### 7-10 વર્ષના વયજૂથ હેઠળના વિજેતાઓઃ

કલાઃ જીડીજીપીએસ, નવી દિલ્હીથી શિવશ સોની
શિલ્પઃ સેન્થીલ પબ્લિક સ્કૂલ, સેલમ, તમિલનાડુથી યશ્વી પ્રેમકુમાર
સાહિત્યઃ ક્રિથિકા રેડ્ડી, સિટી ઈન્ટરનેશનલ સ્કૂલ ઔંધ, પૂણે, મહારાષ્ટ્ર

### 11-14 વર્ષની વયજૂથના વિજેતાઓ:

કલાઃ ધ પ્રેસિડેન્સિયલ સ્કૂલ, વિશાખાપટ્ટનમ, આંધ્ર પ્રદેશથઈ પી.અક્ષિતા
શિલ્પઃ દિલ્હી પબ્લિક સ્કૂલ, નોર્થ 28 પરગણા, પશ્ચિમ બંગાળ, દેવાયુધ દાસ
સાહિત્યઃ ડી.એ.વી. પબ્લિક સ્કૂલ, લુધિયાણા, પંજાબ, સ્તુતી જૈન

આ ઉમદા પહેલ અંગે બોલતા એક્સિસ બેંકના ચીફ માર્કેટિંગ ઓફિસર અનૂપ મનોહરે જણાવ્યું કે, 'અમે સૌ સહભાગીઓને આભાર વ્યક્ત કરીએ છીએ અને આ સ્પર્ધાને વ્યાપક પ્રમાણમાં સફળ બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપનાર વિજેતાઓને અભિનંદન આપવા ઈચ્છીએ છીએ. અમારો દ્રઢ વિશ્વાસ છે કે યુવા માઈન્ડ વધુ સારી આવતીકાલ સાથે વિશ્વનું સર્જન કરવા, યોગ્ય આકાર આપવા તથા પરિવર્તનની શક્તિ ધરાવે છે અને એક્સિસ બેંકમાં અમે અમારી આગામી પેઢી માટે એક વધુ સારા સમુદાયના નિર્માણની દિશામાં આ યાત્રાનો હિસ્સો બનવા ઈચ્છીએ છીએ. સ્પ્લેશ મારફતે અમે યુવા માઈન્ડને કલા, શિલ્પ તથા સાહિત્ય જેવા રચનાત્મક માધ્યમો મારફતે તેમના વિચારો, અભિપ્રાયો તથા તેમના વિશેની બાબતોને આ પ્રકારની કલા, શિલ્પ તથા સાહિત્ય જેવા સર્જનાત્મક માધ્યમને પ્રોત્સાહન આપવાના પ્રયત્ન કરી રહ્યા છીએ તથા તેને આગળ જતા પણ જાળવી રાખશું.'

## રશિયા, તુર્કિયે અને આર્જેન્ટિનાએ ભારતીય બજાર કરતાં વધુ રિટર્ન આપ્યું

# વિદેશી રોકાણ મેળવવા ભારતીય બજાર ત્રીજા સ્થાન પર, સમગ્ર કારણ

નવી દિલ્હી | ભારતીય શેરબજાર છેલ્લા એક વર્ષમાં વિદેશી રોકાણ મેળવવામાં ત્રીજા સ્થાને છે. આ સમયગાળા દરમિયાન, તે વળતર આપવામાં મુખ્ય બજારોમાં બીજા સ્થાને રહ્યું છે. બેંક ઓફ બરોડાના અહેવાલ મુજબ, આ વર્ષે માર્ચ 2023 થી માર્ચ 18 સુધીમાં સ્થાનિક બજારમાં $26 બિલિયનનું કુલ વિદેશી રોકાણ આવ્યું છે. આ સમયગાળા દરમિયાન તેણે 25% વળતર આપ્યું છે.તુર્કી, રશિયા અને આર્જેન્ટિનાએ ભારતીય બજાર કરતાં વધુ વળતર આપ્યું છે. પરંતુ, અહીં વિદેશી રોકાણ ઘણું ઓછું છે. જ્યારે તુર્કીના બજારે 70 ટકા વળતર આપ્યું છે, રશિયાએ 42 ટકા વળતર આપ્યું છે અને આર્જેન્ટિનાએ ચાર ગણું વળતર આપ્યું છે. ભારતના ઝડપી વિકાસ દરે સ્થાનિક શેરબજારને મજબૂત બનાવ્યું છે.આંકડા દર્શાવે છે કે છેલ્લા એક વર્ષમાં વિદેશી



### આ કારણથી ભારતમાં વિદેશી રોકાણ આવી રહ્યું છે

» ઉત્પાદન ઉત્પાદન કાર્યક્ષમતામાં સુધારો
» ફાયનાન્સ, રિયલ એસ્ટેટ અને વ્યાવસાયિક સેવાઓમાં તેજી
» સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો, મ્યુચ્યુઅલ ફંડ રોકાણમાં વધારો
» સારી કોર્પોરેટ કમાણી, મજબૂત રૂપિયો અને ફુગાવો નિયંત્રણમાં છે

રોકાણકારોએ ચીનના શેરબજારમાંથી 67 અબજ ડોલર પાછા ખેંચી લીધા છે. આ સમયગાળા દરમિયાન તેનું માર્કેટ પાંચ ટકા ઘટ્યું છે. યુકેના માર્કેટમાંથી 21 અબજ ડોલર બહાર આવ્યા છે. જોકે બજારે પાંચ ટકા વળતર આપ્યું છે. વિદેશી રોકાણકારોએ જર્મન માર્કેટમાંથી 17 બિલિયન ડૉલર, સાઉથ આફ્રિકાના માર્કેટમાંથી 9 બિલિયન ડૉલર અને થાઈલેન્ડ માર્કેટમાંથી 5 બિલિયન ડૉલર પાછા ખેંચ્યા છે. થાઈલેન્ડના માર્કેટે સમાન ગાળામાં 11 ટકાની ખોટ આપી છે.

# ગૌતમ અદાણીની ચિંતામાં વધારો થયો? ગ્રુપના તમામ શેર લાલ નિશાન નીચે સરક્યા

નવી દિલ્હી | અદાણી માટે ફરી ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ગૌતમ અદાણીની તમામ કંપનીઓના શેર મંગળવારે લાલ નિશાન નીચે બંધ થયા હતા. ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના ગ્રુપની કંપનીઓએ અમેરિકાની વિરોધી કાયદાના સંભવિત ઉલ્લંઘનની તપાસમાં ભાગ લેવાનો ઈનકાર કર્યો છે.ગ્રુપની કંપની અદાણી ગ્રીને કહ્યું છે કે તેને યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ તરફથી કોઈ નોટિસ મળી નથી. કંપનીએ કહ્યું કે તે યુનાઈટેડ સ્ટેટ્સના ભ્રષ્ટાચાર વિરોધી કાયદાના સંભવિત ઉલ્લંઘનની થર્ડપાર્ટી દ્વારા તપાસથી વાકેફ છે. એટલું જ નહીં કંપનીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે તેને આ થર્ડ પાર્ટી સાથે કોઈ લેવાદેવા નથી. જ્યારે તાજેતરમાં જ એક મીડિયા રિપોર્ટમાં ભારતમાં ઊર્જા પ્રોજેક્ટમાં લાંચનો મોટો દાવો કર્યો હતો. ગૌતમ અદાણી અને કંપની લાંચમાં સંડોવાયેલા છે કે કેમ તે શોધવા માટે યુએસએ ભારતના અદાણી ગ્રુપમાં તેની તપાસનો વિસ્તાર વધાર્યો છે.

# પ્રભુદાસ લીલાધરના AQUA PMSએ શરૂઆતથી અત્યાર સુધીમાં 54% વળતર આપ્યું છે

નવી દિલ્હી | PLએસેટ મેનેજમેન્ટ,જે ભારતની સૌથી વિશ્વસનીય નાણાકીય સેવા સંસ્થાઓમાંની એક એવીPLકેપિટલની (પ્રભુદાસ લીલાધર ગ્રૂપની) એસેટ મેનેજમેન્ટ શાખા છે,તેમણે નવીનતમPMS સ્ટ્રેટેજી અપડેટ્સ એન્ડ ઈનસાઈટ્સરિપોર્ટ(PMSવ્યૂરચના વિશે અપડેટ અને જાણકારીનો અહેવાલ)બહાર પાડ્યો છે. રિપોર્ટમાં નોંધ કરવામાં આવી છે કેPLના ફ્લેગશિપAQUA PMSએ જૂન2023માં તે લોન્ચ થયા પછીથીBSE 500ના 27.11%ની તુલનામાં54.37%નું પ્રભાવશાળી વળતર મેળવ્યું છે,જે2xગુણાંક દર્શાવે છે. આનો અર્થ છે કે આલ્ફા એટલે કે27.26%નું અતિરિક્ત કાર્યપ્રદર્શન (આઉટપર્ફોર્મન્સ) જોવા મળ્યું છે. ફેબ્રુઆરીમાં વ્યાપક બજારોમાં અનિયમિતતા હોવા છતાં,ફ્લેક્સિકેપ ક્વોન્ટામેન્ટલ વ્યૂહરચનાએ બજારની સ્થિતિમાંથી ચપળતાપૂર્વક ઉગારી લીધા અને ડ્રોડાઉનને (રોકાણમાં ઘટાડાને) સફળતાપૂર્વક મર્યાદિત કર્યું. AQUAએ ભારતની એવી અગ્રણી વ્યૂહરચના છે જેમાં શૈલી મુજબ અને અનિશ્ચિચિતતાનાસમયમાં ફેરફાર થઈ શકે છે,જેને બજારના સમગ્ર ચક્રમાં આલ્ફા જનરેટ (ઉત્પન્ન) કરવા બનાવવામાં આવી છે.

તેની શરૂઆત પછીના માત્ર8મહિનાની અંદર, AQUAએINR 200કરોડAUM (અસેટ્સ અંડર મેનેજમેન્ટ - સંચાલન હેઠળની સંપત્તિ)નું સીમાચિહ્ન પાર કર્યું અને તેણે ભારતના ટોચના પર્ફોર્મન્સ આપતા ફ્લેક્સિકેપPMSઅને મ્યુચ્યુઅલ ફંડ્સમાં સતત સ્થાન મેળવ્યું છે.

# સનફ્લાવર્સ અને સ્માર્ટ રોકાણ: બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ નિસર્ગની જીનિયસનું અનુકરણ કરે છે

## સંજય ચાવલા, સીઆઈઓ ઈક્વિટીઝ, બરોડા બીએનપી પરિબાસ એએમસી દ્વારા

શું તમે ખેતરોમાં સૂર્યના પંથે ચાલતાં ઊજળાં અને ખુશમિજાજી ચહેરાવાળાં સૂર્યમુખી ફૂલોને ક્યારેય જોયાં છે? તેમનું મોટું માથું સૂર્યના પ્રથમ કિરણો ઊતરતાં સવારે પૂર્વ તરફ ઝૂકેલું હોય છે અને ત્યા પછી સૂર્ય ચઢે તેમ પશ્ચિમ તરફ ધીમે ધીમે વળે છે. આ યોગાનુયોગ નથી. આ ચતુર વ્યૂહરચના છે, જેને હેલિયોટ્રોપિઝમ તરીકે ઓળખવામાં આવે છે, જેમાં સૂર્યમુખી સૂર્યપ્રકાશ તરફ તેમની મહત્તમ સન્મુખતા મેળવી છે અને મહત્તમ વૃદ્ધિ કરે છે. રોકાણની દુનિયા પણ આવી જ વ્યૂહરચના પ્રદાન કરે છે, જેને બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ તરીકે ઓળખવામાં આવે છે. સૂર્યમુખીના હેલિયોટ્રોપિક હલનચલનની જેમ જ આ ફંડ્સ ગતિશીલ રીતે તેમની અસ્કયામત ફાળવણી સમાયોજિત કરે છે અને રોકાણકારો માટે શક્ય શ્રેષ્ઠ પરિણામ પ્રદાન કરવાનું લક્ષ્ય રાખે છે.

સૂર્યમુખીની વ્યૂહરચનાઃ પર્યાવરણ સાથે અનુકૂળતા

સૂર્યમુખી કઠોરતાથી તેમનું સ્થાન પકડી રાખતાં નથી. તેઓ સતત સૂર્યના સ્થળનું આકલન કરે છે અને તે અનુસાર સમાયોજિત થાય છે. આને કારણે તેમને ફોટોસિન્થેસિસ માટે મહત્તમ સૂર્યપ્રકાશ પ્રાપ્ત થાય છે, જે પ્રક્રિયા થકી તેઓ હલકી ઊર્જાને વૃદ્ધિના ઈંધણમાં પરિવર્તિત કરે છે. આ જ રીતે બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ ઈક્વિટીથી ડેબ્ટના પૂર્વનિર્ધારિત પ્રમાણને કઠોરતાથી વળગી રહેતાં નથી. તેઓ કયું સંમિશ્રણ રોકાણકારો માટે ઉત્તમ જોખમ સમાયોજિત વળતરો પ્રદાન કરશે તે નક્કી કરવા ઈક્વિટીથી ડેબ્ટની સંબંધિત આકર્ષકતાનું સતત મૂલ્યાંકન કરે છે.

ઈક્વિટી અને ડેબ્ટઃ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સની સંતુલન કૃતિ

સૂર્યમુખી જેવાં બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સનાં બે મુખ્ય ઘટક હોય છેઃ

ઈક્વિટી અને ડેબ્ટ

બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ અસ્કયામત ફાળવણી મોડેલ ધરાવી શકે અથવા બજારની સ્થિતિઓનું સતત વિશ્લેષણ કરતા નિયમોનો સંચ ધરાવી શકે છે. ઈક્વિટી બજારો આશાસ્પદ જણાય ત્યારે તેઓ મહત્તમ જોખમ સમાયોજિત વળતરો ઊપજાવવાના લક્ષ્ય સાથે ઈક્વિટીઓમાં ફંડનું રોકાણ વધારે છે. આથી વિપરીત બજારો અસ્થિર હોય ત્યારે તેઓ ફાળવણી ડેબ્ટમાં



વાળીને નીચામાં અંકુશ રાખવાનું લક્ષ્ય ધરાવે છે. વૈશ્વિક અને પ્રાદેશિક બજારોમાં અણધાર્યા સંજોગો આજે પ્રવર્તમાન છે ત્યારે અસ્કયામત ફાળવણીના મોડેલે સૂર્યમુખીને જેમ જ સતત આકલન કરવાની અને તે અનુસાર ઝૂકવાની જરૂર પડે છે.

# એજેસ ફેડરલ લાઇફ ઇન્સ્યોરન્સને કિનસેન્ટ્રિક દ્વારા ભારતની બેસ્ટ એમ્પ્લોયર કંપનીઓમાં સ્થાન મળ્યું

મુંબઈ | ભારતમાં જીવન વીમાકંપનીઓ પૈકીની એક એજેસ ફેડરલે લાઈફ ઈન્સ્યોરન્સએ ગર્વ સાથે જાહેરાત કરી છે કે, તેને દુનિયાભરમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત ગણાતા કિનસેન્ટ્રિક બેસ્ટ એમ્પ્યોલર્સ 2024માં ટોપ માં સ્થાન મળ્યું છે. કંપની જગપ્રસિદ્ધ કિનસેન્ટ્રિક દ્વારા ભારતની ટોચની બેસ્ટ એમ્પ્લોયર્સમાં સામેલ છે.

આ પ્રતિષ્ઠિત માન્યતા કિનસેન્ટ્રિકના વિગતવાર મૂલ્યાંકનનો ભાગ છે, જે કંપનીઓને તેમના કર્મચારીઓને ઉત્કૃષ્ટ બનાવવા, કર્મચારીઓ સાથે જોડાણને પ્રોત્સાહન આપવા તથા વ્યવસાયમાં શ્રેષ્ઠ પરિણામો મેળવવા કર્મચારીઓની વૃદ્ધિ અને તેમની રીતોમાં સુધારો કરવા માટે બિરદાવે છે. જગપ્રસિદ્ધ કિનસેન્ટ્રિક પ્લેટફોર્મ દ્વારા મૂલ્યાંકનને આધારે કંપનીઓને માન્યતા આપવામાં આવે છે, જેમાં કંપનીઓને પસંદ કરવાનો વિવિધ માપદંડો છે - તેમના કર્મચારીઓને ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે પોસવા, કર્મચારીઓ સાથે જોડાણને પ્રોત્સાહન અને તેમની વૃદ્ધિને વેગ આપવો. આ કિનસેન્ટ્રિકનાં વિગતવાર મૂલ્યાંકનનો ભાગ છે, જે કંપનીઓને વ્યવસાયમાં શ્રેષ્ઠ પરિણામો મેળવવા કર્મચારીઓની રીતો સુધારવા માટે પણ બિરદાવે છે. સન્માનથી ખુશ થઈને એજેસ ફેડરલ લાઈફ ઈન્સ્યોરન્સના મુખ્ય માનવ સંસાધન અધિકારી કપિલ ઉદૈવાલે કહ્યું હતું કે, 'અમને વર્ષ 2024માં કિનસેન્ટ્રિક બેસ્ટ એમ્પ્લોયર તરીકે પસંદ થવા પર ગર્વ છે. આ માન્યતા અમારી કાર્યસ્થળ પર કાર્યશૈલી પ્રત્યેની કટિબદ્ધતા પર ભાર મૂકે છે, જેમાં કર્મચારીઓ પ્રોત્સાહન, સશક્તિકરણ અને વૃદ્ધિ માટે પ્રેરિત હોવાનો અનુભવ કરે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ફાગણ સુદ-12**

# રાહુલનું નિવેદન

રાહુલ ગાંધીએ ફરી એકવાર એ સાબિત કરી દીધું છે કે તે પોતાની ભૂલોથી ક્યારેય બોધપાઠ નથી લેતા. આ વખતે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરવા માટે કહ્યું કે હિંદુ ધર્મમાં એક શબ્દ છે શક્તિ, અને અમે તેની સામે જ લડી રહ્યા છીએ. એમાં શંકા નહીં કે તેઓ નરેન્દ્ર મોદી સામે પૂરતી આક્રમકતા સાથે રાજકીય લડાઈ લડી રહ્યા છે, પરંતુ એ સમજવું મુશ્કેલ છે કે સત્તાની શક્તિનો મુકાબલો કરવા માટે તેમણે એ કહેવાની શી જરૂર પડી કે હિંદુ ધર્મમાં એક શબ્દ છે, શક્તિ! કદાચ તેઓ શિવભક્ત છે અને તેઓ દાવો કરે છે કે તેમણે હિંદુ ધર્મના શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે. વળી, કેટલાક કોંગ્રેસી નેતાઓના કહેવા અનુસાર રાહુલ જનોઈધારી બ્રાહ્મણ પણ છે! તો પછી રાહુલને એટલી સાધારણ વાત તો ખબર હોવી જ જોઈએ કે હિંદુ ધર્મમાં શક્તિની શી માન્યતા અને મહત્ત્વ છે? તેમણે સત્તાની શક્તિ અને હિંદુ ધર્મની શક્તિમાં અંતર કરતાં તો આવડવું જ જોઈએ. એના પર આશ્ચર્ય નહીં કે વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીના વાણીવિલાસ પર તરત નિશાન સાધ્યું. નિશાન સચોટ લાગ્યું, એ એનાથી સાબિત થાય છે કે હવે રાહુલ ગાંધીની સાથે જ કોંગ્રેસના અન્ય નેતાઓ સફાઈ આપતા ફરે છે અને લોકોને એ સમજાવી રહ્યા છે કે શક્તિના કેટલા પ્રકાર હોય છે અને તેમના કહેવાનો અર્થ આવો નહીં, તેવો હતો વગેરે. જોકે એનાથી કામ ચાલવાનું નથી, કારણ કે રાજકીય લડાઈમાં હિંદું ધર્મની શક્તિનો ઉલ્લેખ કરવાનો કોઈ મતલબ જ ન હતો. જો તેમને આ યોગ્ય લાગતું હોય તો શું તેઓ અન્ય ધર્મો માટે પણ આવા જ રૂપકોનો ઉપયોગ કરીને પોતાના રાજકીય વિરોધીઓ પર હુમલો કરવાનું સાહસ કરી શકશે? આવું પહેલી વાર નથી બન્યું કે રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી પર નિશાન સાધવાની લ્હાયમાં અર્થનો અનર્થ કરતો ભાંગરો વાટ્યો હોય અને કોંગ્રેસને રાજકીય રૂપે નુક્સાન પહોંચાડવાનું કામ કર્યું હોય. રાહુલ ગાંધીને એ તો સારી રીતે ખબર હશે કે જ્યારે તેમણે ચોકીદાર ચોર હૈ જુમલો ઉછાળ્યો હતો, ત્યારે ભાજપે કઈ રીતે તેનો ઉપયોગ પોતાના પક્ષમાં કરી લીધો હતો. એ જ રીતે તેમને એ પણ બરાબર યાદ રહી ગયું હશે કે સર્જિકલ સ્ટ્રાઈક બાદ તેમનું લોહીની દલાલીવાળું નિવેદન કેવી રીતે કોંગ્રેસ પર જ બેકફાયર થયું હતું. રાહુલ ગાંધીએ હિંદુ ધર્મની શક્તિવાળું નિવેદન પોતાની ભારત જોડો ન્યાય યાત્રાના સમાપનના અવસર પર આપ્યું. એવું કરીને તેમણે એ જ મોકો ઉપલબ્ધ કરાવ્યો કે આ યાત્રાને બદલે તેમના આ નિવેદનની ચર્ચા થવા લાગી. એ તો દેખાઈ રહ્યું છે કે રાહુલ ગાંધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારને લઈને રોજેરોજ વધુ આક્રમક થતા જાય છે, પરંતુ તેઓ પોતાના શબ્દોની પસંદગીને લઈને ગંભીર નથી દેખાતા. આ જ કારણ છે કે તેઓ એવો કોઈ વિમર્શ ઊભો કરવામાં નિષ્ફળ રહ્યા છે, જેનાથી દેશની જનતાનું ધ્યાન તેમના તરફ આકર્ષિત થઈ શકે.

# રાજપીપળામાં સી આર પાટીલ દ્વારા ભવ્ય રોડ શો યોજાયો







## નર્મદામાં સી આર પાટીલના હસ્તે રીબીન કાપી રાજપીપળા ખાતે કમલમ કાર્યાલયનું કરાયું ઉદઘાટન, જાહેરસભાને સંબોધન કર્યું

**ભરત શાહ | રાજપીપળા**

આગામી સમયમાં લોકસભાની ચૂંટણીની યોજાશે. ત્યારે દરેક પાર્ટી દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. અને પોતાના ઉમેદવાર ને જીતાડવા માટે મિટિંગો અને બેઠકોની શરૂઆત કરી દેવામાં આવી છે. ત્યારે આજરોજ નર્મદા જિલ્લા ના મુખ્ય મથક રાજપીપળા ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ દ્વારા ભવ્ય રોડ શો નું આયોજ કરવામાં આવ્યું ત્યાર બાદ તેમણે જાહેર સભા ને સંબોધન કર્યું સાથે જ અંદાજીત 6 કરોડના ખર્ચે નિર્માણ પામેલ કમલમ કાર્યાલય નો રીબીન કાપીને શુભારંભ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આગામી લોકસભાની ચૂંટણી ની જાહેરાત થઈ ગઈ છે. ત્યારે દરેક પાર્ટી દ્વારા બેઠકો મિટિંગો તથા જાહેર સભાનું આયોજન કરવામાં આવી રહી છે. ત્યારે નર્મદા માં પણ ચૂંટણી નો ધમધમાટ શરૂ થઈ ગયો છે જેમાં ભારતીય જનતા પાર્ટી ના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ સુરતથી રાજપીપલા હેલીપેડ પર આવી પહોંચ્યા હતા જ્યાં નર્મદા જિલ્લા ભાજપા ના આગેવાનો દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું ત્યાંથી તેઓ હરિસિધ્ધિ માતા ના મંદિરે પહોંચ્યા હતા અને માતાજી ના દર્શન કરી તેઓ ખુલ્લી જીપમા રાજપીપલા ખાતે ભવ્ય રોડ શો ની શરૂઆત કરી હતી. જેમાં મોટી સંખ્યા માં લોકો જોડાયા હતા.

### કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાતા પાટીલે તેમને ખેસ પહેરાવી સ્વાગત કર્યું

પ્રદેશ કોંગ્રેસ માઈનોરીટી ડિપાર્ટમેન્ટ ના કાર્યકારી અધ્યક્ષ ઈમ્તિયાઝ કાદરી સહીત નગરપાલિકાના વિપક્ષ નેતા શાહીનુંર પઠાણ સહીતના કાર્યકર્તાઓ ભાજપામાં જોડાતા સીઆર પાટિલે ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું સાથે સાથે રાજપીપલા નગર પાલિકાના પૂર્વ પ્રમુખ ભરત વસાવા, ભારતીબેન વસાવા સહિત કોંગ્રેસના કાર્યકરો પણ મોટી સંખ્યામાં ભાજપનો ખેસ પહેરી ભાજપામાં જોડાઈ જતા નર્મદા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો હતો.

# રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં દર્દી વધુ બિમાર થાય તેવી શૌચાલયોની દશા : સફાઈનો અભાવ

**ભરત શાહ | રાજપીપળા**

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ અનેક વિવાદો અને અસુવિધા માટે અનેકવાર ચર્ચા માં રહે છે ત્યારે હાલમાં આ હોસ્પિટલ માં દાખલ દર્દીઓ સારવાર દરમિયાન વધુ બિમાર થાય તેવી નોબત જોવા મળી રહી છે



રાજપીપળા સિવિલ હોસ્પિટલ ના મેડિકલ વોર્ડ સહિત ના વોર્ડ માં દાખલ દર્દીઓ કે દર્દીઓ સાથે રહેતા તેમના સગા સ્વાભાવિક સિવિલ માં શૌચાલય નો ઉપયોગ કરે પરંતુ સિવિલ માં લગભગ દરેક શૌચાલય ગંદકી થી ખદબદે છે. વેસ્ટર્ન ટોઈલેટ કે દેશી ટોઈલેટ માં યોગ્ય સફાઈ નહિ થતા ટબ ઉપર જ મેલું જોવા મળતા દર્દીઓ રોગચાળા ની લપેટ માં આવે તેવી દશા જોવા મળી રહી છે.ત્યાં બેઠેલા અધિકારીઓ તો પોતાના અલગ શૌચાલય નો ઉપયોગ કરતા હોવાથી આ શૌચાલય એકદમ સ્વચ્છ રાખવામાં આવે છે પરંતુ દર્દીઓના વોર્ડ ના શૌચાલયો માં સફાઈ નહિ થતા અતિશય ગંદકી ના કારણે દુર્ગંધ અને ગંદકી થી દર્દીઓ અને તેમની સાથે રોકાયેલા તેમના સગા હેરાન થઈ રહ્યા હોય સિવિલ સત્તાધીશો આ બાબતે યોગ્ય સફાઈ કરાવવા લાગતા વળગતા સુપરવાઈઝર ને પોતાની જવાબદારી નું ભાન કરાવે તે જરૂરી છે.

# નેત્રંગમાં મહિલા બુટલેગરના ઘરમાંથી દારૂનો જથ્થો પકડાયો

**ભરત શાહ | રાજપીપળા**



નેત્રંગ પો.સ્ટેશનના પીએસઆઈ આર.આર ગોહિલ અને પો.કર્મી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન બામલ્લામાં રહેતી ગીતાબેન સતિષભાઈ વસાવા પોતાના ઘરની આજુબાજુમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે તેવી બાતમી મળતા પોલીસ બંદોબસ્ત સાથે રેડ કરતાં ઘરના બાથરૂમમાંથી-પાર્ક કરેલ એક્ટીવામાંથી અલગ-અલગ પ્રકારની વિદેશી દારૂની બોટલ નંગ- ૨૯૧ જેની જેની કિંમત કિંમત રૂ.૭૨૬૬૮,મુદ્દામાલ સાથે પકડાયેલ મોટરસાયકલ જેની કિંમત રૂ.૫૦,૦૦૦ સહિત ગીતાબેન વસાવાની ધરપકડ કરીને જેલભેગા કરી દેવામાં આવી હતી.

# 20 માર્ચ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલીના માળાની દર વર્ષે વિતરણ કરતા સેવાભાવી લોકો

**કિશોર આર. સોલંકી | જાફરાબાદ**




અમરેલી જિલ્લામાં ચકલીના માળાની શરૂઆત કરનાર આ તકે યાદ કરવા પડે શ્રી જીતુભાઈ તળાવીયા ને અને શ્રી ચંદુભાઈ સંઘાણીને તેમની પ્રેરણાથી રાજુલામાં રાજુલા નેચર ક્લબ વિપુલ લહેરી દ્વારા દર વર્ષે ચકલીના માળા ફ્રીમાં આપવામાં આવે છે ચકલી પોતે પોતાનો માળો બનાવી નથી શકતી એટલે મનુષ્યની જરૂર પડે છે તો સૌને વિનંતી કે પોતપોતાના ઘરમાં ચકલીના માળા રાખવા પાણીનું કુંડું રાખવું તેમ જ ચોખા બાજરી ના બડઁ ફીડર રાખવા તો જ આ ચકલી બચાવો અભિયાનને આપણે સાર્થક કરી શકીશું સતત ચી...ચી...કરતુ પંખી એટલે ચકલી નહીં, એકાંતમાં મિત્રની ગરજ સારે, તમારી તબિયત માટે એન્ટીક ડોક્ટર તો ખરો...આવાતો અનેક રૂપ છે ચકલીના, નહી માનો ? તો વાંચો આ લેખચકલીઓની સમાજ સેવા ચકલીઓને બચાવવા માટે ચાલતા અભિયાન ખરેખર તો ચકલી દ્વારા થતી આડકતરી સમાજ સેવાને અભારી છે. ચકલી દ્વારા થતી કે ચકલી દ્વારા આડકતરી રીતે થઈ જતી પોતાની બસ્સો એક્ટીવીટી આવી છે કે માનવ વસાહત માટે લાભદાયી છે. આમાની એક એક્ટિવીટી એવી છે. કે જેમાં આ ચકલાઓ હવામાં ફરતાં બેક્ટેરીયા અને વાઈરસ ખાઇ જાય છે. શ્વાસ થકી માણસના શરીરમાં ઘૂસનારા વાઈરસ અને બેક્ટેરિયાને નરી આંખે જોવાની ક્ષમતા આ ચકલાઓ પાસે હોવાથી એ આ બન્ને જીવાણુંઓને નિરાંતે ખાઇ શકે છે. ફ્રાન્સની જાણીતી રિસર્ચ ઈન્સ્ટીટ્યુટનુ તારણ છે કે છેલ્લા એક દશકાથી પૃથ્વી પર જુની બીમારીઓ ફરીથી જન્મી છે, જેની પાછળ જો કોઈ જવાબદાર હોય એ ઘટી રહેલી ચકલીઓની સંખ્યા છે. વાતમાં તથ્ય હોય એ રીતે ફ્રાન્સની ઈન્સ્ટીટ્યુટ એ અઢળક પુરાવાઓ પણ મુક્યા છે. જેમાંથી એક પુરાવો સ્વાઈન ફ્લુનો છે.સાયન્ટિસ્ટનુ કહેવું છે. કે વર્ષો પહેલાં અસ્તિત્વમા આવેલો સ્વાઈન ફલુ ફરી જાગૃત થયો એ માટેના કેટલાક અગત્યના કારણોમાથી એક કારણ ઓછી થતી જતી ચકલીઓની સંખ્યા છે. ઉભા મોલમાં ચકલી ક્યારેય સારો દાણો ચણતી નથી. સ્હેજ બગડી ગયેલો દાણો જ ખાય છે. પાક પર લાગેલા કીડાને સાફ કરવાનું કામ પણ ચકલીઓ જ કરે છે. ચકલીઓનુ બાયોલોજીકલ વર્લ્ડદશથી બાર સેન્ટીમીટરની લંબાઈ ધરાવતી ચકલીઓનુ વજન ક્યારેય પચાસ ગ્રામથી વધું નથીં હોતું. ચકલી એકધારું પાંત્રીસ કિલોમીટર ઉડી શકે છે. જો મજબુરી હોય અને જીવનો સવાલ હોય તો ચકલી વધુંમા વધું પચાસ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડે છે. મજાની વાત એ છે કે જ્યારે ચકલીને એવું લાગે કે એનો જીવ જોખમમાં છે ત્યારે એ પાણીની દિશામાં ઉડતી હોય છે. કુતરાઓને જેમ સુગંધની ઈન્દ્રિય સતેજ છે. એવી રીતે ચકલીઓની પાણી સૂંઘવાની દિશા સતેજ છે ચકલી પોતાની આ ઈન્દ્રિય મુશ્કેલીના સમયમાં જ ઉપયોગમાં લે છે.જ્યારે બાજ કે એવું કોઈ મોટું પક્ષી શિકાર માટે એની પાછળ પડે ત્યારે ચકલી પાણીની દિશામાં જ ભાગે છે. જવલ્લેજ કોઈને ખબર હશે કે ચકલી પાણીમાં તરી શકે છે.જ્યારે શિકારી પાછળ પડે ત્યારે ચકલી પાણીમાં જઈને ડૂબકી મારતાં તરે છે. ચકલી પાણીમાં વધુમાં વધુ બાવીસ મીનીટ સુધી તરી શકે છે. ચકલી માટે પાણી ઢાલ છે. તો ધુળનો ઉપયોગ એ નહાવા માટે કરે છે. હા ચકલી ધુળથી સ્નાન કરે છે. બે દિવસે એક વાર નહાવા નું પસંદ કરતી ચકલી અઠવાડિયામાં એકાદવાર નહાવાની આળસ કરીને પોતાની ચાંચથી જ શરીર સાફ કરી લે છે.ચકલી વર્ષ દરમિયાન બાવીસથી ત્રીસ ઇંડાં મુકે છે. એક જ સમયની વાત કરીએ તો ચકલી એક સાથે ત્રણ થી પાંચ ઇંડા મુકે છે. ચકલીઓની ઉમદા ખાસીયત એ છે. કે એ માળા વિનાં ક્યારેય ઇંડા નથી મુક્તી જો માળો બને એ પહેલાં જ ચકલીને પ્રસવપીડા શરૂ થઈ જાય તો ચકલી આ પ્રસવપીડા સહન કરે છે અને છેવટે ઇંડા એના પેટમાં જ ફુટી જાય છે.અને ચકલી મરી જાય છે. ઘરના ઘર વિના બચ્ચાને જન્મ ન અપાય એવી સીધી સાદી હકીકત ચકલી સમજે છે.

# નર્મદા જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ધારાસભ્ય ડો.દર્શના દેશમુખે ગરુડેશ્વર APMCની ગેરરીતિ સહિતના પ્રશ્નો ઉઠાવ્યા

**ભરત શાહ | રાજપીપળા**

નર્મદા જિલ્લા સંકલન સમિતિમાં નાંદોદ ધારાસભ્યે ડો. દર્શનાબેન દેશમુખે તિલકવાડાના કોયારી ગામના ૪૦ પરિવારોના આવાસ મામલે વિગતો માંગી ગરુડેશ્વર ખાતે જિલ્લાના અધિકારીઓને પ્લોટની ફાળવણીનો મુદ્દો પણ ઉછળ્યો હતો. જેને લઈને સંકલન સમિતિની બેઠકમાં સન્નાટો છવાયો હતો. નર્મદા જિલ્લા સંકલન સમીતીની અત્રે મળેલી બેઠક માં નાંદોદ ના ધારાસભ્ય એ વિવિધ પ્રશ્નો ઉઠાવતા વહીવટી તંત્ર અધિકારીઓ ફફડી રહ્યા હતા.



પ્રાપ્ત માહિતી મુજબ,જિલ્લા સેવાસદન ખાતે આચાર સંહિતા અમલની પૂર્વ સંધ્યાએ મળેલ સંકલન સમિતિની બેઠકમાં નાંદોદ ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે તેમના મત વિસ્તારના પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેમાં ખાસ તો તિલકવાડા તાલુકા ના કોયારી ગામના ૪૦ પરિવારોના ઘર અને જમીન તેમના નામ પર કરવાનો પ્રશ્ન મુખ્ય હતો,ઉપરાંત ધારાસભ્ય એ છેલ્લા ૧૦ વર્ષમાં સરકારી શાળાઓ માં ગ્રાન્ટ ની ફાળવણીની માહિતી પણ માંગી હતી. તેમજ સિસોદરા અને પોઇચા ગામની રેતી લીઝની રોયલ્ટીની ગ્રાન્ટ ગ્રામપંચાયતને ફાળવવાનો પ્રશ્ન પણ ઉઠાવ્યો હતો. ઉપરાંત ખેડૂત ખાતેદારના આકસ્મિક મૃત્યુ સમયે વીમાની ચુકવાયેલ રકમની માહિતી,જીલ્લામાં સોલાર રૂફટોપ નો લક્ષ્યાંક,અને લાભાર્થીઓની માહિતી,ગરુડેશ્વર APMC ની ગેરરીતિ અંગેની કાર્યવાહીનો પ્રશ્ન, હોસ્પિટલમાં હથિયારધારી પોલીસ પોઈન્ટ, નવી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ રૂમની સગવડ વગેરે પ્રશ્નોની રજુઆત કરી હતી. ખાસ તો ડો દર્શના દેશમુખે ગરુડેશ્વર મુકામે સરકારી અધિકારીઓને ફાળવેલ જમીનની માહિતી માંગતા તંત્રમાં સોંપો પડી જવા પામ્યો હતો. ત્યારે ધારાસભ્ય એ સંકલન સમિતિમાં ઉઠાવેલ પ્રશ્નોનું જિલ્લા વહીવટી તંત્ર સત્વરે નિરાકરણ લાવે છે કે, પ્રશ્નો માત્ર કાગળ પર રહે છે તે જોવું રહ્યું.

## ગાયિકા ઈશા દવે વિરુદ્ધ નખત્રાણામાં પોલીસ ફરિયાદ




**કચ્છના ઐતિહાસિક ઝારાના યુધ્ધમાં સિંધના ૪૦, ૦૦૦ તેમજ કચ્છના ૩૦,૦૦૦ જેટલા વીરોએ પોતાનાં બલિદાન આપ્યાં હતા તે ઐતિહાસિક સ્થળની મુલાકાતે આવેલી જાણીતી ગાયિકા ઈશા દવેએ ઝારાની ભૂમિને ઝારા બ્રાન્ડના કપડાં સાથે સરખાવી મજાક ઉડાવતા લોકોમાં આક્રોશ વ્યાપ્યો હતો આ અંગે ગાયિકા વિરૂધ્ધ નખત્રાણા પોલીસમાં અરજી કરાઈ હતી.**

# માધાપરમાં જવેલર્સના વેપારીએ શોપ લૂંટવા આવેલા લૂંટારુઓનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો

**મહેશ એલ | સોની નખત્રાણા**

આજ રોજ બપોરે એક વાગ્યાની આસપાસ માધાપરમા નવાવાસ વિસ્તારમાં શ્રી હરિ કૃષ્ણ જવેલર્સ નામની દુકાન ધરાવતા સોની વસંત (અમિત) દિનેશભાઈને ત્યાં લુટના ઈરાદાથી આવેલા બે શખ્શોએ અમીતભાઈ સાથે ઝપાઝપી કરીને લુટનો પ્રયાસ કરેલો પરંતુ અમિતની હિંમત થકી લૂંટનો પ્રયાસ નિષ્ફળ નિવડ્યો છે. અમિતની દુકાનમાં પરપ્રાંતીય શખ્શો ગઈ કાલે ફોન થી વાતચીત કરી કોઈ દાગીનાનો



ઓર્ડર આપેલો અને આજે એ ઓર્ડરના દાગીના લેવા આવવાની વાત કરેલ જેના અનુસંધાને તેઓ બપોરે એક વાગ્યાની આસપાસ અમીતની દુકાને દાગીના લેવા આવ્યા પરંતુ તેમનો ઈરાદો માત્ર લુંટનો હોઈ અને બપોરના ભાગમાં ખાસ અવરજવર ના હોય પોતાનો ઈરાદો પાર પાડવા પોતાની પાસે રહેલ ટામી વડે હિચકારો હુમલો કર્યો ટામીના ત્રણ ઘા અમિત ભાઈના માથા પર કર્યાં પરંતુ ચોથા ઘા માં અમિત ભાઈ સમય સૂચકતા વાપરી હિંમત ભેર ટામીનો ઘા ટાળી શખ્શો ને ભગાડ્યા આ બનાવમાં અમિત ભાઈ ને ગંભીર ઈજા પહોંચી હોતા સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. બનાવને પગલે માધાપરમાં બપોર પછી સોના ચાંદીની દુકાનો બંધ રાખવામાં આવી હતી.

# ડીગ્રી વગર પ્રેક્ટીસ કરતા બે ઝોલાછાપ ડોક્ટર તથા ગે.કા રીતે ચાલતુ દવાખાનું શોધી કાઢતી SOG નર્મદા

**ભરત શાહ | રાજપીપળા**

નર્મદા જિલ્લા પોલીસ વડા ના માર્ગદર્શન હેઠળ પો. ઈન્સ. વાય.એસ.શિરસાઠ એસ.ઓ.જી.નર્મદા સુચના ના આધારે પો.સ.ઈ. એચ.કે. પટેલ તથા એસ.ઓ.જી. સ્ટાફના માણસોએ મેડીકલ ટીમ સાથે બાતમી ના આધારે ડેડીયાપાડા ગામે મોઝદા તરફ જવાના રોડ પરથી (૧) ડો.સ્વરૂપ પદમલોચન વિશ્વાસ રહે.ડેડીયાપાડા, મોઝદા રોડ તા.ડેડીયાપાડા જી.નર્મદાના ઓએ કોઈપણ પ્રકારની ડિગ્રી વગર શિવ ક્લીનિક નામનું દવાખાનું ચલાવી તેમા પ્રેકટીસ કરતા હોય તથા આરોપી (૨)ડો.પંકજકુમાર છોટનપ્રસાદસિંહ હાલ રહે,આશાપુરા સોસાયટી,પ્લોટ નંબર-૨૫ બમરોલી બીજ પાસે,સુરત મુળ રહે.ટેઉસ તા.બરબીઘા જી.શેખપુરા બિહારનાઓ કે, જેઓ બી.એચ.એમ.એસ. ડિગ્રી ધરાવતા હોય પરંતુ નિયમ વિરૂધ્ધ એલોપેથીની પ્રેકટીશ કરી એલોપેથી ટેબલેટો તથા પોઈન્ટ ચઢાવવાના બોટલો, સીરીજ (નીડલો)



ઈન્જેકશનો તથા ક્રિમ તથા ગોળીઓ વિગેરે બિન અધિકૃત દવાના જથ્થા ફૂલ કિ. રૂ! ૨,૧૯,૪૩૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા ગેર કાયદેસર રીતે લોકોનું સ્વાસ્થય જોખમાય તે રીતે મેડીકલ પ્રેકટીશ કરી બેદરકારી ભર્યું કૃત્ય કરતા પકડાઈ જતા આ બન્ને બોગસ ડોકટર બનેલા આરોપીઓ વિરૂધ્ધ ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવી કાયદેસર કાર્યવાહી કરી છે.

## લોકસભા ચૂંટણી પૂર્વે સરકાર કાર્ડ ધારકો પર મહેરબાન...!!

# રેશનકાર્ડ પર સસ્તા દરે અપાતી તુવર દાળ 50%ને બદલે આ મહિને 100 ટકા અપાયો

**ભરત શાહ | રાજપીપળા**

નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત માં મોદી સરકારે ગરીબ વર્ગના રેશનકાર્ડ ધારકો ને પાંચ વર્ષ સુધી મફત અનાજ આપવાની જાહેરાત કરી છે અને અનાજ આપે પણ છે જેમાં તુવેરદાળ ના હોય તો ચણા,બાજરી જેવું અનાજ પણ નજીવી કિંમતે આપતા હોય છે પરંતુ તુવેરદાળ નો જથ્થો માત્ર 50ટકા જ આપતો હતો અને આ તુવેરદાળ બજાર 180 રૂપિયે કિલો જેવા ભાવે મળતી હોય જ્યારે રેશનકાર્ડ પર આ દાળ માત્ર 50 રૂપિયે કિલો અપાતી હતી ત્યારે તુવેરદાળ પચાસ ટકા મળતી હોવાના કારણે જે





ગ્રાહકો વહેલા આવ્યા તેમને તુવેરદાળ મળતી બાકીના કાર્ડ ધારકો દાળ વગર વંચિત રહેતા દુકાનદારો સાથે તકરાર થતી હતી પરંતુ હવે લોકસભા ચૂંટણી ની તારીખો જાહેર થતાં જ ચાલુ માર્ચ મહિના થી રેશનકાર્ડ ના દુકાનદારો ને પચાસ ટકા ના બદલે સો ટકા દાળ નો જથ્થો આપવામાં આવ્યો છે જેમાં કેટલાક નું માનવું છે કે ચૂંટણી નજીક આવી હોવાના કારણે આ મહિને સો ટકા તુવેરદાળ આપે છે ચૂંટણી બાદ બધું બંધ કરી દેશે. તો શું ચૂંટણી માટે જ સરકાર કાર્ડ ધારકો પર મહેરબાન થઇ છે તેવા સવાલ હાલ રાજપીપળા માં ચર્ચા માં છે.

# જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાના માર્ગદર્શનમાં તંત્ર દ્વારા ચૂંટણીની તૈયારીઓનો ધમધમાટ શરૂ

**કિશોર આર. સોલંકી | જાફરાબાદ**

અમરેલી જિલ્લામાં લોકસભા ચૂંટણીની પ્રક્રિયાનો પ્રારંભ જિલ્લા ચૂંટણી અધિકારીના અધ્યક્ષસ્થાને પ્રિન્ટિંગ પ્રેસના માલિકો સંચાલકોની બેઠક યોજાઇ : વચગાળાના જામીન લેવાની, કેસો ચલાવવાની સત્તાઓ તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી ને સોંપાઈ જિલ્લામાં આગામી તારીખ ૩૦ માર્ચ સુધી સભા સરઘસ અને હથિયારબંધી : વિવિધ રાજકીય પક્ષો, ઉમેદવારોએ ચૂંટણી પ્રચાર માટે સભા, સરઘસ, સમારંભ અને લાઉડસ્પીકર વગાડવાની અગાઉ મંજૂરી મેળવવી પડશે લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ ની આદર્શ આચાર સંહિતાના સુચારું અમલીકરણ માટે અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અને જિલ્લા કલેકટર શ્રી અજય દહિયાએ અમરેલી જિલ્લાના પ્રિન્ટિંગ પ્રેસના માલિકો/ સંચાલકો સાથે એક બેઠક યોજી હતી. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી સક્સેનાએ, લોકપ્રતિનિધિ એક્ટ અંતર્ગત આ કાયદાની જોગવાઇ અને તેના અમલીકરણ ન થવા પર થતી કાર્યવાહી અંગે વિગતો આપી હતી આ ઉપરાંત ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ શ્રી ઓની કામગીરીનું ભારણ ધ્યાને લેતા ક્રિમીનલ પ્રોસીજર કોડ એક્ટ ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ના કાયદાની કલમ ૧૦૮, ૧૦૯, ૧૧૦, હેઠળ વચગાળાના જામીન લેવાની, કેસો ચલાવવાની ન્યાયિક કામગીરી સત્તાઓ જિલ્લા સબ ડિવિઝનના સંબંધિત તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી સોંપવામાં આવી છે. તેમ અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ની એકયાદીમા જણાવવામાં આવ્યું જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી દ્વારા ભારતીય ૧૯૭૩ (વર્ષ ૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ - ૧૪૪ અન્વયે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ની પરવાનગી ટી.વી. રેડિયો કેબલ ટી. વી નેટવર્ક તથા ખાનગી એફ.એમ. ચેનલો માં ચૂંટણી અંગેની જાહેરાત પ્રસારિત કરી શકાશે નહીં તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ભવિષ્યમાં AI કદાચ માનવ જાતને લુપ્ત કરી દેશે..!




બન્ને વચ્ચે સામસામે ઉગ્ર બોલાચાલી પણ થતી રહેતી હતી અને ઝઘડાની ચરસસીમાએ જસ્ટિન, મસ્કને કહેતી કે હું તને ખૂબ જ ધિક્કારૃં છું. મસ્ક પણ એવા જ ઉગ્ર ટોનમાં જસ્ટિનને જવાબ આપતા કે જો તું મારી કર્મચારી હોતને, તો અત્યાર સુધીમાં મેં તને કાઢી મુકી હોત. બાળપણમાં જે રીતે તેમના પિતા તેમને ખખડાવતી વખતે અવારનવાર જે શબ્દ કહેતા, તે યાદ રાખીને મસ્ક પત્ની જસ્ટિનને ઘણી વખત 'ઈડિયટ' કહીને ઊતારી પાડતા હતા. મોટાભાઈ મસ્ક અને ભાભી જસ્ટિનને આ રીતે ઊંચા અવાજે ઝઘડતા જોઈ મસ્કના નાનાભાઈ કિમ્બલ ખુદ ડઘાઈ જતા હતા, જૂની ઘટનાઓ યાદ કરીને જસ્ટિન કહે છે, મસ્ક પાસે જ્યારે ખાસ કાંઈ નહોતું ત્યારે અમારી મુલાકાત થઈ હતી, પણ એ પછી તેને અઢળક સમ્પતિ અને નામના પ્રાપ્ત થઈ તેના કારણે બધા સમીકરણ બદલાઈ ગયા. મસ્ક મૂળે ખૂબ મજબૂત મનોબળવાળી વ્યક્તિ છે. મસ્કમાં સહાનુભૂતિ, સદ્‌ભાવના કે સામી વ્યક્તિની લાગણી સમજવાની ક્ષમતા નહીં હોવાનો અહેસાસ પત્ની જસ્ટિનને થઈ ગયો હતો. જસ્ટિન કહે છે, 'મસ્ક કરોડપતિ થયો તે પહેલા જે રીતે અમે એકમેકને પ્રેમ કરતા હતા, તેવી પ્રણયની સ્થિતિ હું ઈચ્છું છું.'

પણ મસ્ક અને જસ્ટિન વચ્ચેના ઝઘડા વધતા જ ગયા ટલે છેવટે મસ્કે છૂટાછેડાનો કેસ કર્યો. છૂટાછેડા બાદ મસ્ક વર્ષ ૨૦૦૮માં લંડનમાં રોયલ એરોનોટિકલ સોસાયટીમાં લેકચર આપવા માટે ગયા હતા. મસ્ક સાથે તેમના મિત્ર બિલ લી પણ હતા. લંડનમાં મિત્રએ લગભગ ૩૭ વર્ષના મસ્કનો પરિચય બ્રિટનની ૨૨ વર્ષની બ્યૂટિફૂલ એક્ટ્રેસ તાલુલા રિલે સાથે કરાવ્યો. ટૂંકી મુલાકાતમાં જ મસ્ક તાલુલાના પ્રેમમાં પડી ગયા અને પંદર દિવસમાં તો તેમના એન્ગેજમેન્ટ પણ થઈ ગયા. પણ જસ્ટિન સાથે મસ્કનું કડવાશભર્યૂ લગ્નજીવન જોઈને ત્રાસેલા નાનાભાઈ કિમ્બલે મસ્કને સલાહ આપી કે લગ્નની ઉતાવળ ના કરીશ. એકાદ-બે વર્ષનો સમય વીતવા દે પછી લગ્ન કરજે. બે વર્ષ બાદ સપ્ટેમ્બર ૨૦૧૦માં મસ્કે લંડનની ફૂટડી એક્ટ્રેસ તાલુલા સાથે પ્રભુતામાં ડગ માંડયા. જો કે માત્ર ૬ જ વર્ષના ટૂંકાગાળામાં મસ્કના નસીબમાં બીજા છૂટાછેડા લખાયા હતા. વર્ષ ૨૦૧૬માં તેમણે તાલુલા સાથે છૂટાછેડા લીધા. પરંતુ તે અગાઉ એક ટ્રેજિક-કોમિક બનાવ બન્યો. વર્ષ ૨૦૧૨માં છૂટાછેડા લેવા કોર્ટ સુધી પહોંચેલા બન્ને પાછા એક થઈ ગયા. જો કે તેમનું લગ્ન જીવનનું ગાડું લાંબુ ન ચાલ્યું, ૪ વર્ષમાં જ ૨૦૧૬ની સાલમાં છેવટે જે થવાનું હતુ તે થઈને રહ્યું.


મસ્કના પારિવારિક જીવનની વાતો પછી હવે તેમના બિઝનેસની કેટલીક વાત જોઈએ. ટેસ્લા અને ગુગલ - બંન્ને કંપનીઓ ભેગા મળીને ''ઓટોપાઈલોટ સિસ્ટમ'' ડેવલપ કરી શકે તે માટેની યોજના ઘડવા વિશે ઈલોન મસ્કે ગુગલના લેરી પેજ સાથે ચર્ચા-વિચારણા કરી હતી. આ સિસ્ટમ જો સફળ થાય તો તેનાથી ડ્રાઈવર વગરની કારનું ઉત્પાદન શક્ય બને. પરંતુ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના એક પ્રોજેકટમાં મસ્ક અને લેરી વચ્ચે મતભેદ સર્જાતા બન્ને મહાશયો અલગ થઈ જવાથી મસ્ક તે પછી ટેસ્લા કારની ઓટોપાઈલોટ સિસ્ટમ ડેવલપ કરવા માટે એકલે હાથે આયોજનઆગળ વધારી રહ્યા છે.

મસ્ક અને લેરી વચ્ચે AI ના એક પ્રોજેકટમાં મતભેદ કેમ સર્જાયો તે ઘટના પણ જાણવા જેવી છે. મૂળ વાત એમ છે કે મસ્ક અને લેરી વર્ષોથી પરસ્પરના પરિચયમાં હતા અને મસ્ક તો ઘણી વખત પાલો આલ્ટો ખાતે લેરીના નિવાસસ્થાને ઘણી વખત રાત્રે રોકાતા પણ હતા. ''આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ'' ભવિષ્યમાં કેવા જોખમો ઊભા કરી શકે અને તેનાથી માનવજાત કેવી મુશ્કેલીમાં મુકાઈ જઈ શકે છે તે વિશે મોડીરાત સુધી મસ્ક, લેરી સાથે ચર્ચા છેડતા હતા. મસ્ક AI ના ભવિષ્યના જોખમો વિશે સતત ચિંતિત રહે છે. તેમનો આશય AI વધુ ડેવલપ થાય તે પહેલાથી જ તેનો ''મિસયુઝ'' ના થાય તેવી ટેકનોલોજી ડેવલપ કરવાનો છે. પરંતુ મસ્ક જ્યારે લેરી સાથે આ મુદે મોડીરાત સુધી ચર્ચા છેડતા ત્યારે લેરીને મસ્કનો આ મુદ્દો એટલો બધો ગંભીર લાગતો નહોતો. તેઓ મસ્કની આ વાતને હળવાશથી લઈ ઉડાવી દેતા હતા. વર્ષ ૨૦૧૩માં નાપા વેલી ખાતે મસ્કની બર્થ-ડે પાર્ટીમાં લેરી અને મસ્ક વચ્ચે બધા મહેમાનોની હાજરીમાં આ જ પોઈન્ટ પર ઘણી ચર્ચા ચાલી હતી. મસ્કની દલીલ એવી હતી કે આપણે જો સાવચેતીના યોગ્ય પગલાં નહીં લઈએ તો એક દિવસ એવો આવશે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ્સ આપણું એટલે કે માનવજાતનું સ્થાન લઈ લેશે. કદાચ AI માનવજાતનો અંત પણ આણી દઈ શકે છે. પરંતુ લેરીએ મસ્કની આ વાત હસી કાઢતા કહ્યું, બુધ્ધિમત્તામાં AI મશિન્સ એક દિવસ ધારો કે માનવજાતથી આગળ પણ નીકળી જાય તોય એનાથી શો ફરક પડશે? એ તો માનવજાતની ઉત્ક્રાંતિનું એક આગળનું પગથિયું હશે. લેરીએ મસ્કની વાતો ''સેન્ટિમેન્ટલ નોનસેન્સ'' ગણાવીને ઉડાવી દીધી. વર્ષ ૨૦૧૩ના અંતમાં મસ્કે જ્યારે સાંભળ્યું કે લેરી પેજ અને ગુગલ ''DeepMind'' ખરીદી લેવાની યોજના ઘડી રહ્યા છે, ત્યારે તેમના મનમાં મોટી ફાળ પડી હતી, કારણ મસ્ક માને છે કે લેરીના હાથમાં AI નું ભવિષ્ય સલામત નથી. જો કે તે પછી પણ મસ્ક અને તેમના ફ્રેન્ડ લુક નોસેક બન્નેએ ભેગા મળી 'DeepMind' ખરીદી લેવાનો લેરીનો પ્લાન નાકામિયાબ થાય તે માટે પ્રયાસ કર્યા હતા. પણ તેમનો આ પ્રયાસ સફળ ન થયો અને ૨૦૧૪ના જાન્યુઆરીમાં ગુગલે 'DeepMind' હસ્તગત કરી લીધાની સત્તાવાર જાહેરાત કરી દીધી. જો કે તે પછી પણ મસ્કને સાથે રાખવાની કોશિશના ભાગરૂપે લેરી પેજે 'સેફટી કાઉન્સિલ' ની રચના કરીને તેમાં મસ્કને સભ્યપદ પણ આપી દીધું. પણ આ બધું દેખાડા પુરતું જ હતું. આ સેફટી કાઉન્સિલની પહેલીને છેલ્લી મિટિંગ મસ્કની કંપની SpaceX માં યોજાઈ હતી. મસ્કની કંપનીના ચીફ ઓફ સ્ટાફ સામ ટેલરનું કહેવું છે કે ગુગલના આ લોકોનો AI ની સેફટી વિશે કાંઈ કરવાનો કોઈ જ ઈરાદો નથી. વળી AI ના ડેવલપમેન્ટ ક્ષેત્રમાં તેમની સત્તા પર કોઈપણ પ્રકારનો કાપ મુકાય એવું કશું પણ કરવાની ગુગલવાળાની જરાય ઈચ્છા નથી. ટૂંકમાં સામ ટેલરનો કહેવાનો મતલબ એ હતો કે મસ્ક જેમ ઈચ્છે છે કે AI ક્ષેત્રમાં સેફટી માટે કોઈ પગલાં ભરવા જોઈએ, પણ તેમ કરવાથી ગુગલવાળાની સત્તા પર નિયંત્રણ આવી જાય અને આવા નિયંત્રણ સ્વીકારવાની ગુગલવાળાની તૈયારી નથી.

## ભારતના અનેક શહેરો પાણીની તંગીની બોર્ડર પર ધબકી રહ્યા છે

બેંગલુરૂ જ્યારે પાણીમાં ડૂબ્યું ત્યારે ચર્ચાનો વિષય બન્યો હતો તેના કરતાં વધુ તે પાણીની અછતના વિવાદમાં ફસાયું છે. બેંગલુરૂમાં વધુ વિદેશી રોકાણ આવે અને તેને વર્લ્ડ ક્લાસ સિટી બનાવવાની લ્હાયમાં પાણીનો સંગ્રહ કરવાની પધ્ધતિ અને વધુ વિકસાવવાના બદલે નાના નેળીયા પુરીને પાણીનો સંગ્રહ કરતા સોર્સને પુરી દેવાયા હતા. જુના કૂવાઓને રીબોર કરીને વધુ ઊંડા બનાવવાનું વિકાસ કરનારાઓની યાદીમાં નહોતું.

હજુ તો ઉનાળો આવવાની વાર છે. તે પહેલાંજ બેંગલુરૂ તરસે મરી રહ્યું છે. પાણીની અછતથી ત્રસ્ત લોકો કંટાળીને શહેર છોડી રહ્યા છે.



ભારતની કમનસીબી એ છે કે જેવી કોઈ સમસ્યા સળગે છે કે તરતજ ભાજપ અને કોંગ્રેસ સામસામે આવી જાય છે. બંનેના આક્ષેપો એટલા ઝેરીલા હોય છે કે સાંભળનારા માથું કૂટવા લાગે છે. મૂળ સમસ્યા વિશે કોઈ ગંભીર નથી. રાજકારણીઓને તો ચાર વાર સ્નાન કરે એટલું પાણી મળે છે પરંતુ સામાન્ય પ્રજા માટે તો ઘરમાં પાણી ભરેલી ચાર ડોલ હોય તે એક સપનાં સમાન હોય છે. બેંગલુરૂમાં પાણીની સમસ્યાનો ઉકેલ ભલે કાવેરી વિવાદમાં છૂપાયેલો હોય પરંતુ વર્તમાનમાં પાણીનો તાત્કાલીક ઉકેલ દેખાતો નથી. બેંગલુરૂમાં આવતી ટેન્કરોને પોલીસ રક્ષણ આપવું પડે છે. બેંગલુરૂના શહેર અને પરાં વિસ્તારમાં પાણીની ટેન્કરો પાસે લાંબી લાઈન લાગે છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં જ્યારે પાણીની તંગી ઉભી થઈ ત્યારે પાણીની ટેન્કર ભરેલી આખી ટ્રેન મોકલવામાં આવતી હતી. પાણીની સમસ્યાને પહેંચી વળાય છે કેમકે બેંગલુરૂની નજીકમાં પાણીના સોર્સ ઘણા છે. બેંગલુરૂની સમસ્યા અનેક શહેરો સુધી પહોંચી શકે છે. પાણીના તળ ઊંડા જશે તો શું થશે તેની નવોદીત આર્કીટેક ઈજનેરોને ખબરજ નથી હોતી એમ કહી શકાય. બેંગલુરૂ જેવીજ દશા એકવાર ચેન્નાઈની થઈ હતી. ભારતના અનેક શહેરો પાણીની તંગીની બોર્ડર પર ધબકી રહ્યા છે. વરસાદ થોડો ખેંચાય તો દરેકના જીવ ઊંચા થઈ જાય છે. પાણીની તંગીની કારણે અનેક વિસ્તારો ઉજ્જડ બની જાય છે અને તે વિકાસનો ટ્રેક પકડી શકતા નથી.

બેંગલુરૂના મૂંગા પશુધનની દશા તો ખુબ ખરાબ છે. પાણી માટે રખડતા કૂતરાં મોટી સમસ્યા બની ગઈ છે. ગૌશાળા જેવા કેન્દ્રોમાં પાણીનો બોર હોય છે પરંતુ તળ નીચા જવાથી ત્યાં પણ પાણી બહારથી લાવવું પડે છે. બેંગલુરૂમાં આજે પાણીની સમસ્યા માટે સર્વ પક્ષીય બેઠક યોજાય અને સમસ્યા હળવી કરવાના નિર્ણયો લેવાય તો પણ તેની અસર આગામી વર્ષે થાય. હાલમાં તો સમસ્યા હળવી કરવા નજીકના ગામો પર આધાર રાખવો પડશે. લાખો ગેલન વરસાદી પાણી વહી જતું હોવા છતાં તેને અન્યત્ર વાળવા કે સ્ટોર કરવાની કોઈ સ્કીમ રાજકીય સત્તાધીશોએ ઊભી કરી નથી. અમદાવાદમાં પાણીની સમસ્યા સતત રહેતી હતી. પરંતુ અમદાવાદના સત્તાવાળાઓએ નર્મદાનું પાણી ખેંચી લાવીને શહેરમાં પાણીની તંગીને ભૂતકાળ બનાવી દીધી છે. અહીં સત્તાવાળાઓની ઈચ્છા શક્તિ પર બધો આધાર હોય છે. બેંગલુરૂના સત્તાવાળાઓ રાજકીય હૂંસા તૂંસી છોડીને પોતાના મહત્વના શહેરની તરસ મટાડવાની જરૂર છે.

## વિશ્વભરના ઈવી ઉત્પાદકોને ભારતમાં લાવવા લાલ જાજમ

ભારતે વૈશ્વિક તખ્તા પર ઈલેક્ટ્રિક વેહિકલ બનાવતી કંપનીઓ માટે લાલ જાજમ બિછાવી રહી છે. જે કંપની ૫૦૦ મિલિયન ડોલર (અંદાજે ૪,૧૫૦ કરોડ રૂપિયા) રોકીને ત્રણ વર્ષમાં પ્લાન્ટ ઊભો કરી શકે તેવી કંપનીઓ માટે વિશેષ રાહતો જાહેરાત કરવામાં આવે છે. આમાં કસ્ટમ ડયુટીમાં રાહતનો સમાવેશ થાય છે. ઈલોન મસ્ક છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતમાં પ્રવેશવા માગે છે, પરંતુ તેમની માંગણી પ્રમાણેની કસ્ટમ ડયુટી સાથે ભારત સરકાર સંમત થતી નહોતી. ભારત સરકાર જે નવી પોલિસી હેઠળ આગળ વધી રહી છે તેના કારણે ચીનના ઈવી ઉત્પાદકો માટે પણ તક ઊભી થઈ છે. આ ઈવી ઉત્પાદકોને કસ્ટમ ડયુટીમાં રાહત જોઈતી હશે તો તેમણે ત્રણ વર્ષમાં પ્લાન્ટ ઊભો કરવો પડશે અને પાંચમાં વર્ષે ઉત્પાદન શરૂ કરવું પડશે.

ઈલેક્ટ્રિક વેહિકલ સાથે સંકળાયેલા વિશ્વભરના નાનાં મોટાં ઈક્વિપમેન્ટના ઉત્પાદકો સીધાજ ભારત સાથે સંબંધાઈ શકશે. આ નવી નીતિ હેઠળ ભારતની સરહદને સ્પર્શીને આવેલા દેશની કંપનીઓએ ભારત સરકારની વિશેષ મંજૂરી લેવી પડશે. આ દેશો એટલે ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભૂતાન,નેપાલ, મ્યાનમાર અને અફઘાનિસ્તાન. ઈલોન મસ્કે ભારતમાં ટેસ્લાની એન્ટ્રી માટે બહુ આગ્રહ કર્યા બાદ નવી નીતિ માટે વિચારણા થઈ હોવાનું મનાય છે.



ભારતની ઈવી પોલિસીના કેન્દ્રમાં ટેક્સની રાહત છે. તેના કારણે વિદેશી રોકાણો આવશે ને ટેસ્લા જેવી ઈલેક્ટ્રિક કાર ભારતના રસ્તાઓ પર દોડવા લાગશે. અગાઉ નોંધ્યું તેમ, ઓછામાં ઓછા ૪૧૫૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે જે-તે કંપની ભારતમાં ઈવીનું ઉત્પાદન કરી શકાશે.

જો વિદેશની કંપનીઓ ભારતમાં આવવામાં રસ લેશે તો ભારત ઈવી ટેકનોલોજીનું હબ બની શકે છે. એશિયાના દેશોમાં ઈવીને ઉત્પાદન માટે વિદેશી રોકાણને લઈને ઉત્સાહ જોઈને ભારતે નવી નીતિ તૈયાર કરી છે. ઈવીના સ્થાનિક ઉત્પાદકોને વિદેશી રોકાણ મળી રહે તે હેતુ પણ નવી નીતિથી સિદ્ધ થઈ શકે છે.

સરકારે ઈવી માટે ઘડેલી નવી નીતિનો એક ઉદેશ માત્ર ઈલોન મસ્કની ટેસ્લા કંપનીને નહીં, પણ દુનિયાભરની ઈવી કંપનીઓને ને આકર્ષવાનો છે. મુખ્ય આશય તો ઈવી ક્ષેત્રે આત્મનિર્ભર થવાનો છે. ઈવી માટે ટેક્સમાં રાહત આપવાનો વિરોધ સ્વાભાવિક રીતે જ દેશની મોટી ઓટો કંપનીઆએ કર્યો છે. ટાટા મોટર્સ, મહેન્દ્ર એન્ડ મહેન્દ્રએ જણાવ્યું હતું કે ઈવી ક્ષેત્રને શરૂઆતના સમયમાં રાહત આપી શકાય, પરંતુ કાયમી ધોરણે રાહત ન આપવી જોઈએ. સ્પષ્ટ છે કે વિદેશની ઈવી કંપનીઓ સાથે સ્થાનિક ઓટોમોબાઈલ કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા ઊભી થવાની છે.

ઈલોન મસ્ક સાથે સરકારે બેઠક કરી ત્યારે ૪૦,૦૦૦ અમેરિકી ડોલરથી નીચેના ભાવવાળી કાર પર ૭૦ ટકા ડયુટી અને તેનાથી વધુ કિંમતની કાર પર ૧૦૦ ટકા ડયુટી હોવી જોઈએ કે કેમ તે ચર્ચાનો મુખ્ય મુદ્દો હતો. જોકે ભારતના વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું કે ભારત પોતાની નીતિને વળગી રહેશે અને ટેસ્લાના પ્રભાવમાં આવી નહીં જાય.

તેમણે કહ્યું હતું કે ભારતની નીતિઓ કોઈના દબાણ હેઠળ બનતી નથી. ભારતનો મૂળ હેતુ વિશ્વભરના ઈવી ઉત્પાદકોને ભારત લાવવાનો છે અને તે માટે વિશેષ સવલતો આપવાનો છે, જેના પગલે ભારતના અર્થિક તંત્રને વેગ મળશે. અહીં બે મુદ્દા મહત્ત્વના છે. એક તો, ૬,૪૮૪ કરોડથી વધુ રાહત રાહત આપવામાં નહીં આવે અને બીજું, રોકાણ નિશ્ચિત હોવું જોઈએ. ટૂંકમાં સમજીએ તો, કોઈ કંપની ૩૫,૦૦૦ ડોલરની કાર બનાવે અને ૫૦૦ મિલિયન ડોલરના રોકાણની ખાત્રી આપે તો તે પાંચ વર્ષમાં ૨૫,૯૭૪ કાર બનાવી શકશે. જો આ કંપની રોકાણ વધારીને ૭૮૧ મિલિયન ડોલર પર લઈ જાય તો તે ૪૦,૫૮૨ કાર બનાવી શકશે. વધુમાં વધુ વર્ષે ૮,૦૦૦ કાર બનાવવાની મર્યાદા રખાઈ છે. ઈલેક્ટ્રિક વેહિકલ ક્ષેત્રનો પ્લાન તૈયાર કરીને ભારત વિશ્વનું ઈવી હબ બનવા માંગે છે. પાંચ વર્ષ પછી આપણા રસ્તાઓ પર પેટ્રોલ-ડિઝલથી ચાલતાં વાહનો બહુ ઓછાં જોવા મળશે.

## શું કારણ હતું કે સાત વર્ષના કાનુડાને ગોવર્ધન ધારણ કરવો પડ્યો...?





ગોવર્ધન ધારણ

- રુપાલી દવે



ભગવાન શ્રી કૃષ્ણ એ સાત વર્ષે ગોવર્ધન ધારણ કેમ કર્યો હતો? એવું તે શું કારણ હતું કે સાત વર્ષ ના નાનકડા કાનુડા ને ટચલી આંગળીએ મસ મોટો ગોવર્ધન ધારણ કરવો પડ્યો. ભગવાન ને ગોપ બાળક રૂપે અનેક લીલાઓ કરતા જોઈને ઈન્દ્રે ને મન મદ આવી ગયો ને થયું કે વ્રજ વસીઓની પરીક્ષા લઉં. નાનકડું શ્યામ વર્ણિય બાળક ને અનેક લીલાઓ કરતાં જોઈને એ ભ્રમ માં પડ્યા. એને થયું કે આટલું સુંદર નીલ મણી જેવું બાળક ના ચહેરા નું તેજ સામન્ય માનવીય બાળક જેવું નથી અલૌકિક છે..વ્રજવાસીઓ તો એના પડ્યા બોલ જીલે છે એની પાછળ ગાંડા ગાંડા થઈને ફરે છે. કોણ છે? આ બાળક..ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ શિશિર ઋતુ પણ પસાર થઈ ગઈ ને વસંતના વધામણાં થતાં ચારેબાજુ હરિયાળી ચાદર ઓઢી ને ધરતી રાણી એની સુંદરતા માં ચાર ચાંદ લગાવી રહી હતી..ખેતરો મા નવા પાક ના મોલ હવા સાથે ખેલવા લાગ્યા.વૃંદાવન માં ચારે બાજુ પશુ,પક્ષીઓથી લઈને માનવ જીવનમાં અનેરો આનંદ ઉમંગમાં વધારો થતાં ઉત્સવ ના ઉત્સાહ માં થન ગનવા લાગ્યું.

ખેતરો માથી બહળા પ્રમાણ માં પેદા થયેલ અનાજ ઢગલા તરફ નજર કરતા નંદ બાવા એ અન્ય વૃંદાવન વાસીઓને કહ્યું કે ધન્ય છે ઈન્દ્ર દેવ જેણે આપણા વૃંદાવન માં વરસાદ વરસાવી ને બાર મહિના થી વધારે ચાલે તેટલું અન્ન પ્રાપ્ત કરાવ્યું છે.ગાયો માટે લીલા છમ ઘાસચારો ને યુમુનાં જી માં જળ ની આવક. દર વર્ષે ની જેમ આ વર્ષે પણ ઈન્દ્ર યાગ કરવા ની તૈયારીઓ માં લાગી જાવ. ઈન્દ્ર યાગ કરીને ઈન્દ્રદેવ ને એના ભાગ નું અન્ન અર્પણ કરીશું. બધા ગોપ ગોવાળો એ વૃંદાવન ના રાજા નંદ બાવા ની વાત માં સહમતી અપત્તા સુર માં સુર પુરાવી જરૂર જરૂર બોલ્યા. નાનકડા સાત વર્ષ ના બાળકે એ નંદરાય ને પૂછ્યું કે કેમ ઈન્દ્રનો ભાગ? ખેતર વાવવા,ખેડવા થી લઈને લણવા સુધીની બધી મજુરીઓ તો તમે લોકો એ કરી છે તો એમાં ઈન્દ્રે નું શું કામ? માન્યું કે વરસાદ ના પાણી ને લીધે અન્ન પ્રાપ્ત થાય છે પણ ઈન્દ્ર ઉનાળા ના ચાર મહિના કૂવા,તળાવ,નદી, વાવ માંથી પાણી ને શોષે છે એ જ પુનઃ પરત કરે છે તો એમાં એનું કાર્ય ક્યાં છે?

નંદબાવા એ સમજાવ્યું કે કાના, આપણા બધાના જીવન ગાય અને ગોવર્ધન પર્વત પર ટક્યા છે. ગાયો ગોપ ગોવાળો ની આજીવિકા છે ને ગોવર્ધન પર્વત પર ઊગેલ લીલા લીલા ઘાસ નું કારણ ઈન્દ્ર દેવ છે. ઈન્દ્રદેવ ના લીધેજ નદી નાળા,કૂવા તળાવ પાણી થી ભરપુર રહે છે એટલે એને નારાજ કરી શકાય નહિ. ભગવાન શ્રી કૃષ્ણ એ પિતાજી ના તર્ક ની સામે તર્ક વિતર્કો કરતા કહ્યું કે પિતાજી કર્મ જ મનુષ્ય ના જીવન નું સુખ દુઃખ,ચડતી પડતી નક્કી કરતું હોય છે. તમારી પાસે જે કંઈ પણ છે એ કર્મ ના આધીન છે એમાં ઈન્દ્ર નું કશુજ પ્રયોજન નથી. ઉત્સવ કે પૂજા કરવી હોય તો ગાય,બ્રાહ્મણ અને ગોવર્ધન પર્વત ની કરો. ગોવર્ધન પર્વત ના લીધે જ વ્રજ આંધી તોફાન અન્ય થી સુરક્ષિત રહે છે. બધા ગોપ ગોપીઓ ઘી ,દૂધ,દહી સાથે અન્ય ભોગ સામગ્રીઓ લઈને ગિરિરાજ ગોવર્ધન ની તળેટી માં બેસી ને યજ્ઞ પૂજન કર્યા બાદ ગાયો, યજ્ઞ, ગોવર્ધનની પ્રદક્ષિણા કરીશું જેથી વ્રજ વધારે સમૃદ્ધ બને.

નંદ બાવાને વ્રજ ના સૌથી વડીલ ઉપનંદે સમજાવ્યું કે લાલાજી કહે એમ કરો,સાચી તો વાત છે કર્મ જ પ્રત્યેક ની સુખ સમૃદ્ધિ ની ચાવી છે.જાવ બધા જઈને તૈયારી કરો ગોવર્ધન યાગ ની..બીજા દિવસ ના પ્રાતઃ કાળે વ્રજવાસીઓ સજી ધજી ને ગોવર્ધન યાગ ની તૈયારીઓ માં લાગ્યા.. બ્રાહ્મણો દ્વારા ગોવર્ધન યાગ કરાવ્યા બાદ બધી પ્રસાદ સામગ્રી ગોવર્ધન પર્વત તરફ મૂકીને વ્રજવાસીઓ ખુલ્લા પગે ગોવર્ધન ની પ્રદક્ષિણા કરવા લાગ્યા. ભગવાન શ્રી કૃષ્ણ એ એ વખતે ખુદ ગોવર્ધન સ્વરૂપ ધારણ કરી ને વ્રજવાસીઓ ની સામગ્રી ની એક પછી એક પત્રાળ પકડી પકડીને આરોગવા લાગ્યા.આ દ્રશ્ય નિહાળી ને બધા વ્રજવાસી બોલ્યા કે લાલા, તારી વાત તો સાચી ગોવર્ધન પર્વત એ પ્રગટ દેવ છે પણ એનું મુખ તારા જેવું કેમ લાગે? લાલાજી એ હસતા હસ્તા કહ્યું કે ગોવર્ધન પર્વત નું મુખ મોટું છે જલદી જલદી હાથ માં આવે એ પત્રાળ લઈને ભાગો નહિતર પ્રસાદ બચશે જ નહીં.. ગોંપો તો પત્રાલ પકડી ને જેવા ભાગવા જાય એ ભેગા ગોવર્ધન ધારી ભગવાન શ્રી કૃષ્ણ લાંબા હાથ થી પકડી ને આરોગી જતાં હતાં.

ઐરાવત હાથી પર બેસી ને આકાશ માંથી ઈન્દ્રે ગોવર્ધન યાગ નો નજારો નિહાળતા જ ગુસ્સા મા બોલ્યો કે ઈન્દ્ર યાગ ને ત્યજીવા ની ભૂલ વ્રજવાસીઓ ને ચૂકવી પડશે. હું ઈન્દ્ર દેવો નો દેવ ને મારું અપમાન.. આમ બોલીને મેઘો ના રાજા મેઘ સંવર્તક ને આદેશ આપ્યો કે જાવ વ્રજ માં ને પ્રલય કાળ આવ્યા છે એમ સમજી ને હાથી ની સૂંઢ માંથી નીકળતી ધારા ની જેમ મેઘ વરસાવો..જોવ તો ખરી એ નાનકડો સાત વર્ષનો બાળક કેવી રીતે બચાવે છે પુર માંથી વ્રજવાસીઓ ને..

આખું વ્રજ પાણી પાણી થઈ જતાં વ્રજવાસીઓ કૃષ્ણ કૃષ્ણ બોલીને ભગવાન ના શરણે આવ્યાભગવાન શ્રી કૃષ્ણ એ વિશાળ ગોવર્ધન પર્વત ને અડધે થી પકડી ને બોલ્યા કે નિશ્ચિંત પણે બધા ગાય,બાળકો,સ્ત્રીઓને લઈને આવી જાવ જલદી,ગોવર્ધન પર્વત હેઠળ સુરક્ષિત છો..મેઘ સંવર્તક સાત દિવસ અનરાધાર વરસ્યો ને સાત દિવસ સુધી ભગવાન એ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ને ઉચકી રાખ્યો..કૃષ્ણ તત્વ શું છે એ સમજવું હોય તો કૃષ્ણ ને સમજવા જરૂરી છે.એ કથાનું પાત્ર નથી એ સ્વયં ઈશ્વર છે.આ વાત ભગવાન શ્રી કૃષ્ણ ૧૨વર્ષ ગોકુળ મા રહીને અનેક લીલાઓ વ્રજવાસીઓ સમક્ષ કરી છતાંય વ્રજવાસી માં વૃદ્ધ અને પ્રૌઢ પુરુષો અને મહિલાઓ માટે એનો લાલજી,ગોપીઓ માટે હદય માં વસતો કાનુડો,ગોપ ગોવાળો માટે સખા કનૈયો હતો.આ બધી ભગવાન ની લીલા સમજો નહિતર સાત દિવસ વિશાળ ગોવર્ધન પર્વત ને ટચલી આંગળીએ ધારણ કરવો મતલબ.

### શાહિદ કપૂરે વિજય દેવરાકોંડાને 'થેન્ક યુ' કહ્યું, પ્રિયંકા ચોપરા અને સિદ્ધાર્થ મલ્હોત્રા સહિત અનેક સેલેબ્સ સ્પોટ...

# અમેઝોન પ્રાઇમ વીડિયોની ઇવેન્ટમાં સેલેબ્સનો જમાવડો

અમેઝોન પ્રાઈમ વીડિયોએ ગઈકાલે એટલે કે 19 માર્ચે મુંબઈમાં 'આર યુ રેડી' નામની ઈવેન્ટનું આયોજન કર્યું હતું. આ સાથે જ 40 વેબ શો અને 39 ફિલ્મોની જાહેરાત કરી છે. જેમાં મચઅવેઈટેડ સિરીઝ 'મિર્ઝાપુર 3' અને 'પંચાયત 3'ના નામ પણ સામેલ છે.

આ ઈવેન્ટમાં બોલિવૂડ સ્ટાર્સ ઉપરાંત સાઉથના કલાકારોએ પણ ભાગ લીધો હતો.એક્ટરોમાં શાહિદ કપૂર, વિજય દેવરાકોંડા, સિદ્ધાર્થ મલ્હોત્રા, પ્રિયંકા ચોપરા, મનોજ બાજપેયી અને મૃણાલ ઠાકુર જેવા ઘણા મોટા સેલેબ્સ જોવા મળ્યા હતા. મિર્ઝાપુરની તમામ સ્ટાર કાસ્ટ પણ જોવા મળી હતી. ઈવેન્ટ દરમિયાન શાહિદ કપૂરે સાઉથ એક્ટર વિજય દેવેરાકોંડાનો આભાર માન્યો હતો. શાહિદની ફિલ્મ 'કબીર સિંહ' સાઉથની ફિલ્મ 'અર્જુન રેડ્ડી'ની રિમેક હતી. તેમણે કહ્યું- જો અર્જુન રેડ્ડી ન હોત તો કબીર સિંહ ક્યારેય ન બની હોત, તેથી આભાર.



### જ્યારે સામંથાએ પ્રયાસ કર્યો તો ફિલ્મમેકરે પીછેહઠ કરી; કહ્યું, 'હું અહીં વૃદ્ધ બનવા નથી ઈચ્છતો'

# વરુણ ધવને સ્ટેજ પર કરન જોહરના ચરણ સ્પર્શ કર્યા



**આ કાર્યક્રમમાં કરન જોહરે પણ હાજરી આપી હતી જેમણે વરુણ ધવન અને સામંથા રૂથ પ્રભુ સ્ટારર આગામી વેબ શો 'સિટાડેલ: હની બન્ની' પર આધારિત સેગમેન્ટ હોસ્ટ કર્યો હતો...**

પ્રાઈમ વીડિયોએ મંગળવારે આયોજિત એક ઈવેન્ટમાં તેના પ્લેટફોર્મ પર રિલીઝ થનારા કેટલાક આગામી પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે. આ કાર્યક્રમમાં કરન જોહરે પણ હાજરી આપી હતી જેમણે વરુણ ધવન અને સામંથા રૂથ પ્રભુ સ્ટારર આગામી વેબ શો 'સિટાડેલ: હની બન્ની' પર આધારિત સેગમેન્ટ હોસ્ટ કર્યો હતો.

ઈવેન્ટમાં વરુણનો પરિચય કરાવતા કરને કહ્યું - 'સ્ટુડન્ટ ઑફ ધ યરથી લઈને સ્પાય ઑફ ધ યર'. આ પછી વરુણ ધવને સ્ટેજ પર હાજર કરન જોહરના ચરણ સ્પર્શ કર્યા હતા. વરુણ બાદ સામંથાએ પણ કરનના ચરણ સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો. સામંથાને આમ કરતી જોઈને કરન ચોંકી ગયો અને જોરથી 'ના...'ની બૂમો પાડતો હટી ગયો હતો.

ઈવેન્ટમાં વરુણે પણ મજાકમાં કહ્યું કે, દરેક વ્યક્તિએ કરનના પગ સ્પર્શ કરવા જોઈએ. કરનની વાસ્તવિક ઉંમર જાણી શકાતી નથી કારણ કે તેમના ડર્મેટોલોજિસ્ટ ખૂબ જ અદભૂત છે.

વેબ સિરીઝ 'સિટાડેલ: હની બન્ની'ના ટીઝરમાં વરુણ અને સામંથા ઉપરાંત કેકે મેનન અને સિકંદર ખેર જેવા કલાકારો પણ જોવા મળે છે. તે અમેરિકન ટીવી સિરીઝ 'સિટાડેલ'નું સ્પિન-ઓફ છે જે ટૂંક સમયમાં પ્રાઈમ વીડિયો પર રિલીઝ થશે.

વરુણે તેની એક્ટિંગ કરિયરની શરૂઆત 2012માં કરન જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર'થી કરી હતી. આ પહેલાં તે 2010માં રિલીઝ થયેલી કરનની ફિલ્મ 'માય નેમ ઈઝ ખાન'માં આસિસ્ટન્ટ ડિરેક્ટર હતા.

# ચરણસ્પર્શ કર્યા તો ભાઈજાન ગુસ્સાથી લાલચોળ થઈ ગયો

### નમાશી ચક્રવર્તીને કહ્યું, 'જો દિશા પટનીની સામે ફરી આવું કર્યું છે તો સેટ પરથી બહાર કાઢી મૂકીશ'

મિથુન ચક્રવર્તીના પુત્ર એક્ટર નમાશી ચક્રવર્તીએ એક ઈન્ટરવ્યૂમાં સલમાન ખાન સાથે જોડાયેલી એક ફની ઘટના શેર કરી હતી. એક્ટરે જણાવ્યું કે, જ્યારે તે ફિલ્મ 'રાધે'ના સેટ પર સલમાનને મળ્યો ત્યારે તેમણે સલમાન ચરણ સ્પર્શ કર્યાં હતા.



જ્યારે એક્ટરે આવું કર્યું ત્યારે સલમાને તેમને ઘણી વાતો ફની અંદાજમાં કહી.

લેહરેન રેટ્રોને આપેલા ઈન્ટરવ્યૂમાં નમાશીએ કહ્યું, 'સલમાન ભાઈ મહેબૂબ સ્ટુડિયોમાં 'રાધે'નું શૂટિંગ કરી રહ્યા હતા. હું નજીકમાં જ ફિલ્મ 'બેડ બોય'નું શૂટિંગ કરી રહ્યો હતો. હું તેમને મળવા ગયો. ત્યાં પહોંચ્યા પછી મેં તેમના ચરણ સ્પર્શ કર્યા. આમ કરવા બદલ તેમણે મને સખત ઠપકો આપ્યો હતો.' તે પછી ભાઈજાને મને ગળે લગાડ્યો અને કહ્યું- 'હું તારા જેવો જ યુવાન છું. મારી સાથે આ બધું બેવકૂફી ભર્યું વર્તન ન કરો. જો તમે ફરીથી આવું કરશો અને ખાસ કરીને જ્યારે દિશા પટની અહીં બેઠી હશે તો... હું તમને સેટની બહાર કાઢી મૂકીશ. તો ભાઈઓ, નિયમ નંબર 1 એ છે કે સલમાન ભાઈના પગને ક્યારેય સ્પર્શશો નહીં.'

નમાશીએ કહ્યું, 'દર વર્ષે 21મી ડિસેમ્બરે ચિચી ભૈયાના જન્મદિવસે હું તેમના ઘરે કેક લઈને જાઉં છું. અમે બે-ત્રણ કલાક સાથે બેસીએ છીએ. તે હંમેશા અમારા માટે પોતાના હાથે ચા બનાવે છે. તે કહે તમે આવ્યા છો તો હું ચા બનાવી આપીશ. અમે સંપૂર્ણ મીટિંગ દરમિયાન તેમના વખાણ કરીએ છીએ અને તે કંટાળી જાય છે.' વર્ક ફ્રન્ટની વાત કરીએ તો નમાશીની ડેબ્યૂ ફિલ્મ 2023માં રિલીઝ થયેલી 'બેડ બોય' હતી. તે બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નથી. હાલમાં નમાશી મહેશ ભટ્ટના બેનર હેઠળ બની રહેલી ફિલ્મમાં કામ કરે છે.

# વિક્રાંત મેસીએ સારા અલી ખાનની માફી માગી

### કહ્યું, 'તે ખૂબ જ મહેનતુ એક્ટ્રેસ છે, સ્ટાર કિડ હોવાના કારણે જજ કરી'

એક્ટર વિક્રાંત મેસી ફિલ્મ '12th ફેલ' બાદથી ચર્ચામાં છે. આ દરમિયાન એક ઈન્ટરવ્યૂમાં સ્ટારકિડ્સ અને નેપોટિઝમ વિશે વાત કરી છે. વિક્રાંતે જણાવ્યું હતું કે પહેલાં સ્ટારકિડ્સ વિશે તેની વિચારસરણી અન્ય લોકો જેવી હતી. વિક્રાંતે કહ્યું- જ્યારે મેં સ્ટાર કિડ સાથે કામ કર્યું ત્યારે મેં જોયું કે તે તેના કામમાં કેટલી મહેનત કરે છે.

એક્ટરે સારા અલી ખાનનું ઉદાહરણ આપ્યું. વિક્રાંતે કહ્યું કે પહેલાં તે સારા વિશે પણ આવું જ વિચારતો હતો. પરંતુ તેની સાથે કામ કર્યા બાદ તેમના વિશેના મારા વિચારો બદલાઈ ગયા. બાદમાં મેં આ માટે સારાની માફી પણ માગી છે

ફિલ્મ કમ્પેનિયનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં વિક્રાંત મેસીને પૂછવામાં આવ્યું કે તેમને કેમ નથી લાગતું કે સારા અલી ખાન સૂચનો કે સલાહ સાંભળનાર નહીં હોય. તેના પર વિક્રાંતે કહ્યું, એક સ્ટાર કિડ હોવાને કારણે મેં પહેલાંથી જ વિચાર્યું હતું કે તે તેમના વાળ અને મેકઅપ પર વધુ ધ્યાન આપશે. વધુમાં કહ્યું, આ બધું એટલા માટે થયું કારણ કે નેપોટિઝમને લઈને ઘણી ચર્ચા ચાલી રહી હતી.

પોતાની વાતને આગળ વધારતા વિક્રાંતે કહ્યું,હું પણ આનો શિકાર બન્યો હતો અને આ વાતો પર વિશ્વાસ કર્યો. તમે જે માનો છો તે મોટાભાગે તમારી આસપાસ શું ચાલી રહ્યું છે તેના પર નિર્ભર છે. વિક્રાંતે કહ્યું- મને લાગ્યું કે તેની પ્રાથમિકતા કદાચ વાળ અને મેકઅપ હશે. મેં સારાને આ વાત કહી અને તેની માફી પણ માગી હતી.

વિક્રાંતે વધુમાં કહ્યું કે હું જાણું છું કે આ ખોટું છે. 'ગેસલાઈટ'ના શૂટિંગ દરમિયાન મને સમજાયું હતું કે સારા કેટલી મહેનત કરે છે. એક એક્ટ્રેસ તરીકે તે તેના કામને કેટલી પ્રાથમિકતા આપે છે? હું તેમના કામથી ખૂબ જ પ્રભાવિત થઇ હતી. પણ સારાએ વિક્રાંતને કહ્યું - મને તેમની થોડી આદત પડી ગઈ છે.

### ફિલ્મ અશ્વત્થામાની જાહેરાત...

# વિકી કૌશલની જગ્યાએ શાહિદ કપૂર જોવા મળશે

શાહિદ કપૂરની આગામી ફિલ્મ 'અશ્વત્થામા'ની જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મની ઓફિશિયલ જાહેરાત જેકી ભગનાની અને શાહિદ કપૂરે તેમના સોશિયલ મીડિયા પર શેર કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલાં આ ફિલ્મ શાહિદ કપૂરની જગ્યાએ વિકી કૌશલ કરવાનો હતો. વિકીએ પણ આ ફિલ્મની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. પરંતુ પછી વિકી ફિલ્મમાંથી બહાર થઇ ગયો હતો.



ફિલ્મ 'અશ્વત્થામા'ના લેખક અને નિર્દેશક સચિન રવિ હશે. વાશુ ભગનાની, જેકી ભગનાની અને દીપશિખા દેશમુખ આ ફિલ્મના નિર્માતા છે. નિર્માતાઓ 'અશ્વત્થામા'ને એવી સ્ટાઈલમાં બનાવવાનું વિચારી રહ્યા છે જે પહેલાં ક્યારેય ન જોઈ હોય. આ એક અખિલ ભારતીય ફિલ્મ હશે, જે હિન્દીની સાથે તમિળ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષાઓમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. થોડા સમય પહેલાં નિર્માતાઓની નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે વાશુ અને જેકી ભગનાની માટે આ સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. તેઓ આ વર્ષની શરૂઆતથી આ પ્રોજેક્ટ વિકસાવી રહ્યા છે. નિર્માતાઓ કંઈક એવું વિઝ્યુઅલ બતાવવા માગે છે જે ભારતીય દર્શકોએ પહેલાં ક્યારેય જોયું નથી. શાહિદ કપૂર પ્રોજેક્ટની શરૂઆતથી જ મેકર્સની પહેલી પસંદ હતો. નિર્દેશક આદિત્ય ધર ફિલ્મ 'અશ્વત્થામા' બનાવવા જઈ રહ્યા હતા. આ ફિલ્મમાં વિકી કૌશલ અને સારા અલી ખાન લીડ રોલમાં જોવા મળશે. પરંતુ બજેટની સમસ્યાને કારણે મેકર્સે ફિલ્મ બંધ કરી દીધી હતી.

# મહેશ બાબુનું આગામી ફિલ્મનું પાત્ર હનુમાન પરથી પ્રેરિત...

### આ ફિલ્મ ભારતની ઈન્ડિયાના જોન્સ બને તેવી આશા



એસએસ રાજામોલી પોતાની આગામી ફિલ્મ મહેશ બાબુ સાથે કરવાનો છે. ફિલ્મ એસએસએમબી ૨૯ની ઘોષણા તેણે કરી દીધી છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, મહેશ બાબુનો રોલ આ ફિલ્મમાં ભગવાન હનુમાનથી પ્રેરિત હશે. ફિલ્મનું લેખનનું કામ પુરુ થઈ ગયું છે અને સ્ક્રિપ્ટ તૈયાર થઈ ગઈ છે.આ ફિલ્મ હાલ પ્રી-પ્રોડકશનમાં છે.

રાજામોલીએ સોશયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને જણાવ્યું છે કે, એમે અમારી આગામી ફિલ્મને શરૃ કરી દીધી છે. અમે તેનું લેખન પુરુ કરી દીધું છે અને હાલ આ ફિલ્મ પ્રી-પ્રોડકશનમાં છે. જોકે હજુ સુધી અમે કાસ્ટિંગ પુરી કરી નથી. પરંતુ હીરો મહેશ બાબુ જ છે.તે એક સારો અભિનેતા છે.

કહેવાય છે કે, એમએણએમબી ૨૯ એક બિગ બજેટ ફિલ્મ બનવાની છે. એટલું જ નહીં લોકોને આશા છે કે, આ ફિલ્મ ભારતની 'ઈન્ડિયાના જોન્સ' પુરવાર થશે. ફિલ્મ નિર્માતા આફ્રિકામાં એક એકશન-એડવેન્ચર સેટ માટે હોલીવૂડ અભિનેતાઓને પણ સામેલ કરવાના છે.

# વિક્કી, તૃપ્તિ અને એમીની ત્રિપુટી બેડ ન્યૂઝ ફિલ્મમાં જોવા મળશે...

### ધર્મા પ્રોડક્શને ગુડ ન્યુઝ ફિલ્મની બીજી સીરીઝની ઘોષણા કરી




ધર્મા પ્રોડકશને વિક્કી કૌશલ, તૃપ્તિ ડીમરી અને એમી વર્ક સાથેની બેડ ન્યુઝ નામની ફિલ્મની ઘોષણા કરી છે. આ નિર્માણ કંપનીએ ૨૦૧૯માં અક્ષય કુમાર, કરીના કપૂર ખાન, દિલજીત દોસાંજ અને કિયારા અડવાણીને લઈને ગુડ ન્યુઝ ફિલ્મનું નિર્માણ કર્યું હતું જે બોક્સ ઓફિસપર હિટ નીવડી હતીહવે આ જ ફિલ્મની બીજી સીરીઝ બેડ ન્યુઝની ઘોષણા કરવામાં આવી છે.

ધર્મા પ્રોડકશને એક વીડિયો રિલીઝ કર્યો છે, જેમાં ફિલ્મની ઈમેજીસ, તેમજ વિક્કી, તૃપ્તિ એને એમી રમૂજી અવતારમાં જોવા મળી રહ્યા છે. આ ફિલ્મનું દિગ્દર્શન આનંદ તિવારીનું છે. આ ફિલ્મને ૧૯ જુલાઈ, ૨૦૨૪નારોજ રિલીઝ કરવામાં આવશે.

રિપોર્ટના અનુસાર, આ ફિલ્મમાં ધર્મા પ્રોડકશને ફ્રેશ સ્ટાર કાસ્ટને લીધી છે. આ ફિલ્મમાં વિક્કી કૌશલ, તૃપ્તિ ડીમરી અને એમી વિર્ક કામ કરતા જોવા મળશે. બીજા શબ્દોમાં કહીએ તો ગુડ ન્યુઝ ફિલ્મના એક પણ કલાકારને લેવામાં આવવાના નથી.

# ‘હું હંમેશા RCBમાં રહીશ’, IPL 2024 પહેલા વિરાટ કોહલીનું ભાવુક નિવેદન

**સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી IPLમાં ફરી તરખાટ મચાવશે. તેણે તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીમાંથી આરામ લીધો હતો. હવે વિરાટ કોહલીને આશા છે કે જે રીતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ વિમેન્સ પ્રીમિયર લીગ 2024 (WPL 2024)માં સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં ટાઈટલ જીત્યું હતું, તેવી જ રીતે પુરુષોની ટીમ પણ આ વખતે અજાયબીઓ કરશે.**



મુંબઇ | તા.20

કોહલી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની WPL જીતવાની અને IPL ટ્રોફી જીતવાની આશા વ્યક્ત કરી છે. વિરાટ કોહલીએ એમ પણ કહ્યું કે તે અનુભવવા માંગે છે કે આ IPL ટ્રોફી જીતીને કેવું લાગે છે. વિરાટ કોહલીએ એ પણ સ્પષ્ટ કર્યું કે તે હંમેશા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો ભાગ રહેશે. કિંગ કોહલીએ મંગળવારે આરસીબીની અનબોક્સ ઈવેન્ટમાં આ વાત કહી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની મહિલા ટીમે રવિવારે દિલ્હી કેપિટલ્સને હરાવીને WPLની બીજી સિઝનમાં ખિતાબ જીત્યો, જ્યારે પુરૂષ ટીમ છેલ્લા 16 વર્ષથી ખિતાબ જીતવાની ક્ષણની રાહ જોઈ રહી છે. આ વખતે RCBની કમાન દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન ફાફ ડુ પ્લેસિસના હાથમાં રહેશે. 22 માર્ચે ચેન્નાઈ સાથેની શરૂઆતની મેચ પહેલા કોહલીએ કહ્યું - જેમ કે બધા જાણે છે કે હું હંમેશા અહીં રહીશ, તે ગ્રુપનો ભાગ બનવાનો પ્રયત્ન કરીશ જે તેને (IPL) પ્રથમ વખત જીતશે... હું તેના માટે છું. ચાહકો, ફ્રેન્ચાઈઝી માટે. હું મારા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરીશ... ઘણા વર્ષોથી આ મારું સપનું છે, તે જાણવું કે IPL જીતવું કેવું લાગે છે.



## કોહલીની આ 17મી IPL સિઝન છે

IPL 2024માં RCB સાથે વિરાટ કોહલીની આ 17મી સિઝન હશે. વિરાટ 2008થી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર ટીમ સાથે જોડાયેલો છે, પરંતુ આજ સુધી આ ટીમ IPL ટાઈટલ મેચ જીતી શકી નથી. IPL 2023ની સિઝનમાં કોહલીએ પોતાના બેટથી તરખાટ મચાવ્યો હતો. તેણે 14 મેચમાં 53.25ની એવરેજ અને 139.82ની સ્ટ્રાઈક રેટથી 639 રન બનાવ્યા. કોહલીએ IPLની કુલ 237 મેચમાં 7263 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેની એવરેજ 37.25 હતી અને સ્ટ્રાઈક રેટ 130.02 હતો. વિરાટના નામે IPLની 4 વિકેટ પણ છે.

### IPL 2024માં RCBનું નામ અને જર્સી બદલાઈ ગઈ છે

જો કે, RCBએ આ IPL સિઝનમાં સત્તાવાર રીતે તેનું નામ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરથી બદલીને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ રાખ્યું છે, જે શહેરની પરંપરા પ્રત્યે આદરની નિશાની છે. આરસીબી અનબોક્સ ઈવેન્ટ દરમિયાન આઈપીએલમાં ટીમની નવી જર્સી પણ લોન્ચ કરવામાં આવી હતી. 19 માર્ચના રોજ યોજાયેલી ઈવેન્ટ દરમિયાન, ભૂતપૂર્વ ભારત, કર્ણાટક અને RCB ફાસ્ટ બોલર આર વિનય કુમારને એક સમારોહ દરમિયાન ટીમના હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યો હતો. આરસીબીના કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ અને સ્મૃતિ મંધાનાએ તેમાં ભાગ લીધો હતો. જ્યારે RCB મહિલા ટીમને પુરૂષ ટીમના ખેલાડીઓ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. બેંગલુરુની ટીમ પ્રથમ મેચ માટે ચેન્નાઈ પહોંચી ગઈ છે.

**ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં 87 સદી ફટકારવામાં આવી : 2017ની સિઝનમાં બે બોલરોની એક જ દિવસમાં હેટ્રિક**

# બે બોલરોએ એક જ દિવસમાં હેટ્રિક ફટકારવાની સિદ્ધિ મેળવી

મુંબઇ | તા.20

IPLની અત્યાર સુધીની 16 સિઝન દરમિયાન ચાહકોએ ઘણી નજીકની મેચોનો રોમાંચ અનુભવ્યો છે. છે જ્યારે 22 હેટ્રિક નોંધાઈ છે. 2017ની સિઝનમાં બે બોલરોએ એક જ દિવસમાં હેટ્રિક ફટકારવાની સિદ્ધિ મેળવી છે.. IPL 2024ની 22મી માર્ચે રંગીન શરૂઆત થશે. ટુર્નામેન્ટની શરૂઆતની મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (CSK Vs RCB) વચ્ચે રમાશે. વર્ષ 2008માં શરૂ થયેલા આ ક્રિકેટ ફેસ્ટિવલ દરમિયાન ચાહકોને રોમાંચક ક્રિકેટની ટ્રીટ મળી છે. આ જ કારણ છે કે દરેક પસાર થતી સિઝન સાથે IPLની લોકપ્રિયતા વધી રહી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ દરમિયાન, ચાહકોએ માત્ર ઘણી નજીકની મેચોનો રોમાંચ જ અનુભવ્યો નથી, ઘણા ખેલાડીઓના મનમોહક પ્રદર્શને પણ તેમના દિલ જીતી લીધા છે. ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં 87 સદી ફટકારવામાં આવી છે જ્યારે 22 હેટ્રિક નોંધાઈ છે. IPLમાં સૌથી વધુ 7 સદી વિરાટ કોહલીના નામે છે જ્યારે સૌથી વધુ ત્રણ હેટ્રિક લેગ સ્પિનર અમિત મિશ્રાના નામે છે. IPLના ખાસ પ્રસંગોની વાત કરીએ તો બે પ્રસંગો એવા બન્યા છે જ્યારે એક ટીમના બે બેટસમેનોએ એક ઈનિંગમાં સદી ફટકારી હોય. આ સિવાય 2017ની સિઝનમાં બે બોલરોએ એક જ દિવસમાં હેટ્રિક ફટકારવાની સિદ્ધિ મેળવી છે.

**એક ઈનિંગમાં સદી |** બે બેટસમેનોને એક ઈનિંગમાં સદી ફટકારવાની તક IPL 2016માં પ્રથમ વખત મળી જ્યારે 14 મેના રોજ, RCBના એબી ડી વિલિયર્સ (129*) અને વિરાટ કોહલી (109) એ ગુજરાત લાયન્સ સામે સદી ફટકારી. બંને બેટસમેનોના યોગદાનના દમ પર RCBની ટીમ 20 ઓવરમાં 3 વિકેટે 248 રન બનાવવામાં સફળ રહી હતી. જવાબમાં ગુજરાત લાયન્સની ટીમ 18.4 ઓવરમાં 104 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને 144 રનના વિશાળ અંતરથી મેચ હારી ગઈ હતી.IPL ની એક ઈનિંગમાં સદી ફટકારનાર બે બેટ્સમેનોની સિદ્ધિનું પુનરાવર્તન IPL 2019માં ફરી થયું જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદના ડેવિડ વોર્નર (100*) અને જોની બેરસ્ટો (114) એ RCB સામે સદી ફટકારી. મેચમાં સનરાઈઝર્સે 20 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 231 રનનો મોટો સ્કોર બનાવ્યો હતો અને ત્યારબાદ RCBને 113 રનમાં આઉટ કરી દીધી હતી.SRH ટીમે 118 રનથી મેચ જીતી લીધી હતી.

**20 ઓવરમાં 8 વિકેટ |** 14 એપ્રિલે જ, રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ અને ગુજરાત લાયન્સ (RPS Vs GL) વચ્ચેની આગલી મેચમાં હેટ્રિક ફટકારવામાં આવી હતી. આ હેટ્રિક ગુજરાત લાયન્સના ફાસ્ટ બોલર એન્ડ્રુ ટાયએ ફટકારી હતી. મેચમાં પ્રથમ બેટિંગ કરતા RPSની ટીમે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 171 રન બનાવ્યા હતા. મેચના સર્વશ્રેષ્ઠ ખેલાડી ટાયએ ચાર ઓવરના સ્પેલમાં 17 રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. તેણે ઈનિંગની 20મી ઓવરના પ્રથમ ત્રણ બોલ પર અંકિત શર્મા, મનોજ તિવારી અને શાર્દુલ ઠાકુરને આઉટ કરીને હેટ્રિક પૂરી કરી. જવાબમાં ગુજરાત લાયન્સે ત્રણ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો અને સાત વિકેટે મેચ જીતી લીધી હતી.

## વર્ષ 2017માં પણ આવું જ થયું

IPLમાં એક જ દિવસે બે હેટ્રિક ફટકારવાની વાત કરીએ તો 2017ની સિઝનમાં 14મી એપ્રિલે આવું બન્યું હતું. સેમ્યુઅલ બદ્રી અને એન્ડ્રયુ ટાયએ આ હેટ્રિક નોંધાવી હતી. મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં RCBના સેમ્યુઅલ બદ્રીએ હેટ્રિક સહિત કુલ ચાર વિકેટ લીધી હતી. ‘પ્લેયર ઓફ ધ મેચ’ બદ્રીએ MIના પાર્થિવ પટેલ, મિશેલ મેકક્લેનાઘન અને રોહિત શર્માનો સતત બોલમાં શિકાર કર્યો હતો. ભારતીય મૂળના આ કેરેબિયન બોલરે પોતાની ચાર ઓવરના સ્પેલમાં માત્ર 9 રન આપીને 4 વિકેટ ઝડપી હતી. જોકે બદ્રીની આ હેટ્રિક છતાં આરસીબીને 4 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. મેચમાં પ્રથમ બેટિંગ કરતા RCBની ટીમ 20 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને માત્ર 142 રન જ બનાવી શકી હતી. જવાબમાં બદ્રીએ આપેલા આંચકા છતાં MIએ છ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.



# ભારતના આ 5 ખેલાડીઓ માટે આ 17મી IPL હશે

મુંબઇ | તા.20

IPL 2008 માં શરૂ થઈ. ત્યારથી, આ ટુર્નામેન્ટની 16 સFઝન થઈ છે. પ્રથમ સિઝનમાં રમનારા મોટાભાગના ખેલાડીઓ નિવૃત્ત થઈ ગયા છે, પરંતુ શું તમે જાણો છો કે ઘણા એવા ખેલાડીઓ છે જે હજુ પણ પ્રથમ સિઝનથી રમી રહ્યા છે. આ યાદીમાં મહેન્દ્ર સિંહ ધોની ઉપરાંત વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા મોટા નામ સામેલ છે. આ ખેલાડીઓએ તમામ 16 સFઝનમાં ઓછામાં ઓછી 1 મેચ રમી છે. તે જ સમયે, હવે આ ક્રિકેટર્સ 17મી સીઝન માટે તૈયાર છે.





### મહેન્દ્ર સિંહ ધોની

મહેન્દ્ર સિંહ ધોની IPLની પ્રથમ સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સનો કેપ્ટન હતો. CSK તે સિઝનમાં ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ શેન વોર્નની આગેવાની હેઠળની રાજસ્થાન રોયલ્સ સામે તેને હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી ધોનીએ ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમવાનું ચાલુ રાખ્યું. જોકે, તે રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ્સ તરફથી 2 સિઝન માટે રમ્યો હતો. મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાનીમાં ચેન્નાઈ સુપર કિંગ્સે રેકોર્ડ 5 વખત આઈપીએલનો ખિતાબ જીત્યો છે.

### વિરાટ કોહલી

IPLની પ્રથમ સિઝનથી રમી રહેલા ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલીનો પણ સમાવેશ થાય છે. વિરાટ કોહલી IPL 2008થી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો ભાગ છે. વિરાટ કોહલી અત્યાર સુધી IPLમાં 237 મેચ રમી ચૂક્યો છે. જેમાં 130.02ની સ્ટ્રાઈક રેટ અને 37.25ની એવરેજથી 7263 રન બનાવ્યા છે.






### દિનેશ કાર્તિક

દિનેશ કાર્તિક IPL 2008માં કિંગ્સ ઈલેવન પંજાબનો ભાગ હતો. ત્યારથી, તે સતત 16 સીઝન માટે વિવિધ ટીમો માટે રમ્યો છે. અત્યાર સુધી પંજાબ સિવાય દિનેશ કાર્તિક દિલ્હી, મુંબઈ ઈન્ડિયન્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમી ચૂક્યો છે. દિનેશ કાર્તિકના નામે 242 IPL મેચોમાં 4516 રન છે.

### શિખર ધવન

શિખર ધવન IPL 2008માં મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ હતો. આ પછી તે દિલ્હી કેપિટલ્સનો ભાગ બન્યો. શિખર ધવન મુંબઈ ઈન્ડિયન્સ, દિલ્હી કેપિટલ્સ અને હૈદરાબાદ તરફથી રમી ચૂક્યો છે. હાલમાં તે પંજાબ કિંગ્સનો કેપ્ટન છે. IPLની 217 મેચોમાં શિખર ધવને 127.16ની સ્ટ્રાઈક રેટ અને 35.19ની એવરેજથી 6616 રન બનાવ્યા છે.





### રોહિત શર્મા

રોહિત શર્માએ 2008માં IPLમાં ડેબ્યૂ કર્યું હતું. તે સીઝનમાં તે ડેક્કન ચાર્જર્સ હૈદરાબાદનો ભાગ હતો. આ પછી રોહિત શર્મા 2011માં મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ બન્યો. અત્યાર સુધી રોહિત શર્માની કેપ્ટન્સીમાં મુંબઈ ઈન્ડિયન્સે રેકોર્ડ 5 વખત આઈપીએલ ટ્રોફી જીતી છે. તે જ સમયે, રોહિત શર્માએ 243 IPL મેચોમાં 130.05ની સ્ટ્રાઈક રેટ અને 29.58ની એવરેજથી 6211 રન બનાવ્યા છે.

**મહિલા પ્રીમિયર લીગમાં RCB દિલ્હી કેપિટલ્સને હરાવીને ચેમ્પિયન બની હતી**

# પાકિસ્તાન PSLની ઈનામી રકમ મહિલા પ્રીમિયર લીગ કરતા પણ ઘણી ઓછી

મુંબઇ | તા.20

ઈસ્લામાબાદ યુનાઈટેડે પાકિસ્તાન સુપર લીગ (PSL) 2024 માં રેકોર્ડ ત્રીજી વખત ટ્રોફી જીતી. તેણે ફાઈનલમાં મુલતાન સુલ્તાનને હરાવ્યું હતું. PSLની ટાઈટલ મેચ ભારતમાં મહિલા પ્રીમિયર લીગ (WPL)ની ફાઈનલના એક દિવસ બાદ રમાઈ હતી. WPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)ની ટીમ દિલ્હી કેપિટલ્સને હરાવીને ચેમ્પિયન બની હતી. હવે વિશ્વની સૌથી મોટી T20 લીગ IPLનો વારો છે. તેની 17મી સીઝન 22 માર્ચથી શરૂ થશે. આ દિવસોમાં ભારતીય ચાહકો IPL, WPL અને PSLની ઈનામની રકમની સરખામણી કરી રહ્યા છે. પાકિસ્તાન ભારતની બે લીગ વચ્ચે ક્યાંય રહેતું નથી. તેની હાલત વધુ ખરાબ જણાઈ રહી છે. PSL જીતનાર ઈસ્લામાબાદ યુનાઈટેડને ઈનામી રકમ તરીકે 14 કરોડ પાકિસ્તાની રૂપિયા મળ્યા છે. જો તેને ભારતીય રૂપિયામાં રૂપાંતરિત કરવામાં આવે તો તે લગભગ 4.13 કરોડ રૂપિયા જ છે. આ સાથે જ ઉપવિજેતા રહી ચૂકેલી મુલતાનની ટીમને 5.6 કરોડ પાકિસ્તાની રૂપિયા મળ્યા છે. ભારતીય રૂપિયામાં આ માત્ર 1.65 કરોડ રૂપિયા છે.

PSLની પ્રાઈઝ મની માત્ર IPL કરતા ઓછી નથી પરંતુ વિમેન્સ પ્રીમિયર લીગ કરતા પણ ઘણી ઓછી છે. આ વખતે ચેમ્પિયન બનેલી RCB ટીમને 6 કરોડ રૂપિયા મળ્યા છે. આ ઈસ્લામાબાદ ટીમને મળેલી રકમ કરતાં લગભગ 1.87 કરોડ રૂપિયા વધુ છે.

### IPLમાં વિજેતાને 20 કરોડ રૂપિયા

હવે IPLની વાત કરીએ તો 2023માં ચેમ્પિયન બનનાર ચેન્નાઈ સુપર કિંગ્સે 20 કરોડ રૂપિયા મળ્યા છે. તે જ સમયે, ગુજરાત ટાઈટન્સ ફાઈનલમાં હારી ગઈ હતી અને તેને 13 કરોડ રૂપિયાથી સંતોષ માનવો પડ્યો હતો. જો આપણે બંનેની સરખામણી PSL સાથે કરીએ તો IPLનું ઈનામ ઘણું આગળ દેખાય છે.

# ઓસ્ટ્રેલિયન ક્રિકેટર કેમરૂન બેનક્રોફટની જગ્યાએ હવે કોને મળશે સ્થાન

મુંબઇ | તા.20

ઓસ્ટ્રેલિયન બેટસમેન કેમેરોન બેંક્રોફ્ટ બાઈક એક્સિડન્ટનો શિકાર બન્યો છે.

આ અકસ્માતમાં કેમરૂન બેનક્રોફ્ટને ગંભીર ઈજા થઈ છે. તે જ સમયે, આ દુર્ઘટના પછી તે શેફિલ્ડ શિલ્ડની ફાઈનલમાં રમી શકશે નહીં. શેફિલ્ડ શીલ્ડની ફાઈનલ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા અને તાસ્માનિયા વચ્ચે રમાશે, પરંતુ દુર્ઘટના બાદ કેમરૂન બેનક્રોફ્ટ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન ટીમનો ભાગ નહીં હોય.મીડિયાના અહેવાલો અનુસાર, કેમેરોન બેનક્રોફ્ટની ગેરહાજરીમાં પશ્ચિમ ઓસ્ટ્રેલિયા એરોન હાર્ડી સાથે શેફિલ્ડ શિલ્ડ ફાઈનલમાં તસ્માનિયા સામે મેદાનમાં ઉતરી શકે છે. જો કેમેરોન બેનક્રોફ્ટની કારકિર્દી પર નજર કરીએ તો અત્યાર સુધી તેણે 10 ટેસ્ટ મેચ અને 1 T20 મેચમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કર્યું છે. કેમરૂન બેન્ક્રોફ્ટે ટેસ્ટ મેચોમાં 26.24ની એવરેજથી 446 રન બનાવ્યા છે. અત્યાર સુધી, કેમરૂન બેનક્રોફ્ટ ઓસ્ટ્રેલિયા માટે ટેસ્ટ મેચોમાં સદી ફટકારવામાં નિષ્ફળ રહ્યો છે, પરંતુ તેણે ત્રણ વખત 50 રનનો આંકડો પાર કર્યો છે. જો કે, શેફિલ્ડ શીલ્ડ ફાઈનલ પહેલા કેમેરોન બેન્ક્રોફ્ટની ઈજાને વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.કેમરૂન બેનક્રોફ્ટે આ સિઝનમાં શેફિલ્ડ શીલ્ડમાં સારું પ્રદર્શન કર્યું છે. આ સિઝનમાં કેમરૂન બેનક્રોફ્ટે 778 રન બનાવ્યા છે. આ સિઝનમાં, તે તેની ટીમ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા માટે બીજા સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા શેફિલ્ડ શિલ્ડ ફાઈનલમાં તાસ્માનિયા સામે તેના ઘણા મોટા ખેલાડીઓ વિના હશે. મિશેલ માર્શ, કેમેરોન ગ્રીન, માર્કસ સ્ટોઈનિસ, એશ્ટન ટર્નર અને જ્યે રિચર્ડસન જેવા ખેલાડીઓ IPLને કારણે રમી શકશે નહીં

# શું MI ટીમમાં બધુ બરોબર છે ? પ્રેકટિસ કેમ્પમાં નથી દેખાતા બુમરાહ

મુંબઇ | તા.20

MI ( મુંબઈ ઈન્ડિયન્સ ) અને GT ( ગુજરાત ટાઈટન્સ ) વચ્ચે 24 માર્ચે મેચ રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બંને ટીમો સામસામે ટકરાશે. હાલમાં, હાર્દિક પંડયાની આગેવાની હેઠળની મુંબઈ ઈન્ડિયન્સ અમદાવાદમાં પ્રેક્ટિસ કરી રહી છે, પરંતુ હજુ સુધી જસપ્રિત બુમરાહ સહિત ઘણા ખેલાડીઓ કેમ્પમાં જોડાયા નથી. આ પછી સતત એવી અટકળો થઈ રહી છે કે શું મુંબઈ ઈન્ડિયન્સની ટીમમાં બધું બરાબર છે? સોશિયલ મીડિયા પર ઘણા ચાહકોનું માનવું છે કે હાર્દિક પંડયાને કેપ્ટન બનાવ્યા પછી ઘણા ખેલાડીઓ ખુશ નથી, તેથી મુંબઈ ઈન્ડિયન્સમાં બધું બરાબર નથી. તાજેતરમાં જ ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામે 5 ટેસ્ટ મેચની શ્રેણી રમી હતી. જસપ્રીત બુમરાહ તે ભારતીય ટીમનો ભાગ હતો. મીડિયા રિપોર્ટસ અનુસાર, જસપ્રીત બુમરાહ 21 માર્ચે સીધો અમદાવાદ પહોંચશે, જ્યાં તે મુંબઈ ઈન્ડિયન્સ ટીમ સાથે જોડાશે. તે જ સમયે, મુંબઈ ઈન્ડિયન્સની ટીમ 12 માર્ચથી અમદાવાદમાં પ્રેક્ટિસ કરી રહી છે. જસપ્રીત બુમરાહના ન આવવા અંગે સતત અટકળો ચાલી રહી હતી, પરંતુ એવું માનવામાં આવે છે કે ઈંગ્લેન્ડ ટેસ્ટ શ્રેણીને કારણે તે મુંબઈ ઈન્ડિયન્સ કેમ્પનો ભાગ બની શક્યો નથી. આ સિઝન માટે મુંબઈ ઈન્ડિયન્સે ઓલરાઉન્ડર હાર્દિક પંડયાને પોતાનો કેપ્ટન બનાવ્યો છે.

# CSKના પ્રી-સિઝન કેમ્પમાં ધોનીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બને છે: ફ્લેમિંગ

મુંબઇ | તા.20

પાંચ વખતની ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ એવી ટીમ છે જે હંમેશાં ચર્ચામાં રહેતી હોય છે. આ ટીમે સર્વાધિક ફાઈનલ રમી છે અને સૌથી સફળ ટીમોમાંની એક છે. સીએસકેની કેટલીક બાબતો ઘણી પરંપરાગત છે અને વર્ષોથી તેનું પુનરાવર્તન થતું રહે છે. પ્રત્યેક ટીમ આઈપીએલ શરૂ થાય તે પહેલાં પ્રી-સિઝન કેમ્પનું આયોજન કરે છે જેના કારણે ટૂર્નામેન્ટ માટે ખેલાડીઓને તૈયાર થવાની તક મળે છે. ચેન્નઈ ચેપોક સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરે છે ત્યારે હજારોની સંખ્યામાં સમર્થકો હાજર રહે છે. ટીમના મુખ્ય કોચ સ્ટિફન ફ્લેમિંગે જણાવ્યું હતું કે હું પ્રી-સિઝનમાં આરામ કરું છું અને નેટ્સમાં વધારે કોઈ હસ્તક્ષેપ કરતો નથી. ધોનીની ભૂમિકા આ કેમ્પમાં મહત્ત્વની હોય છે અને તેને કેટલીક બાબતોની જરૂર હોય છે. તે જલદીથી પ્રી-સિઝનમાં હાજર રહે છે અને ખેલાડીઓ તેને અનુસરે છે. ફ્લેમિંગે જણાવ્યું હતું કે ખેલાડીઓની વય તથા વધારે પડતી વ્યસ્તતાના કારણે છેલ્લા કેટલાક વર્ષથી પ્રી-સિઝન કેમ્પ લાંબા સમય માટે યોજવામાં આવે છે. જે ખેલાડીઓ ઉપલબ્ધ હોય છે તેઓ તેનો હિસ્સો બને છે અને વિદેશી ખેલાડીઓ પોતાની અનુકૂળતાના હિસાબે હાજર રહે છે. ટીમના ડોમેસ્ટિક ખેલાડીઓને બે મુખ્ય લાભ મળે છે. તેમને ધોની સાથે સમય પસાર કરવાનો મોકો મળે છે અને બીજી બાજુ તેમને સિસ્ટમમાં પરત ફરવાની તક મળે છે. ડોમેસ્ટિક ખેલાડીઓ ઉપર વધારે પડતો વર્કલોડ હોવાના કારણે અમને કેટલીક મુશ્કેલીઓ પડે છે. ભારતના સ્થાનિક ખેલાડીઓ સાથે સીએસકે ફ્રેન્ચાઈઝી પોતાના ફિઝિયો અને ટ્રેનરની સાથે કાર્ય કરે છે.

# UAEમાં વસતા ભારતીયોને રમઝાનમાં મળી ખુશખબર : સળંગ 9 દિવસની મળી શકે છે રજા...



અબુધાબી | સંયુક્ત આરબ અમીરાતમાં રમઝાનનું પહેલું અઠવાડિયું પૂર્ણ થઈ ગયું છે અને હવે ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી શાનદાર કરવાને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ વર્ષે UAEમાં 9 દિવસની લાંબી રજાઓ હોઈ શકે છે. એવામાં, UAEમાં કામ કરતા ભારતીયોને વતન આવવાનો મોકો મળી શકે છે. મીડિયા અહેવાલ અનુસાર, અમીરાત એસ્ટ્રોનોમિકલ એસોસિએશનના પ્રમુખ ઈબ્રાહિમ અલ જારવાને UAEમાં ઈદ અલ ફિત્રની તારીખને લઈને આગાહી કરી છે. અલ જારવાને કહ્યું છે કે ઈદ અથવા શવ્વાલ મહિનાનો પહેલો દિવસ 10 એપ્રિલે થઈ શકે છે, જ્યારે અત્યાર સુધી ઈદ 9 એપ્રિલે જ ઉજવાશે તેવી વાતો ચાલી રહી હતી. એવું માનવામાં આવે છે કે 8 એપ્રિલે ચંદ્ર જોવામાં મુશ્કેલી આવી શકે છે, તેથી આ વખતે રમઝાન મહિનો 9 એપ્રિલના રોજ સમાપ્ત થશે. અલ જારવાને જણાવ્યું છે કે આ વખતે ઈદ-ઉલ-ફિત્ર અને શવ્વાલ મહિનાનો પહેલો દિવસ 10 એપ્રિલ બુધવારના રોજ હશે. એવામાં આ વખતે ઈદ પર લાંબી રજાઓ હોઈ શકે છે.

## ન્યૂઝ ટ્રેક

### ભારતની રસમલાઈ બની વિશ્વની બીજા નંબરની મિઠાઈ

પોલેન્ડ | લોકપ્રિય ફૂડ ગાઈડ ટેસ્ટ એટલાસ દ્વારા બહાર પાડવામાં આવેલા રેન્કિંગમાં, ભારતની લોકપ્રિય રસમલાઈ બીજા ક્રમે આવી છે. એટલાસે વિશ્વની 10 શ્રેષ્ઠ ચીઝ ડેઝર્ટની યાદી બહાર પાડી હતી. જેમાં રસમલાઈએ સેકન્ડ નંબર પ્રાપ્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે પોલેન્ડના સર્નિક નામની ડીશે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જે પનીરમાંથી બનેલી બેકડ ચીઝકેક છે. રાસ મલાઈ, પશ્ચિમ બંગાળનું ઉત્પાદન, એક સ્પૉન્જી અને ક્રીમી સ્વીટ છે. જે ચેના એટલે કે તાજા પનીર સાથે તૈયાર કરવામાં આવે છે. ચેનાને ખાંડની ચાસણીમાં રાંધવામાં આવે છે અને એલચીના સ્વાદવાળા મીઠા દૂધમાં પલાળવામાં આવે છે, જેને 'રબડી' કહેવામાં આવે છે. તેને સમારેલી બદામ અને પિસ્તાથી શણગારવામાં આવે છે. આ રસદાર મીઠાઈ હોળી અને દિવાળીમાં માણવામાં આવે છે. રસમલાઈ શ્રેષ્ઠ ઠંડીનો સ્વાદ લે છે. 1. સર્નિક, પોલેન્ડ 2. રસમલાઈ, ભારત 3. સ્ફાકિયાનોપિટા, ગ્રીસ 4. ન્યૂયોર્ક સ્ટાઈલ ચીઝકેક, યુએસએ 5. જાપાનીઝ ચીઝકેક, જાપાન.

### જાપાનમાં કેમિકલ ટેન્કર દરિયામાં પલટી જતા સાત ગૂમ

ટોકિયો | દક્ષિણ કોરિયાનું એક કેમિકલ ટેન્કર જાપાનના દરિયાઈ વિસ્તારના પાણીમાં પલટી ગયું છે. આ દુર્ઘટનામાં ઘણા લોકો ગુમ થયા હોવાનું કહેવાય છે. આ ઘટના બુધવારે વહેલી સવારે બની હતી. આ અકસ્માતમાં ગુમ થયેલા લોકોની શોધખોળ પૂરજોશમાં ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, ઉત્તર કોરિયાનું એક કેમિકલ ટેન્કર જાપાનના દરિયાના પાણીમાં ઊંધું વળીને ગરકાવ થયું હતું. આ અકસ્માતમાં 7 લોકો લાપતા હોવાના અહેવાલ છે. આ ટેન્કર દક્ષિણ પશ્ચિમ જાપાનના એક ટાપુના પાણીમાં પલટી ગયું છે. જાપાનના કોસ્ટ ગાર્ડે કહ્યું કે તેણે ટેન્કરના ચાર ક્રૂને બચાવી લીધા છે. જ્યારે અન્ય 7 લોકો ગુમ છે. તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. કોસ્ટ ગાર્ડે જણાવ્યું કે કેમિકલ ટેન્કર મુશ્કેલીમાં હોવાના અહેવાલ છે. એવું કહેવાય છે કે તે જાપાનના મુત્સુર ટાપુ પાસે ઝૂકીને આશ્રય લઈ રહ્યો હતો. બચાવી લેવામાં આવેલા ક્રૂ મેમ્બર્સની સ્થિતિ તાત્કાલિક જાણી શકાઈ નથી.

### પાક. સેનામાંથી બે અફઘાનીઓની હકાલપટ્ટી કરાઇ

ઈસ્લામાબાદ | પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુધ્ધ જેવા સંજોગો ઉભા થયા છે. પાકિસ્તાન હવે અફઘાનિસ્તાની તાલિબાન સરકાર સામે આકરુ વલણ અપનાવી રહી છે. જેના ભાગરુપે પાકિસ્તાને પોતાના દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા અફઘાન નાગરિકોને દેશની બહાર કાઢવાના અભિયાનને તેજ કરી દીધુ છે. પાકિસ્તાનની આર્મીમાં અધિકારી તરીકે કામ કરી રહેલા બે અફઘાના નાગરિકોની પણ હકાલપટ્ટી કરવામાં આવી છે. પાકિસ્તાન દ્વારા દેશમાં ગેરકાયદે રહેતા અફઘાન નાગરિકોને પાકિસ્તાનમાંથી પાછા મોકલવાનુ અભિયાન શરુ કર્યુ છે અને તેને લઈને સંરક્ષણ મંત્રીએ એક પાકિસ્તાની અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં ઉપરોક્ત વાત કરી હતી.

## વર્લ્ડ હેપીનેસ કન્ટ્રીની લિસ્ટમાં PAK 108મા સ્થાને, ભારત 126મા સ્થાને, ગુજરાતીઓ ગુસ્સો કરવામાં દેશમાં ત્રીજા ક્રમે

# ભારતીયો કરતાં પાકિસ્તાની લોકો વધુ ખુશ

ન્યૂયોર્ક | તા.20

યુએનના એક રિપોર્ટ અનુસાર, પાકિસ્તાન ભારત કરતાં વધુ ખુશ દેશ છે. 20મી માર્ચ એટલે કે વર્લ્ડ હેપીનેસ ડે નિમિત્તે સંયુક્ત રાષ્ટ્રએ હેપ્પીનેસ ઈન્ડેક્સ રિપોર્ટ જાહેર કર્યો છે. આમાં ભારત 126માં સ્થાને છે. તે જ સમયે આર્થિક સંકટનો સામનો કરી રહેલ આપણો પાડોશી દેશ પાકિસ્તાન આ યાદીમાં 108મા નંબર પર છે. રિપોર્ટ અનુસાર આ 143 દેશોની સમૃદ્ધિ માપવા માટે 6 પેરામીટર પર પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં સંબંધિત દેશના માથાદીઠ જીડીપી, સામાજિક સહયોગ, ઉદારતા અને ભ્રષ્ટાચાર, સામાજિક સ્વતંત્રતા, સ્વસ્થ જીવનના આધારે રેન્કિંગ કરવામાં આવ્યું હતું.

### આ રિપોર્ટ ઈઝરાયલ-હમાસ યુદ્ધ પહેલા કરવામાં આવ્યો હતો

છેલ્લા 11 વર્ષથી વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. તે સૌપ્રથમ 2012 માં તૈયાર કરવામાં આવ્યું હતું. આને તૈયાર કરવા માટે લોકોની ખુશીનું મૂલ્યાંકન કરવાની સાથે આર્થિક અને સામાજિક ડેટાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. તે ત્રણ વર્ષના સરેરાશ ડેટાના આધારે શૂન્યથી 10 સુધીના હેપીનેસનો સ્કેલ આપે છે. આ વખતે 2021-2023નો ડેટા જોવા મળ્યો હતો. જોકે, સંયુક્ત રાષ્ટ્રનો આ લેટેસ્ટ રિપોર્ટ ઈઝરાયલ-હમાસ યુદ્ધ પહેલા તૈયાર કરવામાં આવ્યો હતો. એટલા માટે યુદ્ધ લડી રહેલું ઈઝરાયેલ પાંચમા નંબર પર છે.



### 66%એ કહ્યું, ખુશખુશાલ જીવન માટે જે પણ જરૂરી એ બધું જ છે

સરવેમાં દેશના 64% લોકોએ કહ્યું કે જીવનમાં મારાં સ્પષ્ટ લક્ષ્યાંક છે અને હું સતત લક્ષ્યો પ્રાપ્ત કરી રહ્યો છું. 66% લોકોએ કહ્યું કે હું રોજ એવું કરું છું જે મને મારા જીવનનો હેતુ પાર પાડવાની દિશામાં આગળ લઈ જાય છે. બીજી તરફ 66% લોકોએ કહ્યું કે ખુશખુશાલ જીવન જીવવા માટે જે હોવું જોઈએ, એ બધું જ અમારી પાસે છે. હું મારું કૌશલ્ય જાણું છું અને રોજ મારા કામમાં તેનો ઉપયોગ કરું છું. 64% લોકોએ આંખો બંધ કરી વિશ્વાસ કરી શકાય એવા લોકો જીવનમાં હોવાનું સ્વીકાર્યું હતું. જો કે 44%એ જીવનમાં નકારાત્મકતા હોવાનું માન્યું હતું.

### ...પરંતુ ગુસ્સો પણ વધી રહ્યો છે

59% લોકોએ કહ્યું કે તેમના તણાવનું સૌથી મોટું કારણ આર્થિક સ્થિતિ છે. 44%એ વર્કપ્લેસ પ્રેશર, 43%એ સ્વાસ્થ્ય સમસ્યાઓ, 37%એ કપરા સામાજિક નિયમો, 34%એ નોકરી પરના સંકટને તણાવનું સૌથી મોટું કારણ માન્યુ છે. લોકોમાં ગુસ્સો વધી રહ્યો છે. 40% લોકોને દિવસમાં અનેક વાર ગુસ્સો આવે છે. 2023માં 34% અને 2022માં 30%એ આવું સ્વીકાર્યું હતું. સ્મિત કરનારા 2023 અને 2024માં 67% હતા. 8 કેન્દ્રશાસિત પ્રદેશમાં પુડુચેરીના લોકો સૌથી વધુ ખુશ હોવાનું સામે આવ્યું હતું.

### ફિનલેન્ડ 7મી વખત સૌથી ખુશહાલ દેશ બન્યો

ફિનલેન્ડે સતત 7મી વખત વિશ્વના સૌથી ખુશ દેશોની યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. અહીં માત્ર 55 લાખની વસ્તી છે. તે જ સમયે, અફઘાનિસ્તાન છેલ્લા સ્થાને રહ્યું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌથી વધુ ખુશ દેશો યુરોપિયન છે.

### ભારત દેશના રાજ્યોની સ્થિતિ જાણો

#### 20 રાજ્યમાં ખુશ રહેવામાં ગુજરાત 16માં ક્રમે

દેશનાં 20 મોટાં રાજ્યમાં ખુશીના માપદંડોની દૃષ્ટિએ કેરળ પહેલા અને હિમાચલ બીજા ક્રમે છે. જ્યારે ઝારખંડ 20મા અને યુપી 19મા સ્થાન સાથે સૌથી પછાત છે. આ યાદીમાં પંજાબ ચોથા, મહારાષ્ટ્ર 8મા, છત્તીસગઢ 12મા, હરિયાણા 11મા, રાજસ્થાન 13મા, એમપી 14મા, ગુજરાત 16મા અને બિહાર 18મા ક્રમે છે. જોકે દિવસમાં સૌથી વધુ હસવા-સ્મિત કરવામાં રાજસ્થાન 0.71 સ્કોર સાથે એમપી (0.70) કરતાં આગળ છે. સૌથી વધુ વાર ગુસ્સો કરવામાં ઝારખંડ (0.81) સાથે ટોચ પર છે. યાદીમાં યુપી (0.79) બીજા અને ગુજરાત (0.74) ત્રીજા ક્રમે છે.



#### મહિલાઓ વધુ નિશ્ચિંત

પુરુષો કરતાં મહિલાઓ વધુ નિશ્ચિંત અને ખુશી અનુભવે છે. 68% મહિલાઓએ કહ્યું, છેલ્લા થોડા દિવસોથી તેઓ ખુશ રહે છે, કેટલીક વાર હસ્યાં છે. જ્યારે 66% પુરુષોએ જ ખુશ હોવાની વાત સ્વીકારી હતી.

સરકારી નોકરિયાતો કરતાં ખાનગી નોકરી કરનારા લોકો વધુ ચિંતામુક્ત. ખાનગી નોકરીવાળા 72%એ પોતે ખુશ હોવાનું કહ્યું. 71% સરકારી નોકરિયાતો આવું માને છે. બેરોજગાર (56%) અને સ્વરોજગારી કરનારા (61%) સૌથી વધુ હેરાન છે. 31%એ કહ્યું, તેઓ ઘણી વાર તણાવ અનુભવે છે.

### ઉદારતામાં ગુજરાત ઘણું પાછળ

- મુશ્કેલીમાં મિત્રો અને સંબંધીઓ દ્વારા મદદ કરવામાં ઝારખંડ (0.55) અને હિમાચલ (0.67) પછી મહારાષ્ટ્ર (0.73) ત્રીજા ક્રમે આવે છે.
- સજ્જનતા અને ઉદારતામાં કેરળ (0.90) કરતાં પણ આસામ (0.92) આગળ છે.
- સારા અને ખરાબ જીવનના 0-10ના માપદંડમાં પંજાબ (6.6)થી હરિયાણા (6.8) સારું છે. ઝારખંડ (4.52), ગુજરાત (5.51) સૌથી પાછળ.
- મનગમતું જીવન પસંદ કરવાની સ્વતંત્રતામાં કેરળ (0.92) પછી કર્ણાટક (0.90) બીજા ક્રમે છે.

## અમેરિકાના H-1B Visa ના રજિસ્ટ્રેશન થશે બંધ, ઓનલાઇન કરો એપ્લાય

વૉશિંગ્ટન | તા.20

અમેરિકાના H-1B Visa રજિસ્ટ્રેશન ટૂંક સમયમાં બંધ થશે. અમેરિકી સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એક નિવેદન જાહેર કરી તેની જાણકારી આપી છે. USCIS એ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2025 માટે H-1B Visa ના શરૂઆતી રજિસ્ટ્રેશનની તારીખ 22 માર્ચના રોજ પુરી થશે. અમેરિકામાં કામ કરનાર વિદેશી નાગરિકોને H-1B Visa ની જરૂર પડે છે. તેના રજિસ્ટ્રેશનની વિંડો 6 માર્ચે ખુલી હતી. જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે H-1B Visa ના રજિસ્ટ્રેશનની તારીખ 22 માર્ચના બપોરે 12 વાગે (ભારતીય સમયાનુસાર રાત્રે 9:30 વાગે) ખતમ થઇ જશે. રજિસ્ટ્રેશન ઓનલાઈ હશે. તેના માટે myUSCIS એકાઉન્ટનો ઉપયોગ કરવો પડશે. અરજી અને તેની ફી પણ તેના દ્વારા જ ભરવામાં આવશે.


### આ દસ્તાવેજો આપવા પડશે

રજિસ્ટેશન માતે વેલિડ પાસપોર્ટ ડિટેલ અને વેલિડ ટ્રાવેલ ડોક્યૂમેન્ટની જાણકારી આપવી પડશે. જો કંઈપણ ગરબડ જણાશે તો એપ્લિકેશન રદ કરવામાં આવશે. રજિસ્ટ્રેશન ખતમ થયા બાદ જેમનું સિલેક્શન તલ્શે, તેમને માર્ચ સુધી myUSCIS ઓનલાઈન એકાઉન્ટ પર તેની જાણકારી આપવી પડશે. ત્યારબાદ 1 એપ્રિલથી H-B કેપ પિટીશન માટે ઓનલાઈન ફોર્મ જમા કરવામાં આવશે.

## રશિયા-યુક્રેન જંગમાં વધુ 16 નેપાળી યુવકોએ જીવ ગુમાવતા હાહાકાર, 276 નેપાળી ગુમ હોવાનો દાવો

કાઠમંડુ | તા.20

રશિયા અને યુક્રેન વચ્ચેના જંગમાં નેપાળી નાગરિકો મોટી સંખ્યામાં જીવ ગુમાવી રહ્યા છે. રશિયા વતી લડવા માટે રશિયન સેનામાં ભરતી થયેલા નેપાળી યુવકોના મોતની સંખ્યા લગાતાર વધી રહી છે. લેટેસ્ટ મામલામાં 16 નેપાળી યુવકો રશિયા-યુક્રેન યુધ્ધમાં મોતને ભેટયા હોવાની જાણકારી સામે આવ્યા બાદ નેપાળમાં હાહાકાર મચી ગયો છે. અત્યાર સુધીમાં આ યુધ્ધમાં 33 નેપાળી નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. પરંપરાગત રીતે નેપાળી નાગરિકો અને ખાસ કરીને ગોરખાઓ ભારતીય સેનામાં ભરતી થતા હોય છે પણ ભારતીય સેનાની અગ્નિવીર સ્કિમના વિરોધમાં નેપાળની સેનાએ ભારતીય સેનામાં ગોરખાઓની ભરતી પર રોક લગાવી રાખી હોવાથી



નેપાળી યુવકો રશિયાની સેનામાં જોડાઈ રહ્યા છે.

નેપાળની સરકારે હવે ફરી એક વખત રશિયા વતી જંગમાં ઝંપલાવી ચૂકેલા નેપાળી યુવકોને વતન પરત ફરવા માટે અપીલ કરી છે અને માર્યા ગયેલા નેપાળી લોકોના પરિવારના ડીએનએ સેમ્પલ એકઠા કરીને રશિયા મોકલવાની જાહેરાત કરી છે. જેથી જીવ ગુમાવનારા લોકોની ઓળખ થઈ શકે. નેપાળના વિદેશ મંત્રાલયે પહેલા જ સ્પષ્ટતા કરી દીધી છે કે, જે દેશ સાથે કરાર થયા છે તે જ દેશની સેનામાં પોતાના નાગરિકોને જોડાવાની મંજૂરી આપશે. બીજી તરફ 200થી વધારે નેપાળી પરિવારોએ પોતાના પરિવારના સભ્યોને પાછા લાવવા માટે નેપાળ સરકારને અરજીઓ કરેલી છે. એક આંકડા પ્રમાણે હાલમાં 620 જેટલા નેપાળી નાગરિકો રશિયન સેનામાં ફરજ બજાવી રહ્યા છે. અત્યાર સુધી 116 નેપાળીઓ ઘાયલ થયા છે અને 274નો કોઈ અતો પતો નથી.નેપાળના ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર અને વિદેશ મંત્રીએ તો રશિયન સરકાર સમક્ષ આ મુદ્દો પણ ઉઠાવેલો છે અને રશિયામાં મોતને ભેટેલા લોકોના મૃતદેહ નેપાળ પાછા લાવવામાં, પરિવારજનોને વળતર આપવામાં અને રશિયામાં કામ કરી રહેલા તમામ નેપાળી સૈનિકોને પાછા મોકલવા માટે રશિયાની સરકાર પાસેથી સહયોગની માંગણી કરી છે.

## ચીનમાં ભીષણ માર્ગ અકસ્માતમાં 14નાં મોત



શાંક્સી | તા.20

પાડોશી દેશ ચીનમાં એક ભીષણ દુર્ઘટના સર્જાઈ હતી.ચીનના શાંક્સી પ્રાંતમાં બુધવારે એક પેસેન્જર બસ ટનલની દીવાલ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં 14 લોકોનાં મોત થયા છે અને 37 લોકો ઈજાગ્રસ્ત થયા છે. ચીનથી મળતી માહિતી અનુસાર, હુબેઈ એક્સપ્રેસ વે પર બપોરે 2.37 વાગ્યે આ અકસ્માત થયો હતો. લોકોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. જો કે મૃત્યુઆંક હજુ વધી શકે છે.

### કાર સ્કૂલમાં ઘૂસી, 3 લોકોનાં મોત

શાંક્સી પ્રાંતમાં બુધવારે વહેલી સવારે એક પેસેન્જર બસ ટનલની દીવાલ સાથે અથડાઈ હતી. જ્યારે અન્ય એક અલગ ઘટનામાં, સ્થાનિક જાહેર સુરક્ષા બ્યૂરોએ જણાવ્યું હતું કે બુધવારે પૂર્વ ચીનના ઝેજિયાંગ પ્રાંતમાં સ્થિત તાઈઝોઉમાં એક કોમર્શિયલ શાળામાં એક કાર ભીડમાં ઘૂસી ગઈ હતી, જેમાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને 16 અન્ય ઘાયલ થયા હતા.

- ઈજાગ્રસ્તોની સ્થિતિ ગંભીર, મોતનો આંકડો વધી શકે છે
- બસ ટનલની દીવાલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો

## 'અલ્લાહ' લખેલા મોજા વેચનારની દશા બેઠી, મલેશિયન સરકાર કરશે કાર્યવાહી

કોઆલાલામ્પુર | તા.20

મુસ્લિમ દેશ મલેશિયામાં અલ્લાહ લખેલા મોજા વેચવાનો મામલો સામે આવ્યો છે. અલ્લાહ લખેલા મોજાના ફોટા અને વિડિયો વાયરલ થયા બાદ મલેશિયાના રાજા સુલ્તાન ઈબ્રાહિમ ઈસ્કંદર રોષે ભરાય હતા.

આવી હરકતો કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાના આદેશો આપ્યો હતો. જો કે, મામલો સામે આવ્યા બાદ, અલ્લાહ લખેલા મોજા વેચતા સ્ટોરના માલિકે માફી માંગી છે. તો, આવા મોજા સપ્લાય કરવાના મામલે ચીનનું નામ પણ સામે આવ્યું છે.

મલેશિયાના સ્ટોર કેકે સુપર માર્ટમાં અલ્લાહ લખેલા મોજા વેચવામાં આવી રહ્યાં હતાં. સોશિયલ મીડિયા પર આવા મોજાની તસવીરો વાયરલ થયા બાદ લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. અલ્લાહ લખેલા મોજાના વેચાણને કેટલાક મુસ્લિમોએ ઈશનિંદા ગણાવતા કડક કાર્યવાહીની માંગ કરી.



આ સમગ્ર મામલો રમઝાનના પવિત્ર મહિના દરમિયાન શરૂ થયો, જ્યારે મલેશિયામાં ઈસ્લામ સત્તાવાર ધર્મ છે. મલેશિયાની બે તૃતીયાંશ વસ્તી મુસ્લિમોની છે. મલેશિયાના સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર આ મામલો સામે આવ્યા બાદ મલેશિયાના સુલ્તાન ઈબ્રાહિમ ઈસ્કંદરે કહ્યું કે આ મામલે કડક કાર્યવાહી થવી જોઈએ. તેમણે કહ્યું કે ધર્મ અને જાતિ સાથે જોડાયેલી ભૂલો ચલાવી ન લેવાય, પછી ભલે તે જાણી જોઈને કરવામાં આવી હોય કે અજાણતાંથી થઈ હોય. સુલ્તાને આ બાબતને ગંભીરતાથી લેવાની વાત કરી. મામલો વધતાં જ આ મોજાના સપ્લાયર શિન જિયાન ચાંગે પણ માફી માગી હતી.

## પુટિનની જીત પર લોકો ચિંતિત:પુટિન ફરી રાષ્ટ્રપતિ બન્યા પછી યુક્રેનમાં નવું સૈન્ય અભિયાન શરૂ કરે તેવી ભીતિ

કાઠમંડુ | તા.20

રશિયામાં 2018ની સરખામણીમાં આ વખતે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વધુ મતદાન થયું છે. રશિયાના સેન્ટ્રલ ઈલેક્શન કમિશનના જણાવ્યા અનુસાર, રવિવારે બપોર સુધી 66% મતદાન થયું હતું. બીજી તરફ, 7% વોટ ઓનલાઈન પડ્યાં હતા. કુલ મિલાવીને 73% મતદાન થયું હતું, જે 2018માં 67% કરતા 6% વધુ છે. રશિયામાં છેલ્લા 25 વર્ષથી સત્તા પર રહેલા રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિનને પાંચમો કાર્યકાળ મળશે તે નિશ્ચિત છે. 2030 સુધી સત્તામાં રહેશે. રશિયાના સામાન્ય નાગરિકોની ચિંતામાં વધારો થયો છે. તેમનું કહેવું છે કે ભવ્ય વિજયથી પ્રોત્સાહિત રાષ્ટ્રપતિ પુટિન કદાચ નવું યુદ્ધ અભિયાન છેડી શકે છે. ઘણા લોકોનું માનવું છે કે જીત પછી પુટિન નવા આર્થિક પગલાં લઈ શકે છે.

નાગરિકોને બળજબરીથી લડવા માટે મોકલવામાં આવે તેવો ભય મોસ્કોની મારિયા અને તેના પતિ એલેક્ઝાંડર આગળ હવે શું થશે તેની ચિંતામાં છે. વિજય પછી પુટિન યુક્રેનમાં નવું લશ્કરી ઓપરેશન શરૂ કરી શકે છે અને યુક્રેનની સરહદ પર નવા સૈનિકો એકઠા કરી શકે છે. એલેક્ઝાન્ડરની જેમ ઘણા રશિયન લોકો શાંતિથી જીવવા માંગે છે. વેપારીઓની ચિંતા- સરકાર હવે નવા ટેક્સ લાવી શકે છે સ્વતંત્ર મતદાન સ્ટાર લેવાડા સેન્ટરના ડિરેક્ટર ડેનિસ વોલ્કોવ કહે છે કે આર્થિક વિશ્વમાં પણ મોટી ચિંતા છે. વેપારીઓને આશંકા છે કે જીત બાદ ટેક્સ લાદવામાં આવી શકે છે. તાજેતરમાં રાષ્ટ્રપતિ પુટિને વધુ આવક પેદા કરવા માટે અમીરો માટે ટેક્સ કોડ બદલવાની વાત કરી છે. પુટિન સેનામાં મોટા ફેરફારોની તૈયારી કરી રહ્યા છે: નિષ્ણાત બીજી તરફ, જીત બાદ રશિયન સેનાના નેતૃત્વમાં મોટા ફેરફારો થવાની સંભાવના છે. યુક્રેનમાં જનરલ સ્ટાફ કમાન્ડર વેલેરી ગેરાસિમોવ અને ફેડરલ સુરક્ષા સેવાના વડા એલેક્ઝાન્ડર બોર્ટનીકોવનું પ્રસ્થાન નિશ્ચિત હોવાનું કહેવાય છે.

### ટિકિટ ન મળવાથી ઘણા નારાજ નેતા કોંગ્રેસમાં જોડાઈ શકે અથવા અપક્ષ તરીકે ચૂંટણી લડી શકે

# નેતાઓની નારાજગી નડશે? દક્ષિણ ભારતના સૌથી મહત્વપૂર્ણ રાજ્યમાં ભાજપ સામે ઊભું થયું સંકટ

નવી દિલ્હી : લોકસભાની ચૂંટણીને હવે આડે એક મહિના જેટલો સમય બાકી છે અને રાજકીય પક્ષોમાં ટિકિટને લઈને ખેંચતાણ ચાલી રહી છે ત્યારે કર્ણાટકમાં ભાજપ સામે વિચિત્ર સંકટ ઉભું થયું છે. ટિકિટ ન મળવાથી ઘણા નારાજ નેતાઓ કોંગ્રેસ પક્ષમાં જોડાઈ શકે છે અથવા તેઓ અપક્ષ તરીકે ચૂંટણી લડે તેવી પણ શક્યતા છે.ભાજપે ઉમેદવારોના નામની બે યાદી જાહેર કરી દીધી છે, જેમાં કેટલાક અસંતુષ્ટ નેતાઓ પક્ષથી નારાજ થયા છે ત્યારે 28 બેઠકો ધરાવતા કર્ણાટકમાં લોકસભાની ચૂંટણી ભાજપ માટે પડકારો વધી શકે તેવું ચિત્ર ઉભુ થઈ રહ્યું છે. યેદિયુરપ્પા લોકસભાના ઉમેદવારોની યાદી માટે ઉતાવળે દિલ્હી પહોંચ્યા છે. એક તરફ વિધાનસભામાં ભાજપની હાર બાદ પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના સાંસદ ડીવી સદાનંદ ગૌડાએ બળવાખોર વલણ દાખવ્યું છે. આ ઉપરાંત પાર્ટીના વરિષ્ઠ નેતા કેએસ ઈશ્વરપ્પા પણ અપક્ષ તરીકે ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે ભાજપ માટે કર્ણાટકમાં નવું સંકટ ઉભું થયું છે.



રાજ્યમાં વધતી જતી સમસ્યાઓ જોઈને બીએસ યેદિયુરપ્પા દિલ્હી ચાલ્યા ગયા છે. ઉલ્લેખનીય છે કે તેમનું ટેન્શન વધારે હોવાનું એક કારણ છે કે ઈશ્વરપ્પા જ્યાંથી અપક્ષ તરીકે ચૂંટણી લડવાની વાત કરી રહ્યા છે તે યેદિયુરપ્પાનો હોમ જિલ્લો શિવમોગ્ગા છે. અહીં બળવાથી રાજ્યમાં પાર્ટીને નુક્સાન પહોંચી શકે છે. આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે ભાજપ 28 બેઠકો માટે ઉમેદવારોની આગામી યાદી જાહેર કરવા જઈ રહી છે. ભાજપના ઘણા નેતાઓ ખુલ્લેઆમ પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે અને જેડીએસ સાથેના ગઠબંધનથી પણ ખુશ નથી. પૂર્વ મુખ્યમંત્રી યેદિયુરપ્પા હવે દિલ્હીમાં પાર્ટી નેતૃત્વ સાથે કર્ણાટક પર ચર્ચા કરશે. આ દરમિયાન રાજ્યની બાકીની આઠ લોકસભા બેઠકો માટેના ઉમેદવારો અંગે ચર્ચા કરવામાં આવશે.બીજી તરફ, ગઠબંધન સાથી જેડીએસ એ વાતથી નારાજ છે કે બેઠકોની વહેંચણીમાં વિલંબ થઈ રહ્યો છે. જેડીએસના નેતાઓ પણ કહી રહ્યા છે કે ભાજપની યાદી બનાવતા પહેલા તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા ન હતા. જો કે, એક દિવસ પછી, જનતા દળ (સેક્યુલર) નેતા એચડી કુમારસ્વામીએ યુ-ટર્ન લીધો અને કહ્યું કે આનો અર્થ એ નથી કે બંને પક્ષો વચ્ચે વિશ્વાસનો અભાવ છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ અને જેડીએસ વચ્ચેના સંબંધોમાં કોઈ મતભેદ નથી.

## કોંગ્રેસમાં ફરી રાજીનામું, ઓડિશાના ધારાસભ્યનો પક્ષ સાથે 25 વર્ષ જૂના સંબંધોનો અંત

નવી દિલ્હી : લોકસભા 2024ની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે અને દેશમાં કોંગ્રેસ સહિત મોટાભાગની રાજકીય પાર્ટીઓ પોતાના ઉમેદવારોના નામની જાહેરાત કરી રહી છે ત્યારે કોંગ્રેસને ચૂંટણી પહેલા ઓડિશામાં મોટો ઝટકો લાગ્યો છે. દિગ્ગજ ધારાસભ્યએ રાજીનામું આપીને પક્ષ સાથે છેડો ફાડ્યો છે. ઓડિશામાં કોંગ્રેસના ધારાસભ્ય અધિરાજ મોહન પાણિગ્રહીએ પાર્ટીના પ્રાથમિક સભ્યપદની સાથે વિવિધ પદો પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ શરત પટનાયકને મોકલી આપ્યું છે. તેઓ 25 વર્ષ સુધી કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા. હવે એવી ચર્ચા થઈ રહી છે કે ધારાસભ્ય અધિરાજ મોહન પાણિગ્રહી બીજેડીમાં જોડાશે.કોંગ્રેસ છોડ્યા બાદ અધિરાજ મોહન પાણિગ્રહીએ કહ્યું છે કે 'ખડિયાલ વિધાનસભા વિસ્તારના લોકો સાથે ચર્ચા કર્યા બાદ મેં કોંગ્રેસ છોડવાનો નિર્ણય લીધો છે. હું કાર્યકરો સાથે ચર્ચા કરીને કઈ પાર્ટીમાં જોડાવાનો અંતિમ નિર્ણય લઈશ.' ઉલ્લેખનીય છે કે 2019ની ચૂંટણીમાં અધિરાજ મોહન પાણિગ્રહી કોંગ્રેસની ટિકિટ પર વિધાનસભામાં ચૂંટાયા હતા. તેમણે 59,308 મત મળ્યા હતા.

## ન્યૂઝ કોર્નર

### લોકસભાની 100થી વધુ મુસ્લિમ બહુમતી ધરાવતી બેઠકો માટે ભાજપે ઘડી કાઢ્યો માસ્ટર પ્લાન

નવી દિલ્હી : ભાજપ આ વખતે લોકસભા ચૂંટણીમાં ભારે બહુમતિ મળવાની આશા રાખે છે. પાર્ટીના કાર્યકરો, ભાજપ માટે ૩૦૦ એ એનડીએ ગઠબંધન માટે ૪૦૦થી વધુ બેઠકો મેળવવાની આશા રાખે છે. તે લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પાર્ટી જનાધાર વધારવા માગે છે. તેના ભાગરૂપે તે લઘુમતિ સમાજને સાથે લેવા પ્રયત્નશીલ છે. ભાજપ લઘુમતિ મોર્ચાના રાષ્ટ્રીય પ્રમુખ જમાલ સિદ્દીકીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનાં ૧૦ વર્ષના કાર્યકાળમાં મુસ્લીમ સમાજની સ્થિતિમાં બહુ મોટો સુધારો કરી દીધો છે. તેને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે, તેમની શૈક્ષણિક સામાજિક અને આર્થિક સ્થિતિમાં સુધારો કર્યો છે, તેથી મુસ્લીમ સમાજ હવે દેશની મુખ્ય ધારા સાથે જોડાઈ ગયો છે, તેઓને ડર નથી રહ્યો, ગુંડારાજથી મુક્તિ મળી છે. હવે કોંગ્રેસ, સપા, બસવા, આપ, રાજદ કે તૃણમૂલ જેવા પક્ષોનો પર્દાફાશ થઈ ગયો છે.

### એપલ આઈફોન અને આઈપેડ યુઝર્સ માટે સરકારની સિક્યોરિટીની ચેતવણી

નવી દિલ્હી : ભારત સરકારે એપલની આઈઓએસ અને આઈપેડ ઓએસ ડિવાઈસીસ માટે ચેતવણી જાહેર કરી છે. કેન્દ્ર સરકારની સંસ્થા સર્ટ-ઈને ૧૫ માર્ચે ચેતવણીમાં કહ્યું છે કે એપલ આઈઓએસ અને આઈપેડ-ઓએસમાં અનેક ખામી જોવા મળી છે, જે સંભવત: કોઈને પણ સિસ્ટમ પર હુમલો કરીને તેને કામ કરતી બંધ કરવા, કોઈપણ કોડ ચલાવવા, સંવેદનશીલ માહિતી ચોરવા અને સુરક્ષા ઉપાયોથી બચવા સક્ષમ બનાવી શકે છે. સર્ટ-ઈનની વેબસાઈટ મુજબ આ વલ્નરેબિલિટી હુમલાખોરને સેવા શરતોનો ઈન્કાર કરવા, મરજી મુજબના કોડ ચલાવવા, સંવેદનશીલ માહિતીનો ખુલાસો કરવા અને ટાર્ગેટેડ સિસ્ટમ પર સુરક્ષા પ્રતિબંધોને બાયપાસ કરવા સક્ષમ બનાવી શકે છે. એપલના આઈફોન-૮, આઈફોન-૮ પ્લસ, આઈફોન, આઈફોન-એક્સએસ તથા નવા આઈપેડ પ્રો ૧૨.૯ ઈંચની બીજી પેઢી અને નવા આઈપેડ પ્રો ૧૦.૫ ઈંચ, આઈપેડ પ્રો ૧૧ ઈંચની પહેલી પેઢી અને નવા આઈપેડ એરની ત્રીજી પેઢી તથા નવા આઈપેડ જેવી ડિવાઈસીસ માટે વી૧૭.૪થી પહેલાની એડિશનને આ સિક્યોરિટી ખામી અસર કરે છે.

### 47 વર્ષ પહેલા 20 માર્ચ 1977ના રોજ જ્યારે ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે તે એકાએક ભાંગી પડ્યા હતા

# બેંકોનું રાષ્ટ્રીયકરણ, હરિત ક્રાંતિ જેવા પગલાં લેનાર દિગ્ગજ નેતા ચૂંટણી હારતાં ડિપ્રેશનમાં સરી ગયા હતા

નવી દિલ્હી : લોકસભા ચૂંટણી 2024ના રાજકીય ગરમાવા વચ્ચે દેશની છઠ્ઠી લોકસભા ચૂંટણીની વાત કરીએ, જે 1977માં યોજાઈ હતી અને આ ચૂંટણીઓમાં ઈન્દિરા ગાંધી ખરાબ રીતે હારી ગયા હતા. જનતા દળનું 'ઈન્દિરા હટાવો, દેશ બચાવો' નો સૂત્ર સફળ રહ્યું હતું. ઈન્દિરા ગાંધી એટલી ખરાબ રીતે હારી ગયા કે તેઓ તેમની રાયબરેલી બેઠક પણ બચાવી શક્યા નહીં. તે અહીંથી 55 હજાર મતોથી હાર્યા હતા. 47 વર્ષ પહેલા 20 માર્ચ 1977ના રોજ જ્યારે ચૂંટણીના પરિણામો આવ્યા ત્યારે ઈન્દિરા ગાંધી એકાએક ભાંગી પડ્યા હતા. ત્યારે સફદરજંગ રોડ પર સન્નાટો પ્રસરી ગયો હતો. ઈન્દિરા ગાંધીએ પોતાને રૂમમાં કેદ કરી લીધા હતા. તે 4 દિવસ સુધી રૂમમાં બંધ રહ્યા. તે ડિપ્રેશનમાં સરી ગયા હતા. ન તો કોઈને મળ્યા, ન



કોઈની સાથે વાત કરી. ચૂંટણીની હાર તે પચાવી શકી રહ્યા નહોતા. તે પીડામાં હતા, પરંતુ કોઈને કહી શકતા ન હતા. બંને પુત્રવધૂ, સોનિયા ગાંધી અને મેનકા ગાંધી અને પૌત્ર-પૌત્રી રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને મિત્ર સુમન દુબેના ઘરે મોકલી દીધા. તેમને સંજય ગાંધીની ચિંતા હતી.એક મીડિયા હાઉસના જાણીતા પત્રકારે તેમના પુસ્તક 'હાઉ પ્રાઈમ મિનિસ્ટર્સ ડિસાઈડ'માં આ ખુલાસા કર્યા છે. તે લખે છે કે 22 માર્ચે ઈન્દિરા ગાંધીએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમણે પોતાનું રાજીનામું કાર્યવાહક રાષ્ટ્રપતી બી.ડી. જત્તીને સોંપ્યું અને જ્યારે તેઓ રાજીનામું આપી રહ્યા હતા ત્યારે કાર્યકારી રાષ્ટ્રપતિ જત્તીના પત્ની સંગમા રડવા લાગ્યા હતા. ઓપરેશન બ્લુ સ્ટાર અને 1975માં લાદવામાં આવેલી ઈમરજન્સીને કારણે ઈન્દિરા ગાંધીની કારકિર્દીનો અંત આવ્યો. રાષ્ટ્રપતિએ રાજીનામું ધરાવતું પરબિડીયું હાથમાં લીધું પણ ખોલ્યું નહીં.બેંકોનું રાષ્ટ્રીયકરણ અને હરિત ક્રાંતિ સહિત અનેક મહત્ત્વપૂર્ણ પગલાં લેનાર ઈન્દિરા ગાંધીના સમર્થકો ઈચ્છતા હતા કે તેઓ હોદ્દા પર જળવાઈ રહે, પરંતુ ઈન્દિરા ગાંધી તે દિવસે જેટલા શાંત હતા તેટલા ક્યારેય ન હતા. તેમની અંદર એક યુદ્ધ ચાલી રહ્યું હતું. જ્યારે જયપ્રકાશ નારાયણ અને મોરારજી દેસાઈ તેમને મળવા આવ્યા ત્યારે તેમણે ઈન્દિરા ગાંધીને ખાતરી આપી હતી કે તેમના પરિવારને કોઈ નુકસાન નહીં થાય, જેના જવાબમાં ઈન્દિરાએ કહ્યું કે હવે હું થાકી ગઈ છું. હું નિવૃત્તિ લઈ રહી છું, બાકીનું જીવન પહાડોમાં મારી પુત્રવધૂ અને પૌત્રો સાથે વિતાવીશ.

## મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ.બી.વી.આર.સી. પુરુષોત્તમે દેહરાદૂનની મુખ્ય પોસ્ટ ઓફિસમાં આયોજિત મતદાર જાગૃતિ કાર્યક્રમમાં ભાગ લીધો



દેહરાદૂન : આ પ્રસંગે મુખ્ય ચૂંટણી અધિકારીએ ત્યાં હાજર તમામ પોસ્ટ ઓફિસના કર્મચારીઓ અને RDR એજન્ટોને મતદારોના શપથ લેવડાવ્યા હતા. ભારતીય ટપાલ વિભાગના તમામ કર્મચારીઓને સંબોધતા મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે ચૂંટણીમાં ભાગીદારી અને જવાબદારીની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ટપાલ વિભાગની છે. મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, સામાન્ય જનતા તેમના કામ માટે દરરોજ મોટી સંખ્યામાં પોસ્ટ ઓફિસ પહોંચે છે, તેથી પોસ્ટ ઓફિસ મતદાર જાગૃતિ માટે પણ યોગ્ય સ્થળ છે. કાર્યક્રમમાં અધિક મુખ્ય ચૂંટણી અધિકારી ડો.વિજય કુમાર જોગદંડેએ ભારતીય ટપાલ વિભાગના તમામ એજન્ટોને ડોર ટુ ડોર મતદાર જાગૃતિ અભિયાનમાં સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ભારતીય ટપાલ વિભાગના ઉત્તરાખંડ સર્કલના નિયામક અનુસુયા પ્રસાદ સહિત ટપાલ વિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### 'શક્તિ'ના વિનાશના વાત કરનારા રાહુલ ગાંધીએ પરિણામ ભોગવવા પડશે

નવી દિલ્હી : હિન્દુ ધર્મમાં 'શક્તિ' અંગેનું નિવેદન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને હવે ભારે પડી રહ્યું છે. પીએમ મોદી પછી હવે આધ્યાત્મિક નેતા સ્વામી અખિલેશ્વરાનંદ ગિરિએ મંગળવારે રાહુલ ગાંધીની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ સાંસદે 'શક્તિ'નો વિનાશ કરવાના નિવેદન મુદ્દે ભોગવવું પડશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હિન્દુ ધર્મમાં એક શબ્દ છે 'શક્તિ', અમે તે 'શક્તિ' વિરુદ્ધ લડી રહ્યા છીએ. સ્વામીગિરિએ કહ્યું કે, રાહુલ ગાંધી દુષ્ટ લોકો, પ્રતિશોધ કરનારા લોકો અને સંસ્કૃતિનો વિરોધ કરનારાની મદદથી 'શક્તિ'ને હરાવવાની વાત કરે છે તો તેમણે તેના પરિણામ ભોગવવા પડશે. તેના માટે તેમણે લાંબો સમય રાહ જોવાની જરૂર નહીં પડે. બે-ત્રણ મહિનાની અંદર જ તેમને આ પરિણામો જોવા મળશે. 'શક્તિ'ને પડકારીને કોઈપણ 'શક્તિ' મેળવી શકે નહીં. શક્તિ પ્રત્યે આસ્થા, ભક્તિ અને ભાવના હોય તો જ તમે 'શક્તિ' મેળવી શકો છો.સ્વામીગિરિએ ઈન્ડિયા ગઠબંધન પર નિશાન સાધતા કહ્યું કે રાહુલ ગાંધી જેમની સાથે ગઠબંધન કરી રહ્યા છે.

### ચાઇનિઝ વિઝા કૌભાંડ : કાર્તિ ચિદમ્બરમને કોર્ટના સમન્સ



નવી દિલ્હી : દિલ્હીની કોર્ટે કથિત ચાઇનિઝ વિઝા કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમને સમન્સ પાઠવ્યા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ દાખલ કરેલી ચાર્જશીટને આધારે સ્પેશિયલ જજ એમ કે નાગપાલે કાર્તિ ચિદમ્બરમને સમન્સ આપ્યા છે. જજ એમ કે નાગપાલે કાર્તિ ચિદમ્બરમ, તેમના પૂર્વ ચાર્ટડ એકાઉન્ટન્ટ એસ ભાસ્કરરમન, કેટલીક કંપનીઓના પ્રતિનિધિઓ સહિતના અન્યને પાંચ એપ્રિલે હાજર થવાનો આદેશ આપ્યો છે. આરોપીઓમાં પદમ દુગાર, વિકાસ મખારિયા, મંસૂર સિદ્દીકી, દુગાર હાઉસિંગ લિમિટેડ, એડવાન્ટેજ સ્ટ્રેટિજિક કન્સલટીંગ પ્રાઇવેટ લિમિટેડ અને તલવંડી સાબો પાવર લિમિટેડ પણ સામેલ છે.ઇડીએ ૨૦૧૧માં ૨૬૩ નાગરિકોને વિઝા જારી કરવા સંબધિત કથિત કૌભાંડમાં આરોપીઓની વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો.

### મામલો જાહેરમાં આવતા લોકો ગુસ્સે થયાં અને દેખાવ કરી તોડફોડ કરવા લાગ્યા

# બે બાળકોની હત્યા કરી ભાગી રહેલા આરોપીનું પોલીસે કર્યું એન્કાઉન્ટર, બદાયુંમાં માહોલ ગમગીન

બદાયૂં : ઉત્તર પ્રદેશના બદાયુંમાં ગઈકાલે સાંજે બે નિર્દોષ બાળકોની હત્યા ક્રૂરતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી હતી. મંડી ચોકીથી થોડે દૂર આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. જેના પછી પોલીસે કાર્યવાહી કરતાં આ કેસમાં એક આરોપી પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર મરાયો હતો. બાળકોની હત્યાની ઘટના બાદ ઘટનાસ્થળે તંગદિલી ફેલાઈ ગઈ હતી અને ભીડે બદાયું શહેરમાં ભારે હોબાળો મચાવતા આગચંપી કરી હતી.

ઘટનાની માહિતી મળ્યા બાદ બદાયુંના ડીએમ મનોજ કુમાર અને બરેલીના આઈજી ડો. રાકેશ સિંહ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તણાવને જોતા મોટી સંખ્યામાં પોલીસ દળો સ્થળ પર તહેનાત કરી દેવાની ફરજ પડી હતી. બદાયુંના ડીએમના જણાવ્યા અનુસાર સ્થિતિ નિયંત્રણમાં છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સિવિલ લાઈન્સ



પોલીસ સ્ટેશનની હદમાં આવતી બાબા કોલોનીમાં ગઈકાલે મોડી સાંજે દુકાન ચલાવતા એક વ્યક્તિએ ઘરમાં ઘૂસી ત્રણ ભાઈઓ આયુષ, યુવરાજ અને આહાન ઉર્ફે હની પર કુહાડી વડે હુમલો કર્યો હતો, જેમાં આયુષ (12) અને આહાન ઉર્ફે હનીનું મોત થયું હતું. જ્યારે યુવરાજને ગંભીર રીતે ઘાયલ હાલતમાં જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બરેલીના આઈજી ડો.રાકેશ સિંહે જણાવ્યું કે બાળકો તેમના ટેરેસ પર રમી રહ્યા હતા. આ દરમિયાન આરોપીએ આવીને બંને બાળકોની હત્યા કરી નાખી હતી. આ કેસમાં પોલીસે આરોપીનું એકાઉન્ટર કરી દીધું છે. બરેલીના આઈજીએ જણાવ્યું કે ઘટનાની જાણકારી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આરોપીઓનો પીછો કર્યો અને આ દરમિયાન એક આરોપીએ પોલીસ પર ગોળીબાર કર્યો. પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કર્યો, જેમાં ગુનેગારનું ઘટનાસ્થળે જ મોત થયું. તેમણે કહ્યું કે એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આરોપીની ઉંમર 25 થી 30 વર્ષની હોવાનું કહેવાય છે. હાલ પોલીસ આરોપી વિશે માહિતી એકઠી કરી રહી છે.

### પીલીભીત પરથી વરૂણ ગાંધીની ટિકિટ ભાજપ કાપશે ત્યાંથી એક સમયે રાહુલના નિકટવર્તી રહેલા મૌર્યને ટિકિટ અપાશે

નવી દિલ્હી : આગામી લોકસભાની ચૂંટણીનો શંખનાદ ફૂંકાઈ ચૂક્યો છે. એપ્રિલ-મે માં મતદાન પછી ૪થી જૂને પરિણામો જાહેર થશે. ઉ.પ્ર.માં ભાજપે મોટા ભાગના ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધા છે. પરંતુ જેની ઉપર સૌની નજર છે, તે વરૂણ ગાંધી છે. પીલીભીત સીટ પરથી ભાજપના ઉમેદવાર તરીકે વિજયી થતા રહેતા વરૂણ ગાંધી લાંબા સમયથી પોતાની (ભાજપની) જ પાર્ટીની યુપી અને કેન્દ્ર સરકાર વિરૂદ્ધ નિવેદનો કરતા હતા. વચ-વચમાં તેઓ પાર્ટીથી નારાજ થયા હોવાની પણ વાત ઊડી હતી. હવે જાણકારો કહે છે કે ભાજપ કદાચ પીલીભીતથી વરૂણ ગાંધીની ટીકીટ કાપી નાખશે.

એબીમીએ સૂત્રોનો હવાલો આપતાં જણાવ્યું છે કે હવે ભાજપ એક સમયે રાહુલ ગાંધીના નિકટવર્તી રહેલા પરંતુ પછીથી કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાઈ ઉ.પ્ર. સરકારમાં મંત્રીપદે રહેલા જીતીન પ્રસાદને પીલીભીતની ટીકીટ આપવામાં આવે.

### કેટલીક પરીક્ષાઓ રિશિડ્યુલ કરી દેવામા આવી

# લોકસભાની ચૂંટણીને પગલે CAની પરીક્ષાઓમાં ફેરફાર, આઈસીએઆઈ દ્વારા નવી તારીખો જાહેર

નવી દિલ્હી : લોકસભાની ચૂંટણીને પગલે આઈસીએઆઈ દ્વારા સીએની પરીક્ષાઓમાં ફેરફાર કરવામા આવ્યો છે અને કેટલીક પરીક્ષાઓ રિશિડ્યુલ કરી દેવામા આવી છે. જેમાં સીએ ઈન્ટરમીડિએટ અને સીએ ફાઈનલની પરીક્ષાઓ છે. જ્યારે ફાઉન્ડેશન પરીક્ષાઓની તારીખોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેઈઈ મેઈનની સેશન-૨ તથા યુજી મેડિકલ પ્રવેશની નીટ પરીક્ષાની તારીખોમાં પણ કોઈ ફેરફાર કરાયો નથી. નવા ટાઈમ ટેબલ મુજબ ઈન્ટરમીડિએટમાં ગ્રુપ-1ની પરીક્ષા 3,5 અને 9મી મેએ લેવાશે. ગ્રુપ-2ની પરીક્ષા 11, 15 અને 17મી મેએ લેવાશે. અગાઉ 3,5 અને 7મેના રોજ ગ્રુપ-1 અને 9, 11 અને 13મી મેના રોજ ગ્રુપ-2ની પરીક્ષા હતી. હતી. પરંતુ 7મીમેએ ગુજરાત સહિતના કેટલાક રાજ્યોમાં ચૂંટણી છે. આ ઉપરાંત સીએ ફાઈનલમાં ગ્રુપ-1ની પરીક્ષા હવે 2,4 અને 8મી મેએ લેવાશે તથા ગ્રુપ- 2ની પરીક્ષા 10, 14 અને 16મીમેએ લેવાશે. અગાઉ ગ્રુપ-1ની પરીક્ષા 2, 4 અને 6મેએ તેમજ ગ્રુપ-2ની પરીક્ષા 8, 10 અને 12મી મેએ હતી. જ્યારે સીએ મેમ્બર્સ માટેની પરીક્ષા એવી મે ઈન્ટરનેશનલ ટેક્સેશનન એસેસમેન્ટ ટેસ્ટ હવે 14 અને 16મી મેના રોજ લેવાશે.

### 73 વર્ષમાં કુલ 75 ટકા ઉમેદવારોએ ડિપોઝિટ ગુમાવી

નવી દિલ્હી : દેશમાં લોકસભા ચૂંટણીનો શંખનાદ થઈ ગયો છે. બધા જ પક્ષો ચૂંટણી પ્રચારમાં લાગી ગયા છે. ભાજપ, કોંગ્રેસ સહિત મોટાભાગના પક્ષોએ વિવિધ બેઠકો પર ઉમેદવારોના નામની જાહેરાત પણ કરી દીધી છે. જો કે હજુ અનેક બેઠકો પર ઉમેદવારોની જાહેરાત બાકી છે. જોકે, દેશમાં વર્ષ 1951માં થયેલી પહેલી લોકસભા ચૂંટણીથી અત્યાર સુધીમાં 71,000થી વધુ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે. ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડા પરથી જણાય છે કે વર્ષ 1951 બાદથી વર્ષો વર્ષના સમયમાં ડિપોઝિટ જપ્ત થતી હોય તેવા ઉમેદવારોની સંખ્યા વધી રહી છે.ચૂંટણી પંચના નિયમો મુજબ ચૂંટણી લડી રહેલા ઉમેદવારને કુલ મતદાનમાંથી છઠ્ઠા ભાગના મત પણ ના મળે તો તેની ડિપોઝિટ જપ્ત કરી લેવામાં આવે છે અને દેવાય છે.

**પશ્ચિમ રેલવે–અમદાવાદ**

**2 લેનના 3 નંગ ઓવરબ્રિજ (ROB) નું બાંધકામ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ)-II, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં.** ડેપ્યુ.સીઈ/સી/II/એડીઆઈ/આરઓબી-238-267-271 (બે પેકેટ) (1) **કામનું નામ તેના સ્થળ સહિતઃ** વડોદરા ડિવિઝનના વડોદરા-ગેરતપુર વચ્ચે કિ.મી. 401/24-26 ખાતે LC નં. 238, કિ.મી. 441/16-18 ખાતે LC નં. 267 અને કિ.મી. 441/10-12 ખાતે LC નં. 271 ને બદલે એપ્રોચીઝ (બંને છેડે) સહિત 2 લેનના 3 નંગ ઓવરબ્રિજ (ROB) નું બાંધકામ કરવાનું કામ (બે પેકેટ) (2) **કામની અંદાજિત પડતરઃ** ₹ 111,23,99,439.22/- (3) **જમા કરાવવાની અર્નેસ્ટમની ડિપોઝીટઃ** ₹ 57,12,000/- (4) **ટેન્ડર ફોર્મ ફીઃ** નિઃશુલ્ક (5) **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 18 (અઢાર) મહિના ચોમાસા સહિત (6) **બીડ જમા કરવાની અને બીડ ખુલવાની તારીખ અને સમયઃ** તા.05-04-2024 ના 15:00 કલાક સુધી જમા કરી શકાશે અને તા.05-04-2024 ના 15:30 કલાકે ખોલાશે. (7) **વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સરનામું જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ** ડેપ્યુ.ચીફ એન્જીનીયર, (બાંધકામ) II, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'C' વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, અસારવા, અમદાવાદ-382 345. **વેબસાઈટઃ** www.ireps.gov.in CPM-072

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**સિગ્નલીંગ ગિયર્સ માટે વિવિધ કામો અને આઉટસોર્સિંગની જોગવાઈ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે કાર્યરત ડીઆરએમ/એસ એન્ડ ટી ટેન્ડર નં. ડીઆરએમ-એસએનટી-એડીઆઈ-સિગ 13, (પુનઃઆમંત્રિત) 2023-24 બંધ થવાની તારીખ 05-04-2024, 15:00, સામે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. બિડરો ફક્ત મૂળ/સુધારેલ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધી જમા કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં નહીં આવે અને કોઈપણ મેન્યુઅલ ઓફર પ્રાપ્ત થશે તો તેને અવગણવામાં આવશે. **ટેન્ડર નં. ડીઆરએમ-એસએનટી-એડીઆઈ-સિગ 13 (પુનઃઆમંત્રિત) 2023-24 (1) કામનું નામઃ** અમદાવાદ ડિવિઝનમાં ધ્રાંગધ્રા-ગાંધીધામ-ભુજ સેક્શનના આઉટડોર સિગ્નલીંગ ગીયર્સના સમારકામ અને જાળવણી માટેના કામના સંબંધમાં આઉટસોર્સિંગની જોગવાઈ અને સિગ્નલીંગ સામગ્રીની આશિંક આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમીશનીંગ કરવાનું કામ. (પુનઃઆમંત્રિત) (2) **કામની અંદાજીત પડતરઃ** ₹ 90,97,388.67/- (રૂા. નેવુ લાખ સત્તાણું હજાર ત્રણ સો ઈઠ્યાંસી અને સડસઠ પૈસા પૂરા) (3) **અર્નેસ્ટ મની ડિપોઝીટઃ** ₹ 1,82,000/- (રૂપિયા એક લાખ બ્યાંસી હજાર પૂરા) (4) **ટેન્ડર બંધ થવાની અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.05-04-2024 ના 15:00 કલાક સુધી તે પછી નહીં અને તા.05-04-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. (5) **ઈ-ટેન્ડરીંગની વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-306

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

**ઉત્તર મધ્ય રેલ્વે**

ઈ-ટેન્ડરિંગ સૂચના સંખ્યા :- 2024- માર્ચ -03 તારીખ :- 18-03-2024

**ઈ-ટેન્ડર સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરીંગ), નોર્થ સેન્ટ્રલ રેલ્વે આગ્રા ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામો માટે ફક્ત ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં :- 1 | ટેન્ડર નંબર :- 2024-માર્ચ-03-01 | અંદાજીત ખર્ચ રૂા :- રૂ: 20283935.31 |
|---|---|---|
| કાર્યનું વર્ણન :- આગરા કેન્ટ સ્ટેશનના પુનઃવિકાસને કારણે હાલની ઓફિસોની જગ્યાએ તમામ માળખાકીય સુવિધાઓ સાથે ADEN ઓફિસ અને IOW ઓફિસની જોગવાઈ. | | |
| ક્રમ નં :- 2 | ટેન્ડર નંબર :- 2024-માર્ચ-03-02 | અંદાજીત ખર્ચ રૂા :- રૂ: 20580822.06 |
| કાર્યનું વર્ણન :-આગરા કેન્ટ સ્ટેશનના પુનઃવિકાસને કારણે હાલની ઓફિસની જગ્યાએ તમામ માળખાકીય સુવિધાઓ સાથે SSE Pway ડેપોની જોગવાઈ. | | |

સંપૂર્ણ વિગતો અને બિડ સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઇટ www.ireps.gov.in જુઓ. ટેન્ડર 10-04-2024 ના રોજ 15:00 કલાક સુધી વેબ પોર્ટલ www.ireps.gov.in દ્વારા જ સબમિટ કરી શકાય છે. 532/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

### ઝડપથી ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને ખેતીની બદલાતી પદ્ધતિઓએ નદીના પારિસ્થિતિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી છે

# ઉનાળા પહેલા ડરામણો રિપોર્ટ, ભારતની મુખ્ય નદીઓ પર ક્લાઈમેટ ચેન્જનો ખતરો, 1 અબજ લોકો સંકટમાં

નવી દિલ્હી : ક્લાઈમેટ ચેન્જ સાથે સંબંધિત એક ડરામણો રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં જણાવાયું છે કે ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર સહિત દક્ષિણ એશિયાની મુખ્ય નદીઓ પર ક્લાઈમેટ ચેન્જની ઘાતક અસર થવાની છે. માનવીની પ્રવૃત્તિઓ અને ક્લાઈમેટ પેટર્નમાં ફેરફાર થવાને લીધે તેની આજુબાજુના વિસ્તારોમાં લગભગ એક અબજ લોકોએ ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. હાઈવેટિંગ રિવર બેસિન ગવર્નેન્સ એન્ડ કોઓપરેશન ઈન ધ એચકેએચ રિજન રિપોર્ટમાં ત્રણેય નદીઓ ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર પર નદીના બેસિન મેનેજમેન્ટ માટે ક્લાઈમેટ અંગે ફ્લેક્સિબલ દ્રષ્ટિકોણની જરૂર છે. હિંદુ કુશ હિમાલય દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ



એશિયાના અમુક ભાગોના ફ્રેશ પ્રાણીના સ્ત્રોત છે. તેનું બરફ, ગ્લેશિયરો અને વરસાદથી આવતું પાણી એશિયાની 10 સૌથી મોટી રિવર સિસ્ટમને મદદ કરે છે. સામાન્ય રીતે ભારતમાં રહેતા 60 કરોડથી વધુ લોકો માટે પવિત્ર અને જરૂરી મનાતી ગંગા બેસિન વધતાં પર્યાવરણીય ખતરાનો સામનો કરી રહી છે. ઝડપથી ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને ખેતીની બદલાતી પદ્ધતિઓએ નદીના પારિસ્થિતિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી છે. રિપોર્ટમાં એ વાત ઉપર પણ ભાર મૂકાયો છે કે સીવેજ અને ઔદ્યોગિક કચરો અંધાધૂંધ રીતે ઠલવાતા પાણી ગંભીર રીતે પ્રદૂષિત થયું છે. તેના લીધે લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે ખતરો પેદા થયો છે. આ પ્રવૃત્તિઓની સાથે સાથે ક્લાઈમેટ ચેન્જની અસર, ખાસ કરીને વધતી જતી પૂરની ઘટનાઓ અને દુષ્કાળ ચિંતા વધારી રહ્યા છે. રિપોર્ટમાં કહેવાયું છે કે જળ સંસાધનોની ભરપાઈ માટે મહત્ત્વપૂર્ણ સ્ત્રોત મોનસૂનની ઋતુ હવે વધુ ખતરનાક પૂરની સ્થિતિ સર્જે છે. ક્લાઈમેટ સંબંધિત આ ખતરા મહિલાઓ, વિકલાંગ લોકો અને હાંસિયામાં ધકેલા સમુદાયો સહિત નબળાં વર્ગોને પ્રભાવિત કરે છે. આ રીતે પાકિસ્તાન, ભારત, અફઘાન અને ચીનના 268 મિલિયનથી વધુ લોકો માટે લાઈફલાઈન સમાન સિંધુ નદી ક્લાઈમેટ ચેન્જના કારણે ભયાનક સંકટમાં છે. વધતું તાપમાન, અનિયમિત મોનસૂન અને પર્યાવરણીય ફેરફાર બેસિનને સંકટ તરફ ધકેલી રહ્યા છે. અહેવાલ અનુસાર વર્તમાન સામાજિક-આર્થિક નબળાઈઓને લીધે આ પડકારો વધુ મોટા બની ગયા છે જેનાથી હાંસિયામાં ધકેલાયેલા લોકોની દુર્દશા વધી ગઈ છે. બ્રહ્મપુત્ર બેસિનમાં ખાસ કરીને નીચલા ભાગમાં ક્લાઈમેટ ચેન્જ પૂર અને દુષ્કાળને વધારવા તૈયાર છે. બરફ પીગળવાનો દર વધવાની આશંકા છે જેનાથી સમગ્ર વિસ્તારમાં પાણીની ઉપલબ્ધતાને અસર થશે. લાખો લોકોના જીવન પર તેની અસર વર્તાશે.

## રજિસ્ટ્રીની ભૂલના લીધે આરોપી જામીન પર છૂટી ગયો

અમદાવાદ એનઆઈએ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દેતા આ જામીન અરજીને હાઈકોર્ટની ખંડપીઠમાં પડકારવાની હતી, પરંતુ સરકારની ભૂલના લીધે ખંડપીઠમાં પડકારવામાં આવતા સરકારને ભૂલ સમજાઈ હતી. સરકારે ખંડપીઠ સામે કરેલી અરજીમાં આરોપીને જામીન પણ આપી દેવામાં આવ્યા હતા. જામીન આપી દીધા બાદ સરકારને અચાનક પોતાની ભૂલ સમજાતા હાઈકોર્ટમાં હુકમને રિકોલ કર્યો હતો. રિકોલ અરજીમાં એવી રજૂઆત કરી હતી કે ભૂલથી સરકારે સિંગલ જજના બદલે ખંડપીઠમાં સામે અપીલ રજૂ કરાઈ હતી.


# સિટી એક્સપ્રેસ

THURSDAY 21 MARCH-2024

AHMEDABAD


## કલોલ પંથકમાં અકસ્માતના બે બનાવમાં 2 યુવકનાં મોત

કલોલ તાલુકામાં બે જગ્યાએ અકસ્માત ના બે બનાવોમાં બે યુવકોના મોત થતા ભારે એરેરાટી ફેલાવા પામી છે. જેમાં જાસપુર ના જળ શુદ્ધિકરણના કામદાર પર માટીની ભેખડ પડતા દટાઈ જવાથી મોત નિપજ્યું હતું. જ્યારે છત્રાલની કંપનીમાં કરંટ લાગતા કામદારનું મોત નિપજ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર કલોલ તાલુકાના જાસપુર ગામે જળ શુદ્ધિકરણ નો પ્લાન્ટ આવેલો છે. આ પ્લાન્ટ માં કામ કરતો અજય દેસાઈ ભાઈ રાવળ ઉંમર વર્ષ 35 મૂળ રહે કાબરીયા ગામ રાવળ ફળિયુ તાલુકો ગોધરા જિલ્લો પંચમહાલ વાળો આજરોજ કામ કરી રહ્યો હતો.



## અમદાવાદ એરપોર્ટ પરથી 5 કિલો સોનું ઝડપાયું

### સ્મગલર્સની મોડસ ઓપરેન્ડીએ ભલ ભલાને ગોથે ચડાવ્યા

અમદાવાદ | તા.20

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર અખાતી દેશમાંથી આવતા મુસાફરો પાસેથી કસ્ટમના અધિકારીઓએ દાણચોરીનું પાંચ કિલો સોનું કબજે કર્યું છે. મુસાફરોએ દાણચોરી માટે નવી મોડેસ ઓપરેન્ડી અપનાવી છે. તેમણે સોનાનો ભૂકો કરી તેના કણ પ્લાસ્ટિકની ડીશની વચમાં ચોંટાડી દીધા હતા. એરપોર્ટ પર કસ્ટમના અધિકારીઓએ શંકા જતા ડિશ તોડી અને તેમાંથી સોનાના કણ ચમક્યા. આ સોનું કોના માટે લાવવામાં આવ્યું હતું અને તેમાં કોની સંડોવણી છે તે અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે તેવી જ રીતે દેશભરના દાણચોરો પણ સોનાની દાણ ચોરી કરવા માટે અમદાવાદ એરપોર્ટની પસંદગી કરતા હોવાથી દાણ ચોરીનું પ્રમાણ પણ વધ્યું છે.

# ગુજરાતમાં ગોવા જેવો કસિનો ઝડપાયો

## BMW-ફોર્ચ્યુનર જેવી લક્ઝુરિયસ કાર સહિત 67 લાખનો મુદ્દામાલ જપ્ત

### કડીના વેકરા ગામે બે વિદેશી મહિલા સહિત 25 જુગારી ઝડપાયા



રેડ દરમિયાન જુગારના અડ્ડા પરથી ઝડપાયેલા જુગારીઓ

અમદાવાદ | તા.20

કડી તાલુકાના કલ્યાણપુરા રોડ ઉપર આવેલા વેકરા સીમમાં એક ફાર્મ હાઉસમાં હાઈ પ્રોફાઈલ જુગાર ચાલી રહ્યું હોવાની માહિતી કડીના બાવલુ પોલીસને મળી હતી. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને ખાનગી વાહનોમાં જુગારના અડ્ડા પર રેડ પાડતા મોંઘી કારોનો ખડકલો જોવા મળ્યો. જુગારના અડ્ડા પર બાવલુ પોલીસે રેડ કરતા જુગારીઓમાં નાશભાગ મચી જવા પામી હતી. પોલીસે જુગાર રમતા બે વિદેશી મહિલાઓ સહિત 25 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. તેમજ 67 લાખથી પણ વધુના રોકડ રકમ સાથે મુદ્દામાલ જપ્ત કરી ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યાં કસિનોમાં વાપરવામાં આવતા પ્લાસ્ટિકના કોઈન પણ પ્રાપ્ત થયા હતા.

### પોલીસે જુગારના અડ્ડા ઉપર રેડ પાડી ત્યારે જુગારીઓમાં નાસભાગ મચી



કડીના બાવલુ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ગત રાત્રિએ ગાડીમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. ત્યારે પોલીસને માહિતી મળી હતી કે, કડીના કલ્યાણપુરા રોડ ઉપર આવેલા વેકરા ગામની સીમમાં વહાણવટી ફાર્મ હાઉસમાં જુગાર ચાલી રહ્યું છે. જે જુગારનો અડ્ડો કડીની રાજ રેસિડેન્સી સોસાયટીમાં રહેતો સંજય કાંતિલાલ પટેલ બહારથી માણસો બોલાવીને ધમધમાવી રહ્યો છે. આ હકીકતના આધારે પોલીસના સ્ટાફે ખાનગી તેમજ સરકારી વાહનોમાં વેકરાની સીમમાં વહાણવટી ફાર્મ હાઉસમાં પહોંચી જુગારના અડ્ડા ઉપર રેડ પાડી હતી. પોલીસની ગાડીઓ આવતા જ જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસને રેડ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ જુગારના અડ્ડા ઉપર હાઈ પ્રોફાઈલ જુગાર ધમધમી રહ્યું છે. તેમજ ફાર્મ હાઉસમાં મોઘી દાટ i-20, ફોર્ચ્યુનર, BMW, i-10, સ્વિફ્ટ, એક્સેસ સહિત ગાડીઓનો ખડકલો પણ પોલીસના નજરે પડ્યો હતો. સાથે વિદેશી બે મહિલાઓ પણ જુગાર રમતી જોવા મળી હતી. બાવલુ પોલીસે મસમોટા હાઈ પ્રોફાઈલ જુગારના અડ્ડા ઉપર રેડ કરતા જુગારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. જ્યારે પોલીસે સ્થળ ઉપરથી મોંઘીદાટ ગાડીઓ, મોબાઈલ, કોઈન રોકડ રકમ સાથે કુલ રૂપિયા 67,64,180નો મુદ્દામાલ કબજે કરી ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## Quick Read

### ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેતા ઝોમેટોને રૂ. 8.57 કરોડની નોટિસ

અમદાવાદ | તાજેતરમાં ગુજરાત જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા ફૂડ ડિલિવરી એપ જાયન્ટ ઝોમેટોને રૂ. 8.57 કરોડનો દંડ ફટકરાવામાં આવ્યો છે. વર્ષ 2018-19ના એસેસમેન્ટને લઈને સ્ટેટ જીએસટી ડિપાર્ટમેન્ટ દ્વારા રૂ. 4.11 કરોડની માંગણી કરવામાં આવી છે. જેમાં વ્યાજ અને દંડ સાથે કુલ રૂ.8.57 કરોડની નોટીસ પાઠવીને દંડ ફટકાર્યો છે. સ્ટેટ જીએસટી ડિપાર્ટમેન્ટ ઝોમેટોને 2018-19ના વર્ષના એસેસમેન્ટ નોટીસ પાઠવી રૂ.8.50 કરોડ દંડ સાથે ભરવા તાકીદ કરી છે. ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલા ઓર્ડર મુજબ ઝોમેટો દ્વારા નહી મળવા પાત્ર ઈનપુટ ટેક્સ ક્રેડિટ ખોટી રીતે લેવામાં આવી છે. આઈટીસી વધારે લેવામાં આવી હોવાથી ડિપાર્ટમેન્ટે તેની ઉપર વ્યાજ અને દંડ સાથે 8.50 કરોડની ડિમાન્ડ નોટીસ પાઠવી છે. આ અંગેની માહિતી સ્ટોક એક્સચેન્જના પોર્ટલ ઉપર ઝોમેટોએ આપતા જણાવ્યું છે કે, ઝોમેટોએ જીએસટી ડિપાર્ટમેન્ટને જવાબો અને પરિપત્રો રજૂ કર્યા છે. છતાં ડિપાર્ટમેન્ટે અમારી માન્યતા મંજૂર કરી નથી. વધારામાં કંપનીને રૂ. 402 કરોડની નોટિસો દેશના જુદા જુદા શહેરમાંથી આપવામાં આવી છે.

### મહિલા ડોક્ટરના આત્મહત્યા કેસમાં દુષ્પ્રેરણાની ફરિયાદના પાંચ દિવસેય PI ખાચરનો પત્તો નહીં

અમદાવાદ | ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખાના પીઆઈ બી.કે.ખાચરે બ્રેકઅપ કરી લેતાં ડોક્ટર વૈશાલી જોશીએ આત્મહત્યા કરી લીધી હોવાની ઘટનામાં પીઆઈ ખાચર સામે પોલીસે દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યો છે. જો કે ગુનો નોંધાયાના 5 દિવસ પછી પણ હજુ સુધી પીઆઈ ખાચરનો કોઈ પત્તો લાગ્યો નથી. ખાચરની ભાળ મેળવવા પોલીસે પત્ની, માતા, પિતા, કાકા, કાકી અને ભાઈની પૂછપરછ કરીને નિવેદન લીધા હતા. ફરિયાદ દાખલ કર્યા બાદ વૈશાલી જોશીની માતા લીલાબહેનું ફરી નિવેદન લીધું હતું. બીજી તરફ પીઆઈ ખાચરે સેશન કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે, જેના પર બુધવારે સુનાવણી યોજવામાં આવશે. પી.આઈ.બી.કે.ખાચર અને ડોક્ટર વૈશાલી જોશી વચ્ચે 5 વર્ષથી પ્રેમસંબંધ હતો. પરંતુ ખાચરે 6 મહિના પહેલાં વૈશાલી જોશી સાથે બોલવાનું, તેને મળવાનું તેમજ ફોન - મેસેજ કરવાનું બંધ કરી દીધુ હતું. ત્યારથી વૈશાલી ડિપ્રેશનમાં આવી ગઈ હતી.

### ઘાટલોડિયા પોલીસ સ્ટેશનની સામેના ફ્લેટમાં ચાલતો દારૂનો ધંધો પકડાયો

અમદાવાદ | ઘાટલોડિયા પોલીસ સ્ટેશનની બરાબર સામે જ આવેલા મારુતિ એપાર્ટમેન્ટમાં ચાલતો દારૂનો કારોબાર પીસીબીએ પકડી પાડ્યો છે. પોલીસે ફ્લેટમાં દરોડો પાડીને દારૂની 58 બોટલ પકડી પાડી હતી. જ્યારે બુટેલગરના એક્ટિવાની ડેકીમાંથી પણ દારૂની પાંચ બોટલ મળીને કુલ 63 બોટલ મળી આવી હતી. પોલીસે દારૂની બોટલ, એક્ટિવા, મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ રૂ. 1.52 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઘાટલોડિયા પોલીસ સ્ટેશનની સામે આવેલા મારુતિ એપાર્ટમેન્ટમાં રહેતો નરેશ મણિલાલ ચૌધરી (ઉં. 31) વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની બાતમીના આધારે પીસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. પીસીબીએ દરોડા દરમિયાન મકાનના એક રૂમમાં થેલામાંથી દારૂની 58 બોટલ સાથે નરેશ ચૌધરીની ધરપકડ કરી હતી. જ્યારે પોલીસે તપાસ કરતા એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પાર્ક કરેલા નરેશના એક્ટિવાની ડેકીમાંથી પણ દારૂની પાંચ બોટલ મળી આવી હતી.

# રાજયમાં O નેગેટિવ બ્લડની સર્જાઈ અછત

### તબીબો મૂકાયાં ચિંતામાં

### O નેગેટિવ બ્લડ ધરાવતા ડોનરોને રકતદાન કરવા આહ્વાન

અમદાવાદ | તા.20

O નેગેટિવ બ્લડ ગ્રુપ એ ખૂબ જ દુર્લભ બ્લડ ગ્રુપ છે. આવી સ્થિતિમાં, O નેગેટિવ બ્લડ ગ્રુપ ધરાવતા લોકોએ રક્તદાન કરવું જ જોઈએ અને એવા જરૂરિયાતમંદ લોકોને રક્તદાન કરવું જોઈએ, જેઓ આ રક્તના અભાવે મૃત્યુ પામી શકે છે. એક રિપોર્ટ અનુસાર, અમેરિકાની માત્ર 7% વસ્તી આ દુર્લભ બ્લડ ગ્રુપની છે. ચાલો જાણીએ કે શું O નેગેટિવ બ્લડ ગ્રુપ સૌથી રેર બ્લડ ગ્રુપ છે.દરેક બ્લડ બેન્કમાં રોજના 5 થી 7 દર્દીઓ O નેગેટિવ બ્લડ માટે આવે છે. સગર્ભા મહિલાઓ અને નવજાત શિશુઓને વધુ પડી રહી છે O નેગેટિવ બ્લડની જરૂર.



O નેગેટિવ રેર બ્લડ ગ્રુપ

**O નેગેટિવ બ્લડ એ ખૂબ જ મહત્વપૂર્ણ બ્લડ ગ્રુપ છે, કારણ કે આ બ્લડ ગ્રુપ જરૂરિયાતમંદ કોઈપણ વ્યક્તિને દાન કરી શકાય છે, પછી ભલે તે કોઈ પણ હોય. જો કે હોસ્પિટલમાં આ બ્લડ ગ્રુપની ઈમરજન્સીમાં ઘણીવાર ઘટાડો જોવા મળે છે. આ ઉપરાંત, એમ્બ્યુલન્સ અને હેલિકોપ્ટર સહિતની ઈમરજન્સી સેવાઓમાં પણ દર્દીઓના જીવ બચાવવા માટે O નેગેટિવ બ્લડ ગ્રુપ હોવું આવશ્યક છે, જેથી હોસ્પિટલમાં લઈ જતી વખતે તેમને જીવંત રાખવા માટે આ લોહી ચડાવી શકાય.**

શું તમે જાણો છો કે મોટાભાગની હોસ્પિટલો અને બ્લડ સેન્ટરોમાં O નેગેટિવ બ્લડની માંગ છે? આ પ્રકારનું બ્લડ ગ્રુપ એકદમ દુર્લભ માનવામાં આવે છે. એક રિપોર્ટ અનુસાર અમેરિકાની લગભગ 7 ટકા વસ્તી O નેગેટિવ બ્લડ ગ્રુપની છે. એવું કહી શકાય કે લગભગ 15 માંથી 1 વ્યક્તિનું લોહી O નેગેટિવ હોય છે. તો શું આ દુર્લભ રક્ત જૂથ છે? 67 લોકોમાંથી માત્ર 1 વ્યક્તિનું બ્લડ ગ્રુપ B નેગેટિવ છે. આ કારણોસર તે દુર્લભ બની જાય છે. જો કે, વિશ્વમાં સૌથી દુર્લભ રક્ત પ્રકાર Rh-null છે, જે એટલું દુર્લભ છે.

### વિદેશી વિદ્યાર્થીઓને માર મારવાનો કેસ

## તમામ આરોપીઓને મળ્યા શરતી જામીન

અમદાવાદ | તા.20

રવિવારની મોડી રાત્રે ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા અફઘાની અને અન્ય વિદ્યાર્થીઓ પર કેસરી ખેસ પહેરીને આવેલા કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. એક ટોળું હોસ્ટેલની પ્રિમાઈસીસમાં ઘૂસ્યું હતું અને વિદેશી વિદ્યાર્થીઓ સાથે મારામારી કરી હતી. આ સાથે જ વિદ્યાર્થીઓ પર પથ્થરમારો કરી હોસ્ટેલમાં તોડફોડ પણ કરી હતી. આ સમગ્ર ઘટનાના વીડિયો પણ સામે આવ્યા હતા. જેને લઈ પાંચની ધરપરડ કરવામાં આવી હતી. નમાઝ પઢવા બાબતે સ્થાનિક સંગઠન અને વિદેશી વિદ્યાર્થીઓ વચ્ચે થયેલા ઘર્ષણ સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ દાખલ થઈ હતી. પોલીસે આરોપીઓ ઉપર IPCની કલમ 143, 144, 147, 148, 149, 427, 323, 324 ,447 અને 452 અંતર્ગત ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં પોલીસે કુલ પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. આ 5 આરોપીઓના આજે રિમાન્ડ પૂર્ણ થતાં મેટ્રો કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જો કે પોલીસે વધુ રિમાન્ડની માગ કરી નહોતી. જ્યારે આરોપીઓ તરફે જામીન અરજી મૂકવામાં આવી હતી. બચાવપક્ષે રજૂઆત કરાઈ હતી કે FIRમાં આરોપીઓનું નામ નથી, ફરિયાદ ટોળા સામે થઈ છે. આરોપીઓએ પોલીસને તપાસમાં સહકાર આપ્યો છે.

### અસલાલી બ્રિજ ઉતરતી વખતે અકસ્માત

## રોડ પાસે ઊભેલા ટ્રકની પાછળ ટેમ્પો અથડાયો, ડ્રાઈવરનું મોત

અમદાવાદ | તા.20

બારેજાથી અસલાલી તરફ જતા બ્રિજના છેડે એક આઈસર ટ્રક રસ્તાની સાઈડમાં ઊભી હતી, તે સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવેલો છોટા હાથી ટેમ્પો ટ્રકની પાછળના ભાગે અથડાયો હતો. આને કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા છોટા હાથીના ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. આ મામલે અસલાલી પોલીસે મૃતક ડ્રાઈવ સામે ગુનો નોંધ્યો છે. દસ્ક્રોઈના નવીનગરીમાં રહેતા 24 વર્ષીય મેહુલ ડાભી એચ. એચ. રોડવેઝમાં છોટા હાથી ટેમ્પો ચલાવે છે. બુધવારે સવારના સમયે મેહુલ ટેમ્પોમાં કુરિયરની માલસામગ્રી ભરીને બારેજાથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. બારેજાથી અસલાલી તરફ જતા બ્રિજના છેડે ટેમ્પો ઓવર સ્પીડમાં ચલાવી રહ્યા હોવાથી સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. આથી રોડની સાઈડમાં ઊભી રહેલી આઈસર ટ્રકના પાછળના ભાગે ટેમ્પો અથડાયો હતો, જેના કારણે મેહુલભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું અને અસલાલી પોલીસને ઘટનાની જાણ કરી હતી. આ મામલે પોલીસે મૃતક મેહુલકુમાર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે બ્રિજના છેડે આઈસર ટ્રક અચાનક બંધ પડી ગઈ હોવાથી ચાલકે રસ્તાની સાઈડમાં આઈસર ટ્રક ઊભી રાખી હતી. તે સમયે આઈસર ટ્રકની પાર્કિંગ લાઈટ ચાલુ રાખી હતી તથા રોડ સ્ટ્રોપર લગાવીને સિગ્નલ મૂકેલું હતું કે કેમ તે બાબતે પણ તપાસ શરૂ કરાઈ છે.




### જણસીઓની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે

## ગુજકોમાસોલ ખેડૂતો પાસેથી રૂપિયા 4,312 કરોડના ચણા, તુવેર, રાયડાની ખરીદી કરશે

અમદાવાદ | તા.20

ઉનાળુ પાકની આવકો શરુ થઈ છે અને અનેક પાકના ભાવ ઘટી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતો પાસેથી અલગ અલગ જણસીઓની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. આ વર્ષે નાફેડે તુવેર, ચણા અને રાયડાની ખરીદી શરૂ કરવાની જાહેરાત કરી છે અને ગુજરાતમાં તેની નોડલ એજન્સી તરીકે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન (ગુજકોમાસોલ) દ્વારા 18 માર્ચથી ખરીદ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે. ગુજકોમાસોલ ગુજરાતના ખેડૂતો પાસેથી રૂ. 4,312 કરોડના ચણા, તુવેર અને રાયડાની ખરીદી કરશે. ગુજકોમાસોલના ચીફ એક્ઝિક્યુટિવ દિનેશ સુથારે જણાવ્યું હતું કે, ખરીદી માટે ફેડરેશને ફેબ્રુઆરીથી ખેડૂતોનું રજિસ્ટ્રેશન કરવાનું શરુ કર્યું હતું.

આ વર્ષે રાયડામાં 82,000, ચણામાં 67,000 અને તુવેરમાં 500-700 ખેડૂતોએ નોંધણી કરાવી છે. માર્કેટના ચઢાવ ઉતાર પ્રમાણે ખેડૂતોને તેમના ખેત પેદાશોના યોગ્ય ભાવ મળી રહે તે માટે દર વર્ષે અલગ અલગ જણસીઓની ખરીદી કરવામાં આવે છે. બજાર ટેકાના ભાવ કરતા નીચે જાય તે સંભાવનાને જોતા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. માર્કેટિંગ ફેડરેશનની યાદી મુજબ આગામી 90 દિવસો માટે ગુજરાતમાં તુવેર, ચણા અને રાયડાની ખરીદી માટે રાજ્યભરમાં 437 કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે.

ગુજકોમાસોલે તુવેરની ખરીદી માટે 140, ચણાની ખરીદી માટે 187 અને રાયડાની ખરીદી માટે 110 કેન્દ્રો શરૂ કર્યા છે. ખેડૂતો પાસેથી આ વર્ષે ટેકાના ભાવે રૂ. 1,715 કરોડની 2.45 લાખ ટન તુવેર, રૂ. 1,762 કરોડના 3.24 લાખ ટન ચણા અને રૂ. 853 કરોડના1.51 લાખ ટન રાયડાની ખરીદી કરવામાં આવશે.

### વિદેશી છોકરા-છોકરીઓ સાથે રહેશે

## ગુજરાત યુનિ.ના ઈતિહાસમાં પહેલીવાર NRI હોસ્ટેલમાં પહેલા માળે ગર્લ્સ તો બીજા-ત્રીજા માળે બોયઝ રહેશે

અમદાવાદ | તા.20

ગુજરાત યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓને માર મારવાની તથા તોડફોડની ઘટના બની હતી. જેને લઈને વિદેશી વિદ્યાર્થીઓને NRI હોસ્ટેલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રથમ વખત વિદેશી વિદ્યાર્થીઓને ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલની ભેગી કરી એક જ હોસ્ટેલમાં રાખવામાં આવશે. જો કે, હોસ્ટેલમાં નીચેનો માળ ખાલી રાખવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં જ NRI હોસ્ટેલ આવેલી છે. NRI હોસ્ટેલ ચાર માળની છે. હોસ્ટેલમાં 92 રૂમ તમામ સુવિધાઓથી સજ્જ છે. હોસ્ટેલમાં નીચેના માળે 12 રૂમ છે. જ્યારે ચાર માળમાં 20-20 રૂમ છે. એક રૂમમાં ચાર વિદ્યાર્થીઓ રહી શકે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. આજે જ્યારે તમામ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં ખસેડવામાં આવ્યા છે. ત્યારે હોસ્ટેલ માટેની નવી ગાઈડલાઈન પણ જાહેર કરવામાં આવી છે.



**પહેલા માળે વિદ્યાર્થિનીઓ અને બીજા-ત્રીજા માળે વિદ્યાર્થીઓ**

NRI હોસ્ટેલમાં ગ્રાઉન્ડ ફ્લોર પર 12 રૂમ ખાલી રાખવામાં આવશે. જ્યાં ક્યારેક વિદ્યાર્થીઓના વાલી કે પરિચિત આવે તો તેમને પરવાનગી સાથે રાખી શકાશે. હોસ્ટેલમાં પ્રથમ માળે આવેલા 20 રૂમમાં વિદેશી વિદ્યાર્થિનીઓ રહેશે. હોસ્ટેલમાં બીજા અને ત્રીજા માળે વિદેશી વિદ્યાર્થીઓ રહેશે.

### ધર્મનગર-જેલ રોડ સ્ટેશન કનેક્ટ કરાશે

## સાબરમતી સ્ટેશન પર નવાં 10 પ્લેટફોર્મ બનશે, 44ને બદલે 80 ટ્રેન ઊભી રહેશે

અમદાવાદ | તા.20

સાબરમતી રેલવે સ્ટેશનનું 301 કરોડના ખર્ચે રિડેવલપમેન્ટનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કામગીરી ઓગસ્ટ 2025 સુધીમાં પૂરી થઈ જશે. સાબરમતીના બંને સ્ટેશન જેલ રોડ અને ધર્મનગર સ્ટેશન એકબીજા સાથે પાથવે તેમજ ટ્રાવેલેટર સાથે જોડાઈ જશે. 120 મીટર લાંબો અને 36 મીટર પહોળો કોન્કોર્સ એરિયા બનાવાશે. સાબરમતી ધર્મનગર તરફ 7 પ્લેટફોર્મ તેમજ જેલ રોડ તરફ 3 પ્લેટફોર્મ તૈયાર થઈ જતાં ટ્રેનોની સંખ્યા ડબલ થઈ જશે. હાલમાં ધર્મનગર સ્ટેશનથી 33 ટ્રેન પસાર થાય છે અને ત્યાંથી 7 ટ્રેન ઓપરેટ થાય છે. જેલ રોડ સ્ટેશનથી 11 ટ્રેન પસાર થાય છે અને 3 ટ્રેન ઓપરેટ થાય છે. સાબરમતી સ્ટેશન બુલેટ ટ્રેનના મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ, મેટ્રો સ્ટેશન તેમજ બીઆરટીએસ સ્ટેન્ડ સાથે 10 મીટરની ઉંચાઈએ એકબીજા સાથે જોડવામાં આવશે. સીપીઆરઓ સુમિત ઠાકુર અને આ પ્રોજેક્ટના ડેપ્યુટી ચીફ પ્રોજેક્ટ મેનેજર અનંત કુમારે જણાવ્યું કે, સ્ટેશનની ડિઝાઈનમાં મહાત્મા ગાંધીની છબી અને તેમની સાથે સંકળાયેલ વસ્તુઓ પ્રતીકાત્મક સ્મૃતિ તરીકે મુકાશે.

